મહાકવિ ક્ષેમેન્દ્રરચિત

चारुचर्या

[સટિપ્પણ સમશ્લોકી અનુવાદસહિત]

લેખન - સંશોધન : જાગૃતિ પંડ્યા

સંપાદન : સંગીતા દેસાઈ

Cārucaryā

Published by : Navbharat Sahitya Mandir
Mumbai - 2 & Ahmedabad-1
E-mail : nsmmum1@gmail.com

© Dr. Jagruti Pandya

લેખન-સંશોધન : જાગૃતિ પંડ્યા
સંપાદન : સંગીતા દેસાઈ

પ્રથમ આવૃત્તિ : એપ્રિલ, ૨૦૨૫
મૂલ્ય : સદાચરણ

પ્રકાશક : અશોકભાઈ ધનજીભાઈ શાહ
નવભારત સાહિત્ય મંદિર
૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, શામળદાસ ગાંધીમાર્ગ,
મુંબઈ - ૪૦૦ ૦૦૨

અશોક પ્રકાશન મંદિર
રતનપોળ નાકા સામે, ગાંધીરોડ,
અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૦૭૯-૨૨૧૪૦૭૩૦ / ૦૭૯-૨૨૧૪૦૭૩૧

મુદ્રક : જયંત પ્રિન્ટરી, એલએલપી
મુંબઈ - ૪૦૦ ૦૦૨

મુદ્રાંકન : શરદ દવે

શ્રદ્ધાસુમન સમર્પિત છે -
જીવનપથને અજવાળતી દીવાદાંડીરૂપ
પંચતારકોને.....

શ્રી વીરબાળાબહેન પંડ્યા
શ્રી સુંદરલાલ જી. પંડ્યા
શ્રી ઈન્દુકલાબહેન ઝવેરી
શ્રી જે. બી. મહેતા
અને
શ્રી પ્રદીપકુમાર દેસાઈ

..... પ્રણામાંજલિપૂર્વક

સંપાદકીય

કાશ્મીરની ભૂમિ પર જન્મેલા કવિ આચાર્ય ક્ષેમેન્દ્રરચિત ગ્રન્થ **ચારુચર્યા** એ જીવનમાં ઉપયોગી એવા નીતિબોધથી ભરેલ ૧૦૦ શ્લોકોમાં રચાયેલો ગ્રન્થ છે. શિષ્ટ આચરણને લગતાં જે વચનો અહીં પ્રાપ્ત થાય છે તેની સાથે તદનુરૂપ વિવિધ દૃષ્ટાન્તો પણ સાંકળી લીધાં છે, જેથી તે બોધવચન સુગમતાથી ગ્રાહ્ય બને અને પાઠકનો રસ પણ જળવાઈ રહે. અહીં અંગત વૈયક્તિક જીવન તથા સામાજિક જીવનમાં આપણો વ્યવહાર કેવો હોવો જોઈએ ને શા માટે ?, તે અંગેની વિવિધ બાબતો ઉપસાવીને કવિએ જીવનઘડતર ને સમાજઘડતરને માટે ઉત્તમ દિશાસૂચનરૂપ ગ્રન્થ આપ્યો છે. તેમણે આપેલ દૃષ્ટાન્તો ને બોધવચનો થકી સ્પષ્ટ જણાય છે કે, તેઓ મહાજ્ઞાની, પંડિત ને પ્રતિભાશાળી સર્જક હતા ને તેમણે આપેલ આ ગ્રન્થ સરળ ને સુબોધ આચારસંહિતારૂપ બની રહેલ છે. તેમાં પ્રથમ પંક્તિમાં સદાચરણનો ઉપદેશ તથા દ્વિતીય પંક્તિમાં તે અંગેનું દૃષ્ટાન્ત આપેલ છે તેથી તે સરળ હોવાની સાથે જ રસપ્રદ પણ બની રહે છે માનવમાત્ર જો પોતાના આચરણ અંગે સજગતા દાખવે ને પોતાનું જીવન સર્વથા સદાચારમય રાખે તો તે દ્વારા વ્યક્તિગત ચારિત્ર્યઘડતર અને એ જ રીતે સામાજિક ચારિત્ર્યનિર્માણ પણ શક્ય બને.

મનુષ્યજીવનમાં તેનું જીવનઘડતર કરનાર તેનાં માતાપિતા અને તેના ગુરુજનોનું મહત્ત્વપૂર્ણ યોગદાન હોય છે. તેઓ તેમના સ્વયંના જીવન થકી ને વ્યવહાર વડે જીવનના આચાર-વ્યવહારનો બોધ કરે છે ને સાથે જ અવારનવાર સમયેસમયે યથોચિત દિશાસૂચન કરતા રહી ઉત્તમ માર્ગદર્શન પૂરું પાડે છે. જીવનમાં દીવાદાંડીરૂપ બની રહેતા આ વડીલો પ્રતિ કૃતજ્ઞતા દાખવવી ને તેમણે ચીંધેલ માર્ગ પર ચાલવું તે આપણું પરમ કર્તવ્ય છે.

વળી, જીવનપથ પર ડગ માંડતા માનવીને તેના જીવનસાથી-હમસફરનો પણ ઉત્તમ સહકાર ને પરસ્પરનો સહજ સ્વીકાર જો પ્રાપ્ત થાય તો જીવન સાચા અર્થમાં જીવવાયોગ્ય બની રહે છે.

પરમકૃપાળુ પરમેશ્વરની અનહદ કૃપાના પરિપાકરૂપે ઉપલબ્ધ મારાં માતા-પિતા પૂજ્ય શ્રીમતી વીરબાળાબહેન પંડ્યા ને પૂજ્ય શ્રી સુંદરલાલ પંડ્યા, મારા ગુરુજનો - પૂજયશ્રી ઈન્દુકલાબહેન ઝવેરી ને પૂજ્યશ્રી બાપાજી (જસ્ટીસ શ્રી જે. બી. મહેતા) તથા મારા જીવનસહચર શ્રી પ્રદીપ દેસાઈ અંગે હું એટલું જણાવીશ કે મારા સદ્‌ભાગ્યે મને આ પંચતારકો પાસેથી જે જીવનપાથેય સાંપડ્યું છે ને જે જીવનમર્મ ઉજાગર થયો છે તે માટે હું સદૈવ તેમની ઋણી રહીશ. આથી જ આ સંપાદન તેમને સમર્પિત કરતાં હું ધન્યતા અનુભવું છું ને તે માટે પોતાનું લેખનકાર્ય સમર્પિત કરતી મારી બહેન જાગૃતિ પંડ્યા પ્રતિ પણ આભારની લાગણી વ્યક્ત કરું છું.

આ પ્રસંગે એક અંગત વાત નોંધવાની તક લઉં છું. શ્રી પ્રદીપ ડિમેન્શિયા - માનસિક રોગથી પીડાતા હતા. એક વાર જ્યારે બહેન જાગૃતિએ તેમને 'આવજો' કહી વિદાય લીધી તો તેઓ અચાનક જ બોલી ઊઠ્યા - 'કશું આપ્યું તો નહીં.' ત્યારે તો બહેન કશો જવાબ આપી શકી નહીં; પરંતુ આજે, હવે, તેના લેખન -સંશોધનને આ રીતે અર્પણ કરી સ્વયં ધન્યતા દાખવી અમને સૌને ય ધન્ય કર્યા છે, તો અહીં તેની સાભાર નોંધ લઈ આનંદ વ્યક્ત કરું છું.

આ પ્રકાશનમાં જેમનો પણ પ્રત્યક્ષ કે પરોક્ષ સહયોગ સાંપડ્યો છે તે સૌ પ્રતિ આભાર વ્યક્ત કરું છું. વિશેષે કરીને ખૂબ જ ટૂંકાગાળામાં - કહો કે, સંકલ્પ કરતામાં જ સિદ્ધિ બની આવે તે રીતે, આ કાર્ય પાર પાડી ઈશ્વરાનુગ્રહને સહજતયા સાકાર કરવામાં નિમિત્ત બનનાર શ્રી શરદભાઈની

વિશેષ આભારી છું. સાથે જ, પ્રકાશકશ્રીનો પણ ખૂબ ખૂબ આભાર. આ કાર્ય પરમકૃપાળુ પરમાત્માના પળેપળના અંતઃસ્ફુરણાત્મક દોરીસંચાર થકી જ સુપેરે પાર પડ્યું છે તો કૃતકૃત્યતાસભર હૃદયે તેમનાં શ્રીચરણોમાં વંદન કરી વિરમું છું.

૨૧-૦૩-૨૦૨૫ સંગીતા દેસાઈ

પ્રાક્કથન

ક્ષેમેન્દ્રરચિત **ચારુચર્યા** એ માનવજીવનને સુદૃઢ ને સુચારુ બનાવવા પ્રેરતો એક અનુપમ ગ્રન્થ છે, જે બોધપ્રદ હોવાની સાથે આસ્વાદ્ય પણ બની રહે છે, તેનું કારણ છે તેમાં જે તે જીવનચર્યાનિર્દેશક બોધવચનને સમર્થિત કરતાં વિવિધ ઉદાહરણો. આ ઉદાહરણોનો આધાર રામાયણ-મહાભારતાદિ કાવ્યો તેમ જ ભાગવતાદિ પુરાણો હોવા સંભવ છે. તે દ્વારા કવિના તદ્વિષયક જ્ઞાનનો પરિચય મળી રહે છે અને સાથેસાથે જે તે બોધને ગ્રહણ કરવા માટે કે તેના આચરણ માટે જરૂરી શ્રદ્ધા ને પ્રેરણા પણ તે પૂરાં પાડે છે.

આ રીતે, **ચારુચર્યા** એ સદાચારનો બોધ કરનાર એક વિશિષ્ટ રચના છે, જેના સો શ્લોકોમાં સદાચાર અંગેનાં જે તે બોધવચન જે તે નિદર્શન સાથે નિરૂપાયાં છે.

આ કૃતિનું પ્રકાશન આ પૂર્વે અનેકશઃ થઈ ચૂક્યું છે. તેના ગુજરાતી અનુવાદ અંગે જણાવું તો સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય દ્વારા પ્રો. સુરેશ ત્રિવેદીએ કરેલ અનુવાદ સંવત ૨૦૧૭માં પ્રકાશિત થયો હતો. તેનાથી સ્વતન્ત્ર રીતે, ઈ.સ. ૧૯૮૯માં અમારા થકી પણ આ પ્રકારે ગુજરાતી અનુવાદ પ્રકાશિત કરાયો હતો.

હવે આ અનુવાદ પરિમાર્જિતરૂપે નવા કલેવરમાં પ્રસ્તુત થઈ રહ્યો છે ત્યારે, તેમાં જે તે શ્લોકમાં પ્રાપ્ત નિદર્શન અંગે યત્કિંચિત્ સ્પષ્ટીકરણ કે માહિતી આપવાનો ઉપક્રમ રાખ્યો છે, જે વાચકનાં રસ-રુચિમાં વૃદ્ધિ કરનાર નીવડશે એવી શ્રદ્ધા છે.

આ આવૃત્તિનું એક વૈશિષ્ટ્ય એ પણ છે કે, તેમાં મૂળ સંસ્કૃત પદ્યનો સમશ્લોકી અનુવાદ આપવાનો પ્રયાસ કરાયો છે. આજથી વર્ષો

પહેલાં-લગભગ ઈ.સ. ૨૦૦૦ની સાલમાં - અમારા પૂજ્ય પિતાજીએ આ અંગે જે યથાશક્ય પુરુષાર્થ કર્યો હતો, તેમાંથી જ પ્રેરણા લઈ, તેને જ મઠારીને કિંવા નૂતન ઓપ આપી અહીં રજૂઆત કરાઈ છે, તો આ પ્રસંગે હું તેમને હૃદયથી વંદન કરું છું ને આપ સૌ વિદ્વદ્જનોને પ્રાર્થું છું કે, આ પ્રયાસ 'बालानां सुखबोधाय' સમો છે. તેથી તેમાં શાસ્ત્રસંગતિ શોધવાની ચેષ્ટા કરવાનું મોકૂફ રાખી અનુગૃહીત કરશો.

જનસામાન્યને નજરસમક્ષ રાખી કરાયેલ આ નિરૂપણ થકી સમાજ સદાચારથી સમૃદ્ધ બને એ ભાવનાસહ વિરમું છું.

૧૪-૦૨-૨૦૨૫ જાગૃતિ પંડ્યા

१. श्रीलाभसुभगः सत्यासक्तः स्वर्गापवर्गदः।
जयतात्त्रिजगत्पूज्यः सदाचार इवाच्युतः।।

श्रीथी शोभे, सत्यासक्त, आपे स्वर्ग ने मोक्ष जे.
जय पामे सदाचार, त्रिलोके पूजय विष्णु-शो.

श्री-संपन्न होवाथी सौभाग्यशाळी, सत्यभामाने विशे प्रेमासक्त, स्वर्ग तथा मोक्षने आपनार तथा त्रणे लोकमां पूजय अच्युत प्रभुनी जेम श्रीसंपन्न होवाथी सौभाग्यशाळी सत्यमां निष्ठा राखनार, स्वर्ग अने मोक्षने आपनार तथा त्रणे लोकमां पूजय सदाचार जय पामे.

आ मंगल-श्लोकमां ईश्वरस्मरण साथे सदाचारनो महिमा गायो छे. विष्णुनी जेम सदाचार जय पामे तेवी मंगलकामना करतां, कवि जणावे छे के,

श्री कहेतां लक्ष्मीनी प्राप्तिथी सौभाग्यशाळी, सत्यभामाने विशे प्रेमासक्त, स्वर्ग तथा मोक्षने आपनार अने त्रणे लोकमां पूजनीय एवा अच्युत-विष्णु-नी जेम, श्रीनी प्राप्तिथी सौभाग्यशाळी, सत्यनिष्ठ, स्वर्ग अने मोक्ष आपनार अने त्रणे लोकमां पूजय एवो सदाचार जय पामे.

अहीं प्रयुक्त प्रत्येक विशेषण एकसाथे विष्णु अने सदाचार बन्नेने लागु पडे छे. श्लेषयुक्त आ विशेषणो द्वारा विष्णु साथे सदाचारनी तुलना कराई छे. आ तुलनाथी कदाच एम पण समजी शकाय के, जे ईश्वरभक्त छे ते सदाय सदाचारनुं पालन करतो ज होय अने जे सदाचारी होय ते ईश्वरभक्त पण होवानो. आथी ज सदाचारी मनुष्य पण ईश्वरनी जेम, त्रणे लोकमां पूजनीय बने छे. आथी ज कह्युं छे के, सदाचार जय पामो.

जे रीते परमात्मानी उपासना-आराधना थकी मानवी स्वर्ग अने मोक्ष पामे छे ते ज रीते सदाचार पण सदाचारीने वैकुंठ अने मोक्ष आपे छे. आम अहीं परमात्माने समान सदाचारनी वंदना अने प्रशंसा करवामां आवी छे.

२. ब्राह्मे मुहूर्ते पुरुषस्त्यजेन्निद्रामतन्द्रितः।
प्रातः प्रबुद्धं कमलमाश्रयेच्छ्रीर्गुणाश्रया ॥

બ્રાહ્મસમે ત્યજે નિદ્રા, તન્દ્રા ત્યજીને માનવી.
પ્રફુલ્લ કમલે પ્રાતઃ રહે લક્ષ્મી ગુણાશ્રિતા.

બ્રાહ્મમુહૂર્તમાં પુરુષે આળસરહિત થઈ નિદ્રા તજવી જોઈએ. ગુણોના આશ્રયે રહેનારી લક્ષ્મી સવારે ખીલેલા કમળમાં જ આશ્રય પામે.

બ્રાહ્મમુહૂર્તમાં એટલે કે વહેલી સવારે નિદ્રાનો ત્યાગ કરવો જોઈએ.

જેમ સવારમાં ખીલેલા કમળને વિશે જ લક્ષ્મી નિવાસ કરતી હોય છે તેમ વહેલા ઊઠી સ્ફૂર્તિપૂર્વક કાર્યરત થનાર મનુષ્ય જ સંપત્તિનો સ્વામી બની શકે.

કહેવાયું છે કે,

રાત્રે વહેલા જે સૂઈ વહેલા ઊઠે વીર,
બલ, બુદ્ધિ ને ધન વધે, સુખમાં રહે શરીર.

બ્રાહ્મમુહૂર્તમાં શય્યાત્યાગ કરવાથી નીરોગિતા પ્રાપ્ત થાય, ચિત્તની પ્રસન્નતા લાધે તેમ જ બુદ્ધિની નિર્મલતા ને મુખની કાન્તિમાં વૃદ્ધિ થાય, અને વળી, ઉત્સાહ અને સાહસમાં વૃત્તિ બની રહે.

३. पुण्यपूतशरीरः स्यात्सततं स्नाननिर्मलः।
तत्याज वृत्रहा स्नानात्पापं वृत्रवधार्जितम् ॥

દેહ પવિત્ર રાખવો, સદા યે શુદ્ધ સ્નાનથી.
વૃત્રવધે થયું પાપ ઈન્દ્રે તજયું તે સ્નાનથી.

હંમેશ સ્નાનથી નિર્મળ બની પવિત્ર ને શુદ્ધ શરીરવાળા થવું. ઈન્દ્રે વૃત્રના વધથી મેળવેલું પાપ (પણ) (તીર્થના) સ્નાનથી ત્યજી દીધું હતું.

સદા સ્નાનથી નિર્મળ બની શરીરે શુદ્ધ ને પવિત્ર થવું જોઈએ. સ્નાનથી શરીરશુદ્ધિ સાથે પાપમુક્તિ પણ સંભવે છે,માટે જ તો

તીર્થસ્નાનનો મહિમા ગવાયો છે.

પુરાણોમાં જણાવ્યા પ્રમાણે વૃત્રાસુરે આકાશમાં રહી જળને રોકી રાખ્યાં હતાં અને ઈન્દ્રે વજ્રથી તેનો વધ કરી જળને મુક્ત કર્યાં હતાં. આ વૃત્રવધના પાપનું નિવારણ ઈન્દ્રે પુષ્કર, પ્રયાગ, વારાણસી વગેરે તીર્થોમાં સ્નાન કરીને કર્યું હતું.

પવિત્રતા એ ચારિત્ર્યની પાયાની જરૂરિયાત છે. તેના પર ભાર મૂકતાં અહીં કહ્યું છે કે, સૌ પ્રથમ તો તનની શુદ્ધિ આવશ્યક છે કેમ કે, શરીર મલિન રાખવાથી મન પણ મેલું બને છે અને પાપકર્મ પ્રતિ ઉન્મુખ બને છે. પરંતુ સ્નાન દ્વારા શરીર શુદ્ધ રાખવાથી પુણ્યકાર્યમાં મન પરોવાતાં પવિત્ર બનાય છે. એટલું જ નહીં, કરેલાં પાપ પણ સ્નાનથી નાશ પામે છે ને પુનઃ નિર્મળ થવાય છે.

પુણ્યકર્મ કિંવા સત્કર્મમાં વૃત્તિ રાખવાથી તન-મનની પવિત્રતા જળવાય છે. તનની શુદ્ધિ મનની મલિનતાને હરે છે.

४. न कुर्वीत क्रियां कांचिदनभ्यर्च्य महेश्वरम् ।
ईशार्चनरतं श्वेतं नाभून्नेतुं यमः क्षमः।।

કામ ના કરવું કોઈ, શિવપૂજા કર્યા વિના.
ઈશ પૂજતા શ્વેતને લઈ શક્યો યમેય ના.

શંકરને પૂજ્યા વિના કોઈપણ કામ કરવું ન જોઈએ.
ઈશ્વરની પૂજામાં રત રહેનાર શ્વેત(મુનિ)ને લઈ જવાને
યમ પણ સમર્થ ના થયા.

અહીં શંકરની પૂજાનું માહાત્મ્ય દર્શાવ્યું છે. શંકરની પૂજા કર્યા વિના કોઈ કાર્ય ન કરવું તેમ કહેતા કવિ એવું જણાવવા માગે છે કે, ઈશ્વરસ્મરણ પછી જ સર્વ કાર્યનો આરંભ થાય તો સઘળું સિદ્ધ થાય છે.

પુરાણોમાં ઉલ્લેખ છે કે, શ્વેતમુનિએ શિવભક્તિ દ્વારા મૃત્યુ ઉપર પણ વિજય મેળવ્યો હતો.

અહીં એમ પણ વિચારાય કે, શિવની પૂજા એટલે પરમ કલ્યાણકારી કાર્યોમાં શ્રદ્ધા તથા નિષ્ઠા. તે પ્રકારના સદાચારથી જીવાતું

જીવન મૃત્યુ પછી પણ નષ્ટ ન થતાં યશરૂપી શરીરથી અમર રહે છે, જેને યમરાજા પણ લઈ જઈ ન શકે.

ભગવાનની ઉપાસનાનો અર્થ છે-સદાચારનું પાલન. મૃત્યુ પછી પણ યશશરીર જીવિત રહેતાં અમરત્વ પ્રાપ્ત થાય છે.

નીતિમાન ને ધાર્મિક રાજા શ્વેત પોતાની આધ્યાત્મિક શક્તિથી પ્રાતઃસ્મરણીય રાજાઓમાં સ્થાન પામ્યા હતા.

५. श्राद्धं श्रद्धान्वितं कुर्याच्छास्त्रोक्तेनैव वर्त्मना ।
भुवि पिण्डं ददौ विद्वान् भीष्मः पाणौ न शंतनोः॥

કરો શ્રાદ્ધ શ્રદ્ધા ધરી, શાસ્ત્રવિધિને આચરી.
ભીષ્મ કરે પિંડદાન ભોંપે, ન શંતનુકરે.

શાસ્ત્રમાં કહેલ વિધિ પ્રમાણે શ્રદ્ધાપૂર્વક શ્રાદ્ધ કરવું જોઈએ. (જેમ કે) વિદ્વાન (= જ્ઞાની) ભીષ્મે શંતનુના હાથમાં નહીં, પણ ભૂમિ પર પિંડદાન કર્યું.

શાસ્ત્રમાં દર્શાવેલ વિધિનું પાલન કરવું એ આપણું કર્તવ્ય છે.

શ્રાદ્ધવિધિ મૃત્યુ પામેલાઓના આત્માની શાન્તિ અર્થે કરવામાં આવે છે. શાસ્ત્રમાં જણાવાયું છે કે, શ્રાદ્ધસમયે પૂર્વજોને અપાતું પિંડદાન જમીન ઉપર મૂકવું જોઈએ.

હવે ભીષ્મ જ્યારે શ્રાદ્ધવિધિ કરતા હતા ત્યારે, પિંડદાનસમયે તેમના પિતા-શંતનુ-ના બે હાથ દેખાયા. ભીષ્મ દ્વિધામાં પડ્યા કે પિંડદાન ક્યાં કરવું - પિતાના હાથમાં કે ભૂમિ ઉપર ? પરંતુ અન્તે ભૂમિ ઉપર જ પિંડદાન કર્યું. પિતા પ્રત્યેની લાગણીથી ખોટા દોરવાયા વિના, શાસ્ત્રમાં કહેલ રીત અનુસાર જ તેમણે પિંડદાન કર્યું. ભીષ્મ પરમ જ્ઞાની હતા ને ધર્મ, નીતિ, દર્શન આદિ શાસ્ત્રોના જાણકાર હતા. તેથી તેઓ શાસ્ત્રજ્ઞાનને જ અનુસર્યા.

શાસ્ત્રનું અનુસરણ કરવા પાછળનો હેતુ એ છે કે, તેમાં સદાચાર અને સત્યના ઉપદેશનું પ્રતિપાદન કરાયું હોય છે, જે વિવેકપૂર્ણ જ્ઞાનરૂપ

પણ છે. શ્રાદ્ધ એ શ્રદ્ધાપૂર્વક નિઃસ્વાર્થપણે કરાતું કર્મ છે. તે દ્વારા મૃતાત્માને શાન્તિ પ્રદાન કરવાનો હેતુ છે તથા તેના પ્રતિની આત્મીયતા અને કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો હેતુ પણ છે.

६. नोत्तरस्यां प्रतीच्यां वा कुर्वीत शयने शिरः।
शय्याविपर्ययाद्गर्भो दितेः शक्रेण पातितः॥

શયને શિર રાખો ના, ઉત્તરે-પશ્ચિમે કદી.
કર્યો શકે ગર્ભપાત દિતિ-શય્યા - પલટથી.

શયનમાં (= સૂતી વખતે) ઉત્તરમાં કે પશ્ચિમમાં માથું ન રાખવું જોઈએ. શય્યાની ઊલટફેરને લીધે જ દિતિના ગર્ભનો ઈન્દ્રે નાશ કર્યો.

ઉત્તરે કે પશ્ચિમે માથું રાખી સૂવું ન જોઈએ, કેમ કે, તેમ કરવાથી હાનિ થાય છે. આનું કારણ એ હોઈ શકે કે, ઉત્તર-પશ્ચિમ ધ્રુવોમાંથી ઊઠતી લહરો મનુષ્યના બ્રહ્મરન્ધ્રમાં પ્રવેશી શરીર, મન અને બુદ્ધિને દૂષિત કરે છે, વિવેકશક્તિ પણ તેનાથી નષ્ટ થાય છે ને સ્વાસ્થ્ય ઉપર પણ અસર થાય છે તેથી સફળતામાં વિક્ષેપ સંભવે છે.

દક્ષ પ્રજાપતિની કન્યા દિતિ કશ્યપ ઋષિની પત્ની હતી. તેણે પોતાના પતિ પાસેથી ઈન્દ્રને મારનાર અમર પુત્રને પામવાનું વરદાન મેળવ્યું હતું ને તે માટે તે પતિના કહેવા મુજબ વ્રત-નિયમનું પાલન કરતી હતી. પરંતુ એકવાર તેમાં ચૂક થઈ જતાં, ઈન્દ્રે તકનો લાભ લઈ દિતિના ગર્ભમાં પ્રવેશ કર્યો અને તે ગર્ભના ટુકડા કરી નાખ્યા હતા. જો કે, તે ગર્ભનો સંપૂર્ણ નાશ તો થઈ શક્યો ન હતો, છતાં ઈન્દ્રના શત્રુરૂપ પુત્રની પ્રાપ્તિ તો થઈ નહીં, તેથી કર્મહાનિ ગણાય.

७. अर्थिभुक्तावशिष्टं यत्तदश्नीयान्महाशयः।
श्वेतोऽर्थिरहितं भुक्त्वा निजमांसाशनोऽभवत् ॥

યાચકે રાખ્યું જે શેષ, તે ખાવું સદા મા'જને,
અર્થી વિના ખાઈ શ્વેત ખાતો થ્યો નિજમાંસને.

ઉદાર મનવાળાએ, અતિથિએ (= યાચકે) ખાતાં જે
વધ્યું હોય તે જ ખાવું જોઈએ. અતિથિ(ને આપ્યા)
વિના ખાઈને શ્વેત (નામે રાજા) પોતાના જ માંસને
ખાનાર થયો.

યાચકને કે અભ્યાગતને આપ્યા પછી પોતે ભોજન કરવું જોઈએ. અન્નદાન એ મહાદાન છે. અહીં તેનો મહિમા ગવાયો છે.

આ માટે કવિ પ્રત્યુદાહરણ આપી, અન્નદાન ન કરવાથી શું થાય તે જણાવે છે.

સુદેવ રાજાનો પુત્ર શ્વેતરાજા માંસભક્ષી થયો હતો. તે ખૂબ પાપી હતો. પરંતુ પાછલી વયે તેણે કઠોર તપશ્ચર્યા કરી પણ તેણે અન્નદાનનું પુણ્યકર્મ કર્યું ન હતું. તેથી તેને સ્વર્ગપ્રાપ્તિ થઈ હોવા છતાં, ભૂખ-તરસથી તે પીડાતો રહ્યો હતો. એટલે સુધી કે, તે પોતાનું જ માંસ ખાવા લાગ્યો. અન્તે બ્રહ્માએ પુનઃ પૃથ્વી પર જઈ અગસ્ત્ય ઋષિના દર્શન થકી મુક્તિ પામવા આજ્ઞા કરી. તે રીતે તે પીડામુક્ત થયો હતો.

અહીં કવિ આતિથ્યધર્મના પાલન પ્રતિ પ્રેરી રહ્યા હોવાનું જણાય છે.

સૌનું સુખ, સૌનું કલ્યાણ, સૌ પ્રત્યે શુભભાવ ને સહાનુભૂતિ એ કરવાયોગ્ય ઉત્તમ આચરણ છે - માનવધર્મ છે.

૮. जपहोमार्चनं कुर्यात्सुधौतचरणः शुचिः।
पादशौचविहीनं हि प्रविवेश नले कलिः ॥

હોમ-પૂજા-જપ કરો, પગ ધોઈ ચોખ્ખા કરી.
પાદશુદ્ધિ વિનાના એ નલમાં પેઠો'તો કલિ.

સારી રીતે (હાથ) પગ ધોઈ, પવિત્ર બની જપ, હોમ,
પૂજા (વગેરે) કરવાં જોઈએ. પગની શુદ્ધિથી
રહિત નલમાં કલિ પ્રવેશ્યો હતો.

જપ-હોમ વગેરે કરતાં પહેલાં હાથ-પગ ધોવા જોઈએ.જળ એ સર્વસુલભ સાધન છે. તે દ્વારા શુદ્ધ ને પવિત્ર થવું જોઈએ.

ધર્મશાસ્ત્રમાં સ્નાન, પાદપ્રક્ષાલન અને આચમનનું પ્રાધાન્ય દર્શાવવામાં આવ્યું છે. સ્વચ્છતાને લીધે શરીર સાથે મન પણ સ્વચ્છ ને શુદ્ધ રહે છે.

નલરાજા તે પ્રકારનું આચરણ ચૂકે છે ત્યારે કલિ તેમના શરીરમાં પ્રવેશે છે.

કલિયુગ એટલે જ અનાચાર અને તેનો અશુદ્ધિને વિશે પ્રભાવ જોવા મળે છે.

મહાભારતમાં પ્રાપ્ત થતી વિગત અનુસાર, એકવાર દેવો દ્વારા નલની સ્તુતિ કરાતાં, કલિ તે સહી ન શક્યો અને તે દ્વાપર સાથે મળી નલને રાજયભ્રષ્ટ કરવા તત્પર બન્યો. જો કે, નલરાજા ખૂબ સંયમી, ધર્મશીલ ને નીતિવિદ્ હતા, છતાં એકવાર તેમણે પાદપ્રક્ષાલન કર્યા વિના જ સંધ્યોપાસના આરંભી, ત્યારે કલિને તેમના શરીરમાં પ્રવેશવાની તક મળી અને પછી તો કલિના પ્રવેશ સાથે જ નલને દ્યૂત રમવાની ઈચ્છા થઈ ને તે તેને પતનને માર્ગે લઈ ગઈ.

સદાચારનું પાલન કલિયુગના પ્રભાવથી બચાવે છે એ બોધ અહીં અભિપ્રેત છે.

૯. न संचरणशीलः स्यान्निशि निःशङ्कमानसः ।
माण्डव्यः शूललीनोऽभूदचौरश्चौरशङ्कया ॥

રાત્રે ના ફરવું કદી, નિરાંતવા મનના થૈ.
માંડવ્ય પામ્યા જે શૂળી વિના ચોર્યે શંકા થકી.

રાત્રે નિરાંતવા જીવે ફરવાની ટેવ રાખવી નહીં.
માંડવ્ય ચોર ન હોવા છતાં, ચોર હોવાની શંકામાત્રથી
શૂળીએ ચઢ્યા.

પ્રયોજન વિના, અસાવધાનીપૂર્વક રાત્રે વિચરણ કરવું જોઈએ નહીં.

સ્કન્દપુરાણમાં જણાવ્યા મુજબ યાત્રા કરતાં કરતાં, માંડવ્ય ઋષિ જ્યારે વિશ્વામિત્ર તીર્થ પાસે આવ્યા ત્યારે ત્યાં તેમણે કેટલુંક દ્રવ્ય પડેલું જોયું. તે દ્રવ્ય ચોર લોકો ત્યાં રાખીને ભાગી ગયા હતા. પછી ચોરને શોધતા

રાજસેવકોએ ઋષિને જ ચોર સમજી તેમને શૂળીએ ચડાવ્યા હતા.આમ માંડવ્ય ઋષિ ચોર ન હોવા છતાં, શંકામાત્રથી જ શૂળીએ ચઢ્યા.

માંડવ્યે બાળપણમાં રમતરમતમાં પતંગિયાને શૂળ ઘોંચેલી તે કાર્યની સજારૂપે તેમને નિર્દોષ હોવા છતાં શૂળી પર ચડવું પડ્યું હતું.

અહીં પ્રતીત થાય છે કે, રાત્રે વિના પ્રયોજન ફરવું અને તે પણ અસાવધતયા, તે શિષ્ટાચારનો ભંગ લેખાય.

૧૦. न कुर्यात्परदारेच्छां विश्वासं स्त्रीषु वर्जयेत् ।
हतो दशास्यः सीतार्थे हतः पत्न्या विदूरथः ॥

પરસ્ત્રી ચાહવી નહીં, ને સ્ત્રી-ભરોસો છાંડવો.
રાવણ સીતાર્થે મર્યો ને વિદૂરથ પત્નીથી.

પારકાની સ્ત્રીની ઈચ્છા ન કરવી જોઈએ તથા સ્ત્રીઓમાં વિશ્વાસ પણ રાખવો જોઈએ નહીં. રાવણ સીતાને કારણે મરાયો તથા વિદૂરથ પત્ની વડે હણાયો.

પારકી સ્ત્રી ઉપર કુદૃષ્ટિ કરવી એ પાપ છે, દુરાચાર છે. તે માટેની ઈચ્છા કરવી ન જોઈએ.

સીતા ઉપર કુદૃષ્ટિ કરનાર રાવણનો વિનાશ થયો હતો. રાવણ અત્યન્ત પ્રતાપી, વીર યોદ્ધો હતો; વિદ્વાન તેમ જ ઐશ્વર્યસંપન્ન હતો છતાં રામપત્ની સીતાને ઈચ્છી, દુરાચારી બનતાં નાશ પામ્યો.

સદાચાર કે માનવધર્મથી વિરુદ્ધ કરાતું આચરણ સર્વનાશ નોંતરે છે. સ્ત્રીઓને માનસંમાન આપવું તે સદ્‌વ્યવહારનું લક્ષણ છે. પરંતુ સાથે જ, સ્ત્રી પ્રતિ અતિવિશ્વસ્ત ન થવું તે પણ જરૂરી છે. સામાન્ય નારી, જે શિક્ષણ કે સભ્યતારહિત છે, અને સદાચારથી વિમુખ છે તેવી સ્ત્રીઓનો વિશ્વાસ ન કરવો જોઈએ. તેનાથી પણ વિનાશ થઈ શકે.

વિદૂરથ નામે અનેક વ્યક્તિઓ થઈ ગઈ છે પરંતુ પત્નીને લીધે તેના નાશ અંગેની વિગત ક્યાંય નિર્દિષ્ટ જણાઈ નથી.

११. न मद्यव्यसनी क्षीबः कुर्याद्वेतालचेष्टितम् ।
वृष्णयो हि ययुः क्षीबास्तृणप्रहरणः क्षयम् ॥

મદ્યની લત રાખો ના, વર્તો ના વેતાલસમ.
થઈ મત્ત વૃષ્ણિઓ જે થયા નષ્ટ તૃણાસ્ત્રથી.

મદ્યના વ્યસની ન થવું તથા મત્ત થઈ વેતાલની જેમ વર્તવું નહીં. મત્ત વૃષ્ણિઓ તૃણરૂપી શસ્ત્રવાળા (થઈ, તેના થકી) નાશ પામ્યા.

વ્યસન કદી કરવું ન જોઈએ, કેમ કે, તેનાથી શક્તિનો નાશ થાય છે. વિચારશક્તિ, વિવેકશક્તિ, શારીરિક શક્તિનો હ્રાસ થાય છે. સદાચારથી વિમુખ થતાં જ લક્ષ્યહીન બનાય છે, જેથી અમાનવીય આચરણ થાય છે.

વૃષ્ણિવંશ અતુલ સંપત્તિ, અજેય શક્તિ ને રાજ્યસત્તાના સ્વામી હોવા છતાં, તેમણે મદ્યપાન કરી નાશ નોંતર્યો હતો. તે અંગેની કથા એવી છે કે, એક વાર દ્વારિકામાં જ્યારે દુર્વાસા મુનિ પધાર્યા ત્યારે મદાંધ વૃષ્ણિવંશજોએ મશ્કરીમાં કૃષ્ણકુમાર સાંબને ગર્ભવતી સ્ત્રીના વેશમાં રજૂ કરી પૂછ્યું કે તેને પુત્ર અવતરશે કે પુત્રી ? ઋષિ તો ત્રિકાળજ્ઞાની હોઈ તેમણે તેને શાપ આપ્યો કે તેનાથી તમારા સર્વનો નાશ કરનાર મૂસળ ઉત્પન્ન થશે. પોતાની શક્તિ પર મુસ્તાક વૃષ્ણિઓએ, શાપ સત્ય થતાં ઉત્પન્ન થયેલ મૂસળના ટુકડે ટુકડા કરી તેની ભસ્મ સમુદ્રમાં પધરાવી નિશ્ચિંત બન્યા. તેમાંથી વખત જતાં તીક્ષ્ણ ઘાસ જેવી વનસ્પતિ ઊગી નીકળી. પછી જ્યારે સમુદ્રકિનારે પર્વસ્નાનનિમિત્તે વૃષ્ણિઓ એકઠા થયા ત્યારે મદાંધ બની છેડછાડ કરતાં તેઓ પાણી ને કાદવ ઉછાળવા લાગ્યા, જેમાં પેલું ઘાસ પણ ઉખાડી પરસ્પર મારવા માંડ્યા અને એ રીતે તેઓ પરસ્પર યુદ્ધ કરી નાશ પામ્યા.

સામાન્યતયા ધન, પદ, પ્રતિષ્ઠા કે શક્તિસંપન્ન થતાં જ વ્યક્તિ મદથી છકી જઈ મનમાની કરવા પ્રેરાય છે; નીતિ કે સદાચાર ભૂલે છે ને વ્યસનને માર્ગે જઈ નાશને નોંતરે છે.આથી જ મદ્યપાન ન કરવા કે મદોન્મત્ત એટલે કે અહંકારી ન થવાની સલાહ કવિ આપે છે.

१२. ईर्ष्या कलहमूलं स्यात्क्षमा मूलं हि संपदाम् ।
ईर्ष्यादोषाद्विप्रशापमवाप जनमेजयः ।।

ઈર્ષ્યા છે કલેશનું મૂળ, સંપદા-મૂલ છે ક્ષમા.
ઈર્ષ્યાદોષે પામ્યો શાપ, જનમેજય વિપ્રનો.

ઈર્ષ્યા કલહનું મૂળ છે ને ક્ષમા સંપત્તિનું મૂળ છે.
ઈર્ષ્યાદોષને લીધે જ જનમેજય બ્રાહ્મણનો શાપ પામ્યો.

કદી ક્યારેય ઈર્ષ્યા કરવી ન જોઈએ, કેમ કે, ઈર્ષ્યાને કારણે બીજાની ઉન્નતિ, પ્રતિષ્ઠા, કીર્તિ સહન ન થતાં માનવતા વિસારી દુષ્કર્મ આચરવામાં આવે છે. તેથી જ કહ્યું છે કે, ઈર્ષ્યા કલહનું મૂળ છે તો ક્ષમા સર્વ સંપત્તિનું મૂળ છે.

કૌરવોએ ઈર્ષ્યાવશ જ રાજ્યનું શાસન પામ્યા છતાં, કલહ કરી નાશ નોંતર્યો, જ્યારે પાંડવો ક્ષમાવાન હોઈ, સાદું-સંયમી જીવન જીવી પ્રતિષ્ઠા, માન, ઐશ્વર્યને પામ્યા. પરંતુ તે જ પાંડવોનો વંશજ જનમેજય ઈર્ષ્યાના દોષથી બ્રાહ્મણનો શાપ પામ્યો હતો.

જનમેજય રાજા અત્યંત ધાર્મિક હતો. તેણે અશ્વમેધ યજ્ઞ કર્યો તેમાં વાજસનેયને બ્રહ્મા બનાવ્યા. તેથી વૈશંપાયને તેને શાપ આપ્યો ને બ્રાહ્મણોએ ક્ષત્રિયોનું ઉપાધ્યાયકર્મ ત્યજી દીધું. રાજા પોતે પરાક્રમી હોઈ તથા અન્ય ક્ષત્રિયોનો સાથ હોઈ, વાજસનેયોના સહકારથી તેણે બે અશ્વમેધ યજ્ઞ કર્યા પરંતુ પછી બ્રાહ્મણોએ તેને પદચ્યુત કરી વનમાં મોકલી દીધો. આમ, બ્રાહ્મણો સાથેના કલહે તેનો નાશ કર્યો.

ઈર્ષ્યાને વશ થતાં મનુષ્ય આચાર-સદાચારથી વિમુખ બને છે, કેમ કે, ઈર્ષ્યાળુ માનવી અન્ય પ્રતિ સૌજન્ય દાખવી શકતો નથી. ઊલટાનું અન્યનાં સુખ-ઐશ્વર્ય-સંપન્નતા તેનાથી સહન થતાં નથી તેથી અનાચારને વિશે પ્રવૃત્ત થઈ નાશને નોંતરે છે.

१३. न त्यजेद्धर्ममर्यादामपि क्लेशदशां श्रितः ।
हरिश्चन्द्रो हि धर्मार्थी सेहे चण्डालदासताम् ।।

ન છાંડો ધર્મમર્યાદા, દુઃખદશા પામ્યા છતાં.
ધર્મશીલ હરિશ્ચન્દ્રે વેઠી ચાંડાલદાસતા.

દુઃખ-ક્લેશની સ્થિતિ પામીને પણ ધર્મની મર્યાદા છોડવી ન જોઈએ. ધર્મશીલ હરિશ્ચન્દ્રે ચંડાલનું દાસત્વ સહન કર્યું.

ક્લેશ એટલે કે હૃદય-મનની પીડા પામ્યા છતાં ધર્મનો ત્યાગ ન કરવો જોઈએ. ધર્મ એટલે જે લોક-પરલોક બન્ને માટે કલ્યાણકારી તથા અભ્યુદય કરનાર હોય. સદાચારથી ધર્મ જુદો નથી, કેમ કે, સદાચારના પાયા પર ધર્મ સ્થિત છે. તેથી તેનું પાલન આવશ્યક મનાયું છે. તે માટે કોઈપણ મુશ્કેલી સહન કરવાની તૈયારી હોવી જોઈએ. અધર્મ સામે ઝૂઝવું પડે- ફના થવું પડે તો પણ....

રાજા હરિશ્ચન્દ્રે સ્વપ્નને સત્ય કરવા પોતાની સઘળી સંપત્તિનું વિશ્વામિત્રને દાન કરી દીધું. વિશ્વામિત્રે પરીક્ષા કરવા માટે મોટી દક્ષિણા માગી. સઘળું દાન કરી દેનાર હરિશ્ચન્દ્ર પાસે બાકી તો કંઈ બચ્યું ન હતું તેથી થોડો સમય માગ્યો ને વારાણસી જઈ બ્રાહ્મણને પોતાની રાણી તથા કુમાર અને ચાંડાલને પોતાની જાત વેચી. વિપત્તિથી ઘેરાવા છતાં ધર્મત્યાગ ન કર્યો ને દાસત્વ સ્વીકાર્યું.

વિકટ પરિસ્થિતિમાં પણ ધર્મનું પાલન, સત્યનું આચરણ કરવાને તત્પર રહેવું એ સદાચારની પરાકાષ્ઠા અહીં જોવા મળે છે.

१४. न सत्यव्रतभङ्गेन कार्यं धीमान्प्रसाधयेत् ।
ददर्श नरकक्लेशं सत्यनाशाद्युधिष्ठिरः ।।

સત્ય-વ્રત કરી ભંગ, કાર્ય સાધે ન બુદ્ધિમાન.
સત્યનાશે યુધિષ્ઠિરે દીઠા નરકક્લેશને.

બુદ્ધિમાન મનુષ્યે સત્યના વ્રતનો ભંગ કરીને કાર્ય સાધવું ન જોઈએ. સત્યના નાશથી જ યુધિષ્ઠિરે નરકની યાતના જોઈ.

સદાય સત્યવ્રતનું પાલન કરવું જોઈએ, કેમ કે, સત્ય તો સાચો સાથી છે. તે પરલોકમાં પણ સાથે રહે છે. સત્ય દ્વારા મનુષ્ય અમર, અમૃતમય બને. મૃત્યુ બાદ મોક્ષ પામે.

ધર્મરાજ યુધિષ્ઠિર સત્યવાદી હતા. તેમના સત્યની કદર શત્રુ

દ્વારા પણ થતી છતાં તેઓ એકવાર અસત્યાચરણ કરી બેઠા. મહાબળવાન દ્રોણને પરાસ્ત કરવા તેમણે અસત્યનો સહારો લીધો. કૃષ્ણે યુક્તિપૂર્વક અશ્વત્થામાના મરણની જાણ કરી. કૃષ્ણની આ યુક્તિથી દ્રોણને સંદેહ જાગ્યો. તેમણે યુધિષ્ઠિરને પૂછ્યું તો જવાબમાં યુધિષ્ઠિરે અશ્વત્થામા હતઃ નરો વા કુઞ્જરો વા એ પ્રમાણે અર્ધસત્ય ઉચ્ચાર્યું. તેને પરિણામે તેઓને નરકયાતના જોવી પડી.

૧૫. कुर्वीत सङ्गतं सद्भिर्नासद्भिर्गुणवर्जितैः।
प्राप राघवसङ्गत्या प्राज्यं राज्यं विभीषणः॥

સંગ સજ્જનનો કરો, ના દુર્જનનો નિર્ગુણી.
પામ્યો રાઘવસંગથી, મોટું રાજ્ય વિભીષણ.

(હંમેશ) સજ્જનો સાથે સંગત-સોબત કરવી જોઈએ, ગુણવિહીન દુર્જનો સાથે નહીં. રામના સંગથી વિભીષણ સમૃદ્ધ રાજ્ય પામ્યો.

સત્સંગ એ સદાચારનું મુખ્ય અંગ છે. સત્પુરુષો સાથે ઊઠવા-બેસવાથી, વાતચીત કરવાથી, તેમના વ્યવહાર-દિનચર્યા અનુસાર જીવન જીવવાથી, પારસમણિનો સ્પર્શ થાય તેમ સત્સંગતિથી સજ્જન બનાય. દાનવ પણ દેવ બને. સમુદ્રને મળતાં, નદી પણ સમુદ્ર બની જાય.

રાવણના નાનાભાઈ વિભીષણ રાક્ષસો વચ્ચે પણ સત્સંગી જીવન જીવતા. સીતાહરણ બાદ તેમણે રાવણને ખૂબ જ સમજાવ્યો. શ્રીરામની ઉદારતા, સજ્જનતાનું ગુણગાન કરી સીતાને પાછી આપવા તથા ક્ષમા માગવા જણાવ્યું, તેથી રાવણે તેમનું અપમાન કરી કાઢી મૂક્યા. ત્યારે તેઓ રામને શરણે ગયા. શ્રીરામે વિશ્વાસપૂર્વક તેમને આવકાર આપ્યો. રામના સંગ થકી વિભીષણે લંકાનું વૈભવશાળી રાજ્ય તો મેળવ્યું જ, સાથેસાથે તેમની ગણના સજ્જન-મહાત્માઓમાં થવા લાગી. તેઓ ભગવાનસ્વરૂપ જ બની ગયા.

આથી જ કહ્યું છે કે - હમેશાં સજ્જનોનો સંગ કરવો જોઈએ, ગુણો વગરના દુર્જનોનો નહીં. સત્સંગતિ મનુષ્યમાં રહેલ દેવત્વને નિખારે છે.

તેનાં મન-બુદ્ધિ-ચૈત્યને વિશે ઉપકારભાવ-સહાયક થવાની વૃત્તિ જાગે છે, જે જીવનમાં યશ ને સફળતા પ્રાપ્ત કરાવે છે.

૧૬-૧૭. मातरं पितरं भक्त्या तोषयेन्न प्रकोपयेत् ।
मातृशापेन नागानां सर्पसत्रेऽभवत्क्षयः ॥

जराग्रहणतुष्टेन निजयौवनदः सुतः ।
कृतः कनीयान्प्रणतश्चक्रवर्ती ययातिना ॥

માવતર સંતોષવાં ભક્તિથી, ન કોપાવવાં.
માના શાપે થયો નાશ, નાગોનો સર્પસત્રમાં.

કીધો પુત્ર ચક્રવર્તી યયાતિએ સંતુષ્ટ થૈ.
નિજયૌવનદાતા જે વિનયી ને કનિષ્ઠ તે.

ભક્તિ દ્વારા માતાપિતાને સંતોષવાં જોઈએ, (પણ તેમને) કોપાવવાં નહિ. માતાના શાપથી નાગોનો સર્પસત્રમાં નાશ થયો.

(પોતાની) વૃદ્ધાવસ્થાનો સ્વીકાર કરવાથી સંતુષ્ટ થયેલા યયાતિએ, પોતાનું યૌવન આપનાર તથા વિનયી એવા નાના પુત્રને, ચક્રવર્તી બનાવ્યો.

આ યુગ્મશ્લોકોમાં માતાપિતાને ભક્તિથી સંતોષવા જણાવ્યું છે. માતાપિતાની સેવા એ સર્વોત્તમ સદાચાર છે. આજ્ઞાપાલન અને વિનમ્રતા એ જ સાચી માતૃસેવા છે કે પિતૃસેવા છે. તે દ્વારા જ રામ, ધ્રુવ, શ્રવણ, શંકરાચાર્ય કે ગાંધીજી-વગેરેની જેમ યુગપુરુષનું સન્માન પામી શકાય.

સાર એ કે, માતા - પિતા પ્રતિ પૂજ્યભાવ ને સંમાન દાખવવું, તેમની સેવા એટલે તેમની આજ્ઞામાં રહેવું એ ઉમદા સદાચાર છે. આથી અહંકારી કે અવિવેકી થઈ તેમના માનસંમાનને કદી ઠેસ ન પહોંચાડવી જોઈએ.

શ્લોકમાં સાથેસાથે કહ્યું છે કે, તેમને કદી ગુસ્સે ન કરાય. માતાપિતાનો સંતોષ કે તેમનો ગુસ્સો કેવાં પરિણામ નિપજાવે તે અંગે કવિ પહેલાં માના કોપથી નાગલોકના વિનાશનું તથા પછીથી પિતાના

સંતોષથી ચક્રવર્તી બનેલ યયાતિપુત્રનું દૃષ્ટાન્ત આપે છે.

દક્ષ પ્રજાપતિની કન્યા કદ્રૂએ પોતાના પતિ કશ્યપ પાસેથી વરદાન મેળવી પોતાને સમાન અત્યન્ત બળવાન હજાર સાપ પુત્રોરૂપે મેળવ્યા હતા. આ કદ્રૂને એક વાર તેની બહેન વિનતા સાથે ઉચ્ચૈઃશ્રવા અશ્વના રંગ વિશે શરત લાગી. વિનતાએ અશ્વને સંપૂર્ણ સફેદ કહ્યો તો કદ્રૂના મતે અશ્વ સફેદ હોવા છતાં તેનું પૂંછડું સફેદ ન હોતાં કાળું હતું. શરત મુજબ જે હારે તે અન્યની દાસી બને તેમ ઠરાવ્યું. પોતાની વાત સાચી ઠરે તે માટે કદ્રૂએ પુત્રોની મદદ માગી અને તેમને અશ્વના પૂંછડા ઉપર લપેટાઈ જવા જણાવ્યું તેથી તે કાળું જણાય. તે શરત જીતી તો ખરી, પરંતુ તેના કેટલાક પુત્રોએ તેનું કહ્યું ન માન્યું તેથી તેમને જનમેજયના સર્પસત્રમાં ભસ્મીભૂત થવાનો શાપ આપ્યો.

માતાનું કહ્યું ન કરવાથી તેનો કોપ નાશ પમાડે, તો તેમનું કહ્યું કરવાથી તેમને થતો સંતોષ પ્રાપ્તિ કરાવે.

રાજા યયાતિએ યુવાન બનવા માટે પોતાના પુત્રો પાસે યૌવનની યાચના કરી ત્યારે તેના નાના પુત્ર પુરુએ પિતાનું વૃદ્ધત્વ સ્વીકારી પોતાનું યૌવન તેમને આપ્યું હતું. આથી પ્રસન્ન થયેલ પિતાએ 'આજથી મારું સમગ્ર રાજ્ય તારું અને તારા પુત્રોનું થશે' એવું વરદાન આપ્યું. પુત્રનું આજ્ઞાપાલન, તેના ત્યાગ તથા સ્વાર્પણની તેની ભાવનાથી અત્યન્ત સંતુષ્ટ થયેલ પિતાએ તેની કદર કરી તેને પોતાના મોટા સામ્રાજ્યનો સ્વામી બનાવ્યો.

૧૮. दानं सत्त्वमितं दद्यान्न पश्चात्तापदूषितम् ।
बलिनात्मार्पितो बन्धे दानशेषस्य शुद्धये ॥

દાન દેવું સત્ત્વશીલ, પસ્તાવે ના દૂષિત જે.
શુદ્ધ્યર્થે દાન-શેષની, બંધાયો બલિ જાતથી.

સત્ત્વવાળું-સાત્ત્વિક દાન આપવું જોઈએ, પશ્ચાત્તાપથી દૂષિત થયેલ નહીં. બાકી રહેલ દાનની શુદ્ધિ માટે બલિએ પોતાની જાત બંધનમાં નાખી.

દાન કેવું હોય, કેવી રીતે કરાય તે અહીં જણાવ્યું છે. કવિ જણાવે છે તેમ, સ્વાર્થથી અલિપ્ત રહી કર્તવ્યરૂપે દાન કરવું જોઈએ. દાન આપતી વખતે મન-વચન-કર્મની પવિત્રતા જાળવવી જોઈએ. કોઈ દબાણ કે સંકોચ સાથે આપવામાં આવતું અથવા કીર્તિની કામનાથી કરાતું દાન તે સાત્ત્વિક દાન નથી. દાન આપીને પશ્ચાત્તાપ પણ કરાય નહીં.

બલિરાજા ખૂબ ધાર્મિક હતા. સ્વર્ગપ્રાપ્તિ માટે તેઓ જ્યારે યજ્ઞ કરતા હતા ત્યારે વિષ્ણુ ભગવાન વામનરૂપ ધરી ત્યાં પધાર્યા. તેમનો ઉચિત આદરસત્કાર કરી બલિએ જ્યારે દક્ષિણા આપવાની ઈચ્છા દર્શાવી ત્યારે વામનરૂપે પ્રભુએ ત્રણ પગલાં ભૂમિની માગણી કરી. તેમના કપટને પારખી જઈ ગુરુ શુક્રાચાર્યે બલિને સમજાવ્યા, છતાં પોતાના નિશ્ચયમાં અડગ રહી બલિએ દાન આપવાની તત્પરતા દાખવી. પ્રભુએ વામનરૂપ ત્યજી વિરાટરૂપ ધારણ કર્યું ને બે પગલામાં તો સમગ્ર પૃથ્વીલોક અને સ્વર્ગલોક માગી લઈ ત્રીજું પગલું ક્યાં મૂકવું એમ બલિને પૂછ્યું, ત્યારે બલિએ પોતાનું મસ્તક આગળ ધરી પોતાનું સમર્પણ કર્યું.

બલિની દાનવીરતાએ પ્રભુને પરાજિત કર્યા એમ કહી શકાય.

૧૯. त्यागे सत्त्वनिधिः कुर्यान्न प्रत्युपकृतिस्पृहाम् ।
कर्णः कुण्डलदानेऽभूत्कलुषः शक्तियाञ्चया ॥

સત્ત્વશીલે ન દાનમાં પ્રત્યુપકાર વાંછવો.
યાચી શક્તિ થયો ઝાંખો કુંડલદાને કર્ણ જે.

સત્ત્વશીલે દાનમાં (= દાન કરવામાં) સામા ઉપકારની ઈચ્છા રાખવી જોઈએ નહિ (સુવર્ણ) કુંડલનું દાન કરતાં, કર્ણ શક્તિની માગણીથી કલંકિત થયો હતો.

સાત્ત્વિક ભાવથી દાન દેવું જોઈએ તથા સામા ઉપકારની ઈચ્છા હોવી ન જોઈએ, કેમ કે, બદલાની ભાવનાથી દાનની શુદ્ધિ જોખમાય છે અને તે કુત્સિત બને છે.

જન્મથી જ પ્રાપ્ત સોનાનાં કવચકુંડળને કારણે કર્ણ અપરાજેય હતો, પરંતુ પોતાના પુત્ર અર્જુનને વિજય અપાવવાને ઈન્દ્રે કર્ણ પાસે તેના

કવચકુંડળ માગી લેવાનું વિચાર્યું. તેની તે ઈચ્છા જાણી લઈ સૂર્યે પોતાના પુત્ર કર્ણને તે અંગે સાવધ કર્યો અને તેને કવચકુંડળ ન આપવા જણાવ્યું. પરંતુ કર્ણે દીર્ઘાયુ થવા કરતાં કીર્તિને વધુ શ્રેયસ્કર માની, સૂર્યની સલાહ સ્વીકારવાની અસંમતિ દર્શાવી, ત્યારે સૂર્યે તેને તેના હિતાર્થે ઈન્દ્ર પાસે એક શક્તિ માગવા જણાવ્યું. કર્ણે તે વાત સ્વીકારી હતી. ઈન્દ્રને કવચકુંડળ દાનરૂપે પ્રાપ્ત થતાં પ્રસન્ન થઈ તેમણે કર્ણને એક અમોઘ શક્તિ આપતાં કહ્યું હતું કે જેના પર આ શક્તિ ફેંકશે તેનું તત્કાળ મૃત્યુ થશે.

દાનની સામે બદલામાં મેળવેલ આ શક્તિથી કર્ણ કલંકિત થયો હતો, કર્ણ મહાદાની હતો છતાં દાન કરી પ્રતિદાનની ઈચ્છા કરી તેણે પોતાના દાનધર્મને કલંકિત કર્યો, કહો કે, તેની સાત્ત્વિકતા તેથી નાશ પામી.

૨૦. ब्राह्मणान्नावमन्येत ब्रह्मशापो हि दुःसहः ।
तक्षकाग्नौ ब्रह्मशापात्परीक्षिदगमत्क्षयम् ॥

વિપ્રો ન અવમાનવા વિપ્રશાપ જે દુઃસહ.
વિપ્રશાપે પરીક્ષિત થ્યા નષ્ટ તક્ષકાગ્નિમાં.

બ્રાહ્મણોનું અપમાન ન કરવું જોઈએ, કેમ કે બ્રાહ્મણનો શાપ ખૂબ મુશ્કેલીથી સહી શકાય તેવો હોય છે. બ્રાહ્મણના શાપથી પરીક્ષિત (રાજા) તક્ષકના અગ્નિ (= દંશાગ્નિ)માં નાશ પામ્યા.

બ્રાહ્મણોનું અપમાન કદી કરવું ન જોઈએ. બ્રાહ્મણ એટલે અધ્યયનશીલ, દાની, ત્યાગી, શીલવાન, પવિત્ર વ્યક્તિ. તેનું અપમાન ભૂલથી પણ ન કરાય, કેમ કે, તેનો કોપ કે તેણે આપેલ શાપ અસહ્ય હોય છે.

હસ્તિનાપુરના રાજા પરીક્ષિત મૃગયા માટે નીકળ્યા હતા ત્યારે તરસથી વ્યાકુળ થઈ જળની શોધમાં શમીક ઋષિના આશ્રમમાં જઈ પહોંચ્યા ને જલ માટે પૃચ્છા કરી. ઋષિ તો ધ્યાનમગ્ન હોઈ પરીક્ષિતના પ્રશ્નનો ઉત્તર ન આપ્યો. તેથી ગુસ્સામાં રાજાએ તેમના ગળામાં મરેલો સાપ નાખ્યો. જ્યારે ઋષિપુત્ર શૃંગીને તેની જાણ થઈ તો તેણે શાપ

આપ્યો કે - જેણે આ કાર્ય કર્યું હશે તે આજથી સાતમા દિવસે સર્પદંશથી મૃત્યુ પામશે. આ શાપવચન જાણીને અનેક પ્રકારની તકેદારી ને પૂરતો પ્રબંધ કર્યા છતાં ભાગ્યવશાત્ રાજા સર્પદંશથી જ મૃત્યુ પામ્યા.

બ્રાહ્મણ કે જે શાસ્ત્રજ્ઞાન થકી સદાચારી, સંયમી ને સત્કર્મ પ્રતિ અભિમુખ હોય છે તેના વ્યવહારમાં સાત્ત્વિકતા ને પાવનતા પ્રગટતી હોય છે. આવી વ્યક્તિનો અનાદર કરવો ન જોઈએ.

૨૧. दम्भारम्भोद्धतं धर्मं नाचरेदन्तनिष्फलम् ।
ब्राह्मण्यदम्भलब्धास्त्रविद्या कर्णस्य निष्फला ॥

દંભે ધર્મ ન આચરો અન્તે થાય જે નિષ્ફલ.
બ્રહ્મત્વદંભે કર્ણની અસ્ત્રવિદ્યા થૈ નિષ્ફલા.

દંભથી આરંભેલ ભવ્ય ધર્મ (= ધર્મનો મોટો દેખાવ) આચરવો ન જોઈએ (કેમ કે) તે અન્તે નિષ્ફળ જાય છે. બ્રાહ્મણ હોવાના બહાનાથી મેળવેલી કર્ણની અસ્ત્રવિદ્યા નિષ્ફળ ગઈ હતી.

ધર્મ એટલે આ લોક ને પરલોકમાં કલ્યાણ પામવાની ઈચ્છાથી કરાતું કર્મ. આ ધર્મનું આચરણ શુદ્ધ ને નિર્મળ ભાવનાપૂર્વક કરવામાં આવે તો જ તે ફલદાયી નીવડે છે, અન્યથા નહીં. દંભથી જો ધર્મ આચરવામાં આવે તો તે કદી સફળ ન થાય.

કર્ણ બ્રહ્માસ્ત્રની પ્રાપ્તિ અર્થે પરશુરામ પાસે અસ્ત્રવિદ્યા શીખવા ગયો હતો. પરશુરામ તો ક્ષત્રિયોને વિદ્યા શીખવતા ન હતા તેથી તેણે પોતાને ભૃગુકુળમાં જન્મેલ બ્રાહ્મણ તરીકે ઓળખાવી અસત્યકથન કરી શિષ્યત્વ પ્રાપ્ત કર્યું ને સર્વ અસ્ત્રવિદ્યા શીખી લીધી.

પરંતુ એકવાર પરશુરામ કર્ણના ખોળામાં માથું મૂકી સૂતા હતા ત્યારે એક કીડાએ કર્ણને ડંસ દીધો, જેમાંથી લોહી વહેવા લાગ્યું. ગુરુની નિદ્રાનો ભંગ ન થાય તે હેતુથી કર્ણ વેદના સહન કરતો રહ્યો. જો કે તેના રુધિરના સ્પર્શથી જાગી ગયેલ ગુરુને તેના ક્ષત્રિય હોવા અંગે શંકા થઈ અને પૃચ્છા કરતાં, કર્ણે પોતાનો સાચો પરિચય આપી દીધો. નારાજ

થયેલ પરશુરામે કર્ણને શાપ દીધો કે સમોવડિયા સાથે યુદ્ધ કરતી વખતે તથા આખરની ઘડીએ તને શસ્ત્રવિદ્યાનું સ્મરણ નહીં રહે, તે સિવાયના સમયે રહેશે. જો કે તેને આશિષ પણ આપ્યા કે તારા સમો કોઈ ક્ષત્રિય યોદ્ધો હશે નહીં. મહાભારતયુદ્ધમાં કર્ણ તે બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કરી શક્યો નહીં ને અન્તે મરાયો.

૨૨. नासेव्यसेवया दध्याद्दैवाधीने धने धियम् ।
भीष्मद्रोणादयो याताः क्षयं दुर्योधनाश्रयात् ॥

દૈવાધીન ધને ધી ના, રાખો અયોગ્ય-સેવાથી.
ભીષ્મ-દ્રોણ થયા નષ્ટ દુર્યોધનની ઓથથી.

અયોગ્ય (માણસ)ની સેવાથી, દૈવને અધીન ધનને વિશે બુદ્ધિ ન જોડવી. (એટલે કે ધન મેળવવાનો વિચાર ન કરવો). દુર્યોધનના આશ્રયને લીધે ભીષ્મ-દ્રોણ વગેરે નાશ પામ્યા.

અનાચારી કે દુરાચારીની સેવા કરી ધનલોભથી કાર્ય ન કરવું, કેમ કે, ધન કરતાં ય વિશેષ મહત્ત્વ છે સદાચારનું. ધનવાન નહીં પણ સદાચારીની કીર્તિ અક્ષુણ્ણ રહે છે. ધન તો પુરુષાર્થ અને પ્રારબ્ધવશ મળી રહે, પરંતુ તેના લોભથી સદાચારનો ક્ષય ન થાય.

દ્રોણ, ભીષ્મ વગેરે દુર્યોધનનો સાથ ધનના લોભવશ જ નભાવતા હતા અને દુર્યોધનનાં પાપકૃત્યો સામે આંખ આડા કાન કરતા હતા. તેથી જ તેઓ વીર હોવા છતાં અન્તે પરાજય પામ્યા.

મહાભારતમાં કહ્યું છે કે, अर्थस्य पुरुषो दासः । કૌરવપક્ષ અન્યાયી હતો છતાં ધનના હેતુથી ભીષ્મ, દ્રોણ, કૃપ વગેરે તેમની સેવા નિષ્ઠાથી કરતા રહ્યા ને છેવટે નાશ પામ્યા. આજીવિકાવશ પણ દુર્યોધન સંગે જોડાયેલ ભીષ્મ વગેરે પોતાના ધર્મ અને સંયમને ભૂલી અન્યાયી કર્મોમાં સહયોગી થતા રહ્યા અને નિંદનીય કર્મોમાં સાથ આપી સ્વયં પણ અપકીર્તિ પામ્યા.

વાસ્તવમાં, સદાચાર કે શિષ્ટાચાર તે છે કે જેમાં કદી દુરાચાર કે અનાચાર પ્રતિ મન પ્રેરાય નહીં. છતાં ધનનો લોભ કે સ્વાર્થપ્રીતિ માનવીને અનાચાર પ્રતિ દોરે છે. તેથી વિવેકપૂર્વક સંયમી ને સંતોષી થઈ સદાચારને વિશે જ પ્રવૃત્ત રહેવું, કેમ કે, તૃષ્ણા જ માનવીને દુરાચારી બનાવે છે ને કીર્તિને કલંકિત કરે છે.

૨૩. परप्राणपरित्राणपरः कारुण्यवान्भवेत् ।
मांसं कपोतरक्षायै स्वं श्येनाय ददौ शिबि ॥

અન્યની પ્રાણરક્ષાર્થે દયાવાન બની રહો.
શિબિ કપોતરક્ષાર્થે સ્વમાંસ આપે બાજને.

પારકાના પ્રાણની રક્ષા કરવા માટે દયાવાન બનવું જોઈએ. કબૂતરને બચાવવા માટે શિબિએ બાજને પોતાનું માંસ આપ્યું.

દયા એ પરમ ધર્મ છે. બીજાના દુઃખે દુઃખી થવું તે માનવસહજ ધર્મ છે. પ્રાણને ભોગે પણ કરુણા દાખવી પરોપકાર કરવો એ જ સાચો ધર્મ છે, તેમાં માનવતા છે.

દયાળુ શિબિરાજાની પરીક્ષા કરવા માટે ઈન્દ્રે બાજરૂપ ધરી કપોતરૂપે રહેલ અગ્નિ ઉપર તરાપ મારી ત્યારે કપોત ભયભીત થઈ શિબિરાજાને શરણે ગયું. જ્યારે ઈન્દ્રે (= બાજે) પોતાના શિકારની માગણી કરી ત્યારે તેણે શરણે આવેલાને બચાવવાનો પોતાનો ધર્મ આગળ કર્યો. આથી ઈન્દ્રે કહ્યું - જો તું કપોતના વજન જેટલું તારું પોતાનું માંસ કાપીને આપશે તો હું મારા ભક્ષ્ય કપોતને છોડી દઈશ. હવે કપોતના જેટલું માંસ કાપીકાપીને ત્રાજવામાં મુકાતું ગયું તો તે પૂરતું ન થયું તેથી શિબિ પોતે જ તેમાં બેસી ગયો અને આ રીતે આત્મબલિદાન અર્થે તેણે તત્પરતા બતાવી. તેની આ દાનશીલતા જોઈ ઈન્દ્ર અને અગ્નિ ખૂબ પ્રસન્ન થયા ને તેને વરદાન આપ્યાં.

ખરેખર દયા વિનાનો ધર્મ અધૂરો છે. દયા-કરુણા દ્વારા અન્ય પ્રતિ ઉપકાર કરવો એ સદાચાર સર્વથા કરવાયોગ્ય છે.

૨૪. अद्वेषपेशलं कुर्यान्मनः कुसुमकोमलम् ।
बभूव द्वेषदोषेण देवदानवसंक्षयः ॥

અદ્વેષે મૃદુલ મન પુષ્પ-શું કોમળ કરો.
થયું દ્વેષના દોષથી દેવદાનવયુદ્ધ જે.

અદ્વેષ વડે સ્નિગ્ધ મનને કુસુમસમું કોમળ બનાવવું જોઈએ. દ્વેષના દોષથી જ દેવદાનવ- યુદ્ધ થયું હતું.

બીજાની સારપ જોઈ દુઃખ પામવું-બળવું તે ઈર્ષ્યા છે અને ઈર્ષ્યાવશ અન્યને શત્રુ માનવો તે છે દ્વેષ. દ્વેષથી જ યુદ્ધ, અનાચાર આદિ સર્જાય છે. તેનાથી બચવા સૌને સમકક્ષ સમજી પદ-પ્રતિષ્ઠા, ધન દોલત વગેરે નાશવંત બાબતોથી ચલિત થયા વિના મનને પવિત્ર ને કોમળ રાખવું જોઈએ, કેમ કે, દ્વેષથી કદી હિત થતું નથી, અકલ્યાણ જ થાય છે.

દેવદાનવયુદ્ધ ઈર્ષ્યા-દ્વેષને લીધે જ થયું હતું. માટે જ, આંતરશત્રુઓથી સભાન થવું જોઈએ. ઈર્ષ્યા-દ્વેષ કે જે ભીતર રહી માનવના ધૈર્ય-વિવેક આદિ ગુણો હણે છે, તેનાથી બચવું જોઈએ. મનની કોમળતા સૌ પ્રતિ સદ્‌ભાવ આણે છે ને સૌના ઉત્કર્ષમાં જ સ્વનો ઉત્કર્ષ જુએ છે.

૨૫. अविस्मृतोपकारः स्यान्न कुर्वीत कृतघ्नताम् ।
हत्वोपकारिणं विप्रो नाडीजङ्घमधश्च्युतः ॥

પાડ ભૂલવો ના કદી, આચરો ના કૃતઘ્નતા.
ભલો નાડીજંઘ હણી વિપ્ર પામ્યો અવદશા.

ઉપકાર કદી ભૂલવો નહિ ને કૃતઘ્નતા આચરવી નહીં, ઉપકારી નાડીજંઘને હણીને બ્રાહ્મણ નીચે પડ્યો (= અવદશા પામ્યો).

ઉપકાર એટલે સ્વાર્થની અપેક્ષા વગર અન્યનું ભલું કરવું તે - પોતાના ઉપર કરાયેલ આવો ઉપકાર કદી ભૂલવો ન જોઈએ. ઉપકાર ભૂલી કૃતઘ્ની બનવાથી યશ, માન જળવાતાં નથી. માટે કહ્યું છે કે,

કૃતઘ્નતા આચરવી ન જોઈએ.

ઈન્દ્રદ્યુમ્ન સરોવરમાં કશ્યપનો પુત્ર નાડીજંઘ નામે બગલો રહેતો હતો, તે અત્યન્ત ધાર્મિક હોઈ તેને ધર્મરાજ કહેતા. તેણે એક બ્રાહ્મણ ઉપર ઉપકાર કર્યો હતો. આ બ્રાહ્મણ પોતે વેદજ્ઞાન ધરાવતો ન હતો ને દુરાચારમાં રત હતો. નાડીજંઘ તે બ્રાહ્મણને પોતાના રાજા વિરૂપાક્ષ પાસે લઈ ગયો ને સર્વ હકીકત જણાવી. રાજાએ અન્ય બ્રાહ્મણો સાથે તેને પણ ઉત્તમ ભોજન તથા દક્ષિણા આપી તૃપ્ત કર્યો. પાછા ફરતાં, તે બ્રાહ્મણે નાડીજંઘને મારી નાખ્યો અને તેની સંપત્તિ લઈ લીધી ને તે ચાલ્યો ગયો પરંતુ તેટલામાં જ વિરૂપાક્ષે રાક્ષસો વડે તેને પકડી લઈ તેના ટુકડેટુકડા કરી શબરોને ખવડાવી દીધા. આ રીતે, બ્રાહ્મણ કૃતઘ્ની બની હત્યાના પાપનો ભાગી થયો.

૨૬. स्त्रीजितो न भवेद्धीमान्गाढरागवशीकृतः ।
पुत्रशोकाद्दशरथो जीवं जायाजितोऽत्यजत् ॥

અતિરાગે બુદ્ધિમાને સ્ત્રીવશ ના થવું કદી.
પુત્રશોકે ત્યજયા પ્રાણ પત્નીવશ દશરથે.

બુદ્ધિમાન પુરુષે ગાઢ આસક્તિને વશ થઈ સ્ત્રીથી જિતાયેલ - સ્ત્રીને વશ - ન બનવું જોઈએ. પત્નીથી જિતાયેલ દશરથે પુત્રશોકથી પ્રાણ ત્યજયા.

સ્ત્રીમાં આસક્ત બની પુરુષ કર્મ-અકર્મનો વિવેક ભૂલે છે ને આપત્તિ વહોરી કષ્ટ પામે છે. તેથી વિલાસી ને કામી થઈ પુરુષે સ્ત્રીને વશ ન થવું.

રાજા દશરથ પત્નીથી જિતાઈને મહાકષ્ટ પામ્યા તથા પુત્રના વિયોગના દુઃખે દુઃખી થઈ તેમણે પ્રાણ ત્યજયા.

દશરથ રાજાને ત્રણ રાણીઓ હતી, તેમાંની એક કૈકેયીને વિશે તેઓ અત્યન્ત પ્રીતિ ધરાવતા હતા. કૈકેયી પણ તેમને સર્વ પ્રકારે સર્વત્ર સાથ આપતી હતી. એક વાર યુદ્ધપ્રસંગે સંકટમાં મુકાયેલ દશરથ કૈકેયીની કુનેહ થકી ઊગર્યા હતા ને તેથી પ્રસન્ન થઈ તેમણે તેને બે વરદાન દીધાં

હતાં. આ બે વરદાનરૂપે કૈકેયીએ પોતાના પુત્ર ભરતને રાજગાદી તથા રામને ચૌદ વરસનો વનવાસ માંગ્યાં હતાં, જેને પરિણામે રાજા પોતાના પ્રિય રામને વનમાં મોકલી દુઃખી થયા ને પુત્રવિયોગ અસહ્ય થતાં છેવટે તેમણે પ્રાણ ત્યજ્યા.

આથી જ, સ્ત્રીને વશ થઈ હિત-અહિતનો વિવેક ચૂકવો ઠીક ન ગણાય. સ્ત્રી પ્રતિનું આકર્ષણ મનુષ્યને ભાવુક ને સંવેદનશીલ બનાવી વિવેકભ્રષ્ટ કરે છે. તેથી સ્ત્રીવશ કદી ન થવું તેમ કહ્યું છે.

૨૭. न स्वयं संस्तुतिपदैर्ग्लानिं गुणगणं नयेत् ।
स्वगुणस्तुतिवादेन ययातिरपतद्दिवः ॥

ગુણો મ્લાન કરવા ના, સ્વયં સ્તુતિ-પદો થકી.
યયાતિ થ્યો સ્વર્ગભ્રષ્ટ સ્વગુણપ્રશંસા કરી.

પોતે જ પ્રશંસાવચનથી (પોતાના) ગુણોને હલકા (= ઝાંખા) ન પાડવા જોઈએ. પોતાના ગુણની પ્રશંસાને કારણે યયાતિ સ્વર્ગમાંથી ભ્રષ્ટ થયો.

પોતાના ગુણોની સ્તુતિ પોતે ન કરવી. તે તો સ્વયંપ્રકાશિત હોય તે ઈષ્ટ ગણાય. આત્મપ્રશંસા તો ગુણોનો નાશ કરે છે.

યયાતિ રાજાએ પુત્રોને રાજ્ય સોંપી ભૃગુપર્વત ઉપર તપશ્ચર્યા કરી હતી, જેને પરિણામે તે પત્નીઓ સાથે સ્વર્ગને પામ્યો હતો. પરંતુ સ્વર્ગમાં તેના અભિમાનને લીધે તથા અન્યોને અપમાનિત કરવાને કારણે તેનું તેજ ઝંખવાયું. અભિમાનવશ પોતે જ પોતાનાં ગુણગાન કરી તેણે પોતાનાં જ્ઞાન, તપ, સર્વ ગુણો ઝાંખા કરી દીધા અને ઈન્દ્રે તેને સ્વર્ગથી ભ્રષ્ટ કરી ભૌમ નર્કમાં ધકેલી દીધો.

પોતે જ પોતાની પ્રશંસા કરવી એ આત્મશ્લાઘા તો પરમ નિંદનીય છે, જે વ્યક્તિના ગૌરવને હણે છે. તેથી તેને સર્વથા પરિહરવી.

૨૮. त्यजेन्मृगव्यव्यसनं हिंसयातिमलीमसम् ।
मृगयारसिकः पाण्डुः शापेन तनुमत्यजत् ॥

હિંસાથી જે મલિન તે મૃગયાશોખ ટાળવો.
મૃગયાશોખે પાંડુએ શાપથી ત્યજ્યો દેહને.

હિંસાને લીધે અત્યન્ત મલિન એવું મૃગયાનું વ્યસન છોડવું જોઈએ. મૃગયાના શોખીન પાંડુએ શાપને લીધે દેહ ત્યજ્યો.

વ્યસનોમાં મૃગયાનું વ્યસન તો અત્યંત મલિન છે, કેમ કે, તેમાં હિંસા રહેલી છે. તેથી તેનો તો અવશ્ય ત્યાગ કરવો જોઈએ.

પાંડુરાજાનું મૃત્યુ તેમના મૃગયાના શોખને લીધે જ થયું હતું. એકવાર મૃગયા માટે વનમાં ગયેલ પાંડુએ મૃગરૂપ ધારણ કરેલ કિંદમ મુનિને, તેઓ જ્યારે પોતાની મૃગરૂપધારિણી પત્ની સાથે મૈથુનરત હતા ત્યારે બાણથી પ્રહાર કર્યો તો મુનિએ પ્રાણ ત્યજતાં, પાંડુને શાપ દીધો કે, મૈથુનદશામાં મારો વધ કરનાર તારું મૃત્યુ પણ મૈથુનપ્રસંગે જ થશે.

આમ, મૃગયાનું વ્યસન પાંડુ માટે પ્રાણઘાતક નીવડ્યું, કેમ કે, હિંસાથી મનુષ્ય ધર્મ ત્યજી વિવેકહીન બને છે, ને સર્વનાશ નોંતરે છે.

૨૯. क्षिपेद्वाक्यशरांस्तीक्ष्णान्न पारुष्यव्युपप्लुतान् ।
वाक्पारुष्यरुषा चक्रे भीमः कुरुकुलक्षयम् ॥

તીખાં વચન બોલો ના, જે છે કઠોરતાભર્યાં.
કટુવાણીરુષ્ટ ભીમે કર્યું નષ્ટ કુરુકુલ.

કઠોરતાપૂર્ણ ઉગ્ર વાગ્બાણ ફેંકવાં ન જોઈએ. કઠોર વાણીથી થયેલ ક્રોધને લીધે ભીમે કુરુકુળનો નાશ કર્યો.

શીલ-સદાચારના અભાવે કઠોર કટુ વ્યવહાર કરાતો હોય છે. પરંતુ કઠોર વ્યવહારથી શત્રુતા જન્મે છે, કંકાસક્લેશ થાય છે ને અન્તે વિનાશ સર્જાય છે.

કૌરવો પાંડવો સાથે કટુ વ્યવહાર કરતા, અન્યાયી એવા તેમનો વિનાશ થયો.

ભીમ અત્યંત બળવાન હોવાની સાથે જ ખૂબ ક્રોધી હતો. જ્યારે દુઃશાસને ઉપહાસ કર્યો ત્યારે તેણે પ્રતિજ્ઞા લીધી હતી કે તે દુર્યોધનની સાથે ધૃતરાષ્ટ્રના બધા જ પુત્રોનો નાશ કરશે.

કઠોર વચન બોલવાથી શત્રુતા વધે છે ને ઘૃણા જાગે છે. પરંતુ જો કઠોર વચન કહેવામાં ન આવે તો અન્યોને વશ કરી શકાય છે; ને વૈમનસ્ય થતું અટકે છે.

૩૦. परेषां क्लेशदं कुर्यान्न पैशुन्यं प्रभोः प्रियम् ।
पैशुन्येन गतौ राहोश्चन्द्रार्कौ भक्षणीयताम् ॥

અન્યને ક્લેશદાયી જે, પિશુનતા કરો ન તે.
બન્યા ભક્ષ્ય ચન્દ્ર-સૂર્ય પિશુનતાથી, રાહુના.

બીજાઓને ક્લેશ થાય તેવી ચાડીચુગલી સ્વામીનું પ્રિય (કરવા) કરવી નહીં, ચાડીચુગલી કરવાને લીધે ચન્દ્ર ને સૂર્ય રાહુના ભક્ષ્ય બન્યા.

ચાડી ખાવી તે સારી ટેવ ન ગણાય. તે પણ એક પ્રકારનો દુરાચાર જ છે. તેનાથી વિશ્વાસ ગુમાવવો પડે ને પ્રતિષ્ઠા ખોવી પડે.ચાડીચુગલી કરનાર વ્યક્તિમાં નૈતિકતાનો અભાવ હોય છે. કોઈએ પણ સાચીખોટી વાત બીજાને કહેવી યોગ્ય નથી. અલબત્ત, જોઈવિચારીને જરૂરી જણાય તો તથા લાભદાયી હોય તેવી વાત જ બીજાને કરવામાં આવે તો તેમાં દોષ નથી.

સમુદ્રમંથન દ્વારા પ્રાપ્ત અમૃતનું પ્રાશન જ્યારે વિષ્ણુએ મોહિનીસ્વરૂપે દેવોને કરાવવા માંડ્યું ત્યારે છદ્મવેશે રાહુ પણ દેવો સાથે અમૃતપાન કરવામાં જોડાયો. જ્યારે તે અમૃતપાન કરી રહ્યો હતો ત્યારે હજુ તો અમૃત તેના કંઠ સુધી જ પહોંચ્યું હતું ત્યાં તો સૂર્ય અને ચન્દ્રે આવીને વિષ્ણુ ભગવાનને તે દાનવ હોવાની જાણ કરી દીધી. વિષ્ણુએ તો જાણ થતાં, તરત જ તેનો-શિરચ્છેદ કર્યો પણ અમૃતપ્રાશનથી તેનું શિર જીવિત રહ્યું ને દ્વેષભાવે તે સૂર્યચન્દ્રને ગ્રસે છે.

ચાડીચુગલી કરવાથી માનસિક કષ્ટ પહોંચે છે. એટલે તેનાથી

અવશ્ય બચવું જોઈએ.

૩૧. कुर्यान्नीचजनाभ्यस्तां न याञ्चां मानहारिणीम् ।
बलियाञ्चापरः प्राप लाघवं पुरुषोत्तमः ॥

હીણા કરે જે યાચના, ન કરો, હરે તે માન.
બલિ યાચી લઘુ થયા પુરુષોમાં જે ઉત્તમ.

નીચજનોને જેની ટેવ છે તેવી ને જેનાથી માન હણાય તેવી યાચના કરવી ન જોઈએ. બલિ પાસે યાચના કરતા પુરુષોત્તમ લઘુતાને પામ્યા (વામન બન્યા).

યાચના કરવી તે આત્મસન્માનને ઠેસ પહોંચાડનારી બાબત છે. તેથી જે કુળવાન છે, શીલવાન છે તેણે તો તેનાથી દૂર જ રહેવું. યાચના કે માગણી કરવી એ હલકી મનોવૃત્તિ છે. તેથી જ કવિએ અહીં તેને હલકા લોકોને જેની ટેવ છે એમ કહ્યું છે. વ્યક્તિ પોતે ગમે તે કુળનો હોય કે ગમે તેટલો મહાન હોય પણ જ્યારે તે યાચના કરે છે ત્યારે તે હલકો બને છે, તુચ્છ બને છે ને પોતાનું માન-સન્માન ગુમાવે છે.

સ્વર્ગ મેળવવા દાનવરાજ બલિ જ્યારે યજ્ઞ કરતા હતા ત્યારે દેવોની પ્રાર્થનાથી વિષ્ણુ વામનરૂપે બલિ પાસે ગયા હતા. તેમને ત્રણ પગલાં જમીન સારુ વામનરૂપ ધરવું પડ્યું ને વળી તેઓ કપટી કહેવાયા, જે તેમના ગૌરવને હાનિ કરનારી બાબત ગણાય.

આમ, નીચજન પાસે કરવામાં આવતી યાચના આત્મગૌરવ હણનારી હોય છે. માંગણી કરવી એ હીન વાત છે ને પોતાનાથી અધમ પાસે માગવું તો અતિહીન ગણાય, માટે કદી તેમ ન કરવું.

૩૨. न जातूल्लङ्घनं कुर्यात्सतां मर्मविदारणम् ।
चिच्छेद वदनं शम्भुर्ब्रह्मणो वेदवादिनः ॥

સુજનતણું ના કરો મર્મભેદી અપમાન.
વેદવાદી બ્રહ્મા તણું છેદ્યું મુખ જે શંભુએ.

સજ્જનોનું મર્મભેદી અપમાન કદી ન કરવું.
વેદવાદી બ્રહ્માનું મુખ શંકરે છેદી નાખ્યું હતું.

સજ્જનો સદા સન્માનને પાત્ર મનાયા છે. તેમનું અપમાન કે અવહેલના કરવાં ન જોઈએ.

મત્સ્યપુરાણમાં જણાવ્યા પ્રમાણે બ્રહ્માજીને પાંચ મુખ હતાં ને તેથી બધા જ દેવોનું તેજ ઝંખવાઈ ગયું હતું. આથી અત્યન્ત અભિમાની બની તેઓ શંકરને કહેવા લાગ્યા કે, 'આ પૃથ્વી ઉપર તમારી ય પહેલાં મારું અસ્તિત્વ છે ને હું તમારાથી સર્વ પ્રકારે મોટો છું' આ સાંભળી ક્રોધ પામેલા શંકરે ફૂલને તોડે તેમ બ્રહ્માના મસ્તકને અંગૂઠાથી મસળી જમીન ઉપર ફેંકી દીધું.

એક અન્ય કથા એવી પણ છે કે, બ્રહ્માએ સ્તુતિ કરી શંકરને પ્રસન્ન કર્યા ને વરદાનમાં શંકરની પુત્રરૂપે યાચના કરી તેથી ગુસ્સે થઈ શંકરે બ્રહ્માનું મુખ છેદી નાખ્યું.

સજ્જનો કહે તે માનવું ને તેમનો વિરોધ ન કરવો તથા તેમની સાથે નમ્રતા ને મધુરતાપૂર્વક વર્તવું જોઈએ; કટુતા અને ઉદ્દંડતાથી નહિ એ બોધ અહીં બ્રહ્માના દૃષ્ટાંતથી જણાવ્યો છે.

૩૩. न बन्धुसम्बन्धिजनं दूषयेन्नापि वर्जयेत् ।
दक्षयज्ञक्षयायाभूत्त्रिनेत्रस्य विमानना ॥

બંધુઓને ન દોષ દો કે કદી ના અવગણો.
દક્ષયજ્ઞવિનાશાર્થે થયું શિવાપમાન જે.

બન્ધુ અને સંબંધીજનોને દોષિત ન ગણવા કે ન (તેમને) ત્યજવા જોઈએ. શંકરની અવગણના દક્ષના યજ્ઞના નાશ માટે બની રહી.

સૌ કોઈનું માન જળવાય, સૌ માટે સદ્‌ભાવ રહે તે એક ઉત્તમ આચાર છે. તેમાંય જે પોતાના બંધુજનો હોય, સગાંસંબંધી હોય તેઓનું તો યથોચિત સન્માન અવશ્ય કરવું જોઈએ. તેમને દોષી ગણી તેમને તરછોડવા જોઈએ નહીં.

દક્ષ પ્રજાપતિએ શંકરની અવમાનના કરી તેથી તેના યજ્ઞનો ધ્વંસ થયો હતો. દક્ષને બ્રહ્માએ મુખ્ય પ્રજાપતિ બનાવ્યો તેથી તે અત્યન્ત ગર્વિષ્ઠ

બન્યો હતો. તેણે એકવાર યજ્ઞ આરંભ્યો, જેમાં સૌ દેવો તથા તેના પોતાના સર્વ સંબંધીજનોને નિમંત્ર્યા પણ શિવને નિમન્ત્રણ ન આપ્યું. હવે યજ્ઞ અંગેની જાણ થતાં સતીથી રહેવાયું નહીં ને તેઓ તો વિના આમન્ત્રણે યજ્ઞમાં હાજરી આપવા જઈ પહોંચ્યાં. યજ્ઞમાં જ્યારે સર્વ દેવોને ભાગ અપાયો પણ શિવને નહીં ત્યારે પતિનું અપમાન સહન ન થતાં તેઓ યજ્ઞકુંડમાં પ્રવેશ્યાં તથા શંકરે સર્જેલ વીરભદ્રે શંકરના આદેશથી દક્ષના યજ્ઞનો નાશ કર્યો.

અહીં બન્ધુજનોનું માન-સન્માન જાળવવું જોઈએ, તેઓનું અપમાન ન કરાય એ બાબત નિર્દેશિત કરાઈ છે.

૩૪. न विवादमदान्धः स्यान्न परेषाममर्षणः ।
वाक्पारुष्याच्छिरश्छिन्नं शिशुपालस्य शौरिणा ॥

વિવાદમદે અન્ધ થૈ ન બનો દ્વેષી અન્યના.
ઉગ્ર વાણી થકી કૃષ્ણે છેદ્યું શિશુપાલ-શીશ.

વિવાદના મદમાં અન્ધ ન થવું કે બીજાઓના દ્વેષી બનવું નહીં. વાણીની કઠોરતાને લીધે કૃષ્ણ દ્વારા શિશુપાલનું શિર છેદાયું.

વિવાદ કદી કરવો ન જોઈએ. જો ક્યારેક પણ વિવાદ થઈ જાય તો વિવેકનો ઉપયોગ કરવો. ધન, બુદ્ધિ કે બળના અભિમાનથી પ્રેરાઈ વિવાદમાં કદી ન ઊતરવું. એ જ રીતે, બીજાંઓની ઉન્નતિ કે ઉત્કર્ષ જોઈ તેમનો દ્વેષ પણ ન કરવો.

આ બન્ને બાબતો વિનાશકારી છે.

યુધિષ્ઠિરે કરેલ રાજસૂય યજ્ઞમાં અગ્રપૂજાનું સન્માન કૃષ્ણને પ્રાપ્ત થતાં શિશુપાલ ક્રોધે ભરાયો. તેણે તે અંગે વિરોધ કરતાં, કઠોર શબ્દોમાં કહ્યું કે, કૃષ્ણ તો કપટી અને પ્રશંસાને માટે અયોગ્ય એવી વ્યક્તિ છે. તેમની શૂરવીરતા અને પરાક્રમની કથાઓ તો બધી જૂઠી છે, અતિશયોક્તિપૂર્ણ છે.... તે ગોવાળિયાની - એક તુચ્છ વ્યક્તિની સ્તુતિ શા માટે કરવી ? શ્રીકૃષ્ણે તેના સો અપરાધ ક્ષમા કર્યા પણ પછી સુદર્શન

ચક્ર દ્વારા તેનો શિરચ્છેદ કર્યો.

૩૫. गुणस्तवेन कुर्वीत महतां मानवर्धनम् ।
हनूमानभवत्स्तुत्या रामकार्यभरक्षमः ॥

વધારો માન મોટાનું ગુણો કેરી પ્રશંસાથી.
રામકાર્યે થ્યા સમર્થ હનૂમાન સ્તુતિ થકી.

ગુણોની સ્તુતિ દ્વારા મોટાઓના માનમાં વધારો કરવો જોઈએ. હનુમાન સ્તુતિ કરીને રામનું કાર્ય કરવામાં સમર્થ બન્યા.

અન્યના ગુણોની પ્રશંસા કરવી જોઈએ. પ્રશંસા તો દેવોને ય પ્રિય હોય છે. દેવો માટે કરાતી સ્તુતિમાં તેમના ગુણોની પ્રશંસા કરવામાં આવે છે. એ જ રીતે, મનુષ્યને પણ પ્રશંસાની આશા-અપેક્ષા રહે છે. અતિશયોક્તિ વિના ગુણોની પ્રશંસા કરવી જોઈએ. આમ કરવાથી દાનવ કે દુષ્ટ પણ પુણ્યાત્મા બને છે.

સુગ્રીવના મન્ત્રી હનુમાન કિષ્કિન્ધાપ્રદેશમાં આવેલા રામલક્ષ્મણને છદ્મવેશે મળે છે, ત્યારે તેમણે જે વાણી પ્રયોજીને સંભાષણ કર્યું તેથી પ્રસન્ન થઈ રામે તેમના પર અનુગ્રહ કર્યો, તો સામેપક્ષે હનુમાનમાં રહેલ બુદ્ધિ, શક્તિ અને સાહસથી અભિજ્ઞ એવા રામે તેમને પોતાના પ્રિય ગણી સીતાશોધ માટેની તેમની ક્ષમતા વખાણી, જેનાથી અન્તે તેઓ સફળ થયા. રામે કરેલ પ્રશંસાથી ઉદ્ભવેલ ઉત્સાહે તેમને રામનું કાર્ય સિદ્ધ કરવાને બડભાગી બનાવ્યા.

આ રીતે, ગુણોની પ્રશંસાથી અન્યોને સંમાનિત કરવા જોઈએ. સ્તુતિ કિંવા પ્રશંસાથી દેવો પણ રાજી થાય છે તો મનુષ્યોની શી વાત ? અલબત્ત, મિથ્યા પ્રશંસા કરવી યોગ્ય નથી કે ચાપલૂસી પણ વર્જ્ય જ ગણાય. સ્વાર્થવશ કરાતી આવી પ્રશંસા ઈચ્છિત ભલે સાધી આપે પરંતુ તેનાથી વ્યક્તિનું ચારિત્ર્ય કે વ્યક્તિત્વ તો ઝંખવાય જ છે. પરંતુ સાચી પ્રશંસા કે અન્યના ગુણોની કદર અવશ્ય કરવી જોઈએ, જે ઉભયને માટે હિતકારી બને છે.

૩૬. गुणेष्वेवादरं कुर्यान्न जातौ जातु तत्त्ववित् ।
द्रौणिर्द्विजोऽभवच्छूद्रः शूद्रश्च विदुरः क्षमी ॥

તત્ત્વજ્ઞે માન રાખવું ગુણોનું, જાતિનું નહિ.
દ્વિજ દ્રૌણિ બન્યા શૂદ્ર, વિદુર થ્યા ક્ષમાશીલ.

તત્ત્વજ્ઞ પુરુષે ગુણોને વિશે જ આદર રાખવો જોઈએ, જાતિમાં ક્યારેય નહીં. દ્રોણપુત્ર (અશ્વત્થામા) દ્વિજ (છતાં કુકર્મ થકી) શૂદ્ર બન્યા ને વિદુર શૂદ્ર (છતાં) ક્ષમાશીલ બન્યા.

ગુણોને વિશે જ સન્માન કે આદર હોવો જોઈએ. જાતિને મહત્ત્વ આપવાનું હોય નહિ.

કહેવાયું છે કે -

गुणाः पूजास्थानं न च लिङ्गं न च वयः ।

દૃષ્ટાંતરૂપે કવિ અહીં અશ્વત્થામા અને વિદુરનો નિર્દેશ કરે છે. અશ્વત્થામા દ્વિજ હોવા છતાં કુકર્મને લીધે શૂદ્ર બન્યો ને વિદુર શૂદ્ર હોવા છતાં ક્ષમાવાન હોઈ દ્વિજ બન્યા.

મહાભારતયુદ્ધના પ્રસંગે પાંચ પાંડવોને હણવાના હેતુથી અશ્વત્થામાએ રાત્રિ દરમ્યાન યુદ્ધના નિયમોને અવગણીને અનાચાર આદર્યો ને દ્રૌપદીના પાંચ પુત્રોને હણ્યા. આ અતિનિંદનીય કર્મથી તે દ્વિજ-બ્રાહ્મણજાતિમાં જન્મેલ હોવા છતાં શૂદ્રત્વને પામ્યા, જ્યારે વિદુર પોતે શૂદ્રસ્ત્રી-દાસી-ની કૂખે જન્મેલ હોવા છતાં સ્વભાવથી ને વ્યવહારથી સદ્‌ભાવી હતા. કૌરવસભાના મન્ત્રી હોવા છતાં દુર્યોધન દ્વારા અનેકવાર તેમને અપમાનિત થવું પડ્યું હતું, પરંતુ ક્ષમાભાવ કેળવી તેઓ પોતાનું કાર્ય નિષ્ઠાથી કરતા રહ્યા, સમયે સમયે રાજનીતિધર્મ અંગે સલાહસૂચન આપતા રહ્યા ને એ રીતે તેઓ દ્વિજત્વને પામ્યા.

અહીં ગીતાવચન યાદ કરવાયોગ્ય છે. -

चातुर्वर्ण्यं मया प्रोक्तं गुणकर्मविभागशः ।

બ્રાહ્મણ વગેરે વર્ણો કે જાતિ જન્મથી નહિ પણ ગુણો અને કર્મથી

નક્કી થાય છે.

તેથી જ ગુણો વિશેષ આદર આપવાયોગ્ય મનાયા છે, જાતિ નહિ. જ્ઞાન અને વિવેકપૂર્વક વર્તનારે ગુણોનો આદર કરવો.

૩૭. नात्यर्थमर्थार्थनया धीमानुद्वेजयेज्जनम् ।
अब्धिर्दत्ताश्वरत्नश्रीर्मथ्यमानोऽसृजद्विषम् ॥

શાણો ચીડ કરાવે ના, ધન યાચી ફરી ફરી.
અશ્વ-રત્ન-શ્રી આપતો મથિતાબ્ધિ વિષ વમે.

બુદ્ધિમાન પુરુષે વારંવાર ધનની માગણીથી કોઈને પણ
ઉદ્વેગ પમાડવો નહિ. અશ્વ, રત્ન, શ્રી (= લક્ષ્મી)
આપ્યા છતાં મંથન પામતા સમુદ્રે વિષ બહાર કાઢ્યું.

આ પહેલાં કવિએ જણાવ્યું જ છે કે, યાચના કરવી સારી નહીં. અહીં વિશેષમાં તેઓ જણાવે છે કે, કોઈની પણ પાસે વારંવાર ધનની માગણી કરવી નહીં, કેમ કે, તેમ કરવાથી સામાને ઉદ્વેગ થાય ને ઉદ્વેગ પામેલ વ્યક્તિની પ્રતિક્રિયા અનુકૂળ ન જ હોય એ સ્વાભાવિક છે.

સમુદ્રમંથન કરતા દેવો અને દાનવોએ વારંવાર મંથન કરી સમુદ્ર પાસે યાચના કર્યા કરી. સમુદ્રમાંથી અનેક ઉત્તમ રત્નો, અશ્વ, લક્ષ્મી વગેરે પ્રાપ્ત થયા છતાં તેઓ અટક્યા નહીં ને તેથી સમુદ્રે વિષ બહાર કાઢ્યું. સમુદ્રમંથનનો આશય અમૃતપ્રાપ્તિનો હોઈ, નિશ્ચયમાં અડગ એવા દેવો અને દાનવોએ અમૃતપ્રાપ્તિ થાય ત્યાં સુધી પ્રયત્ન ચાલુ રાખ્યો ને મંથન કરતા ગયા. મંથન દરમ્યાન અનેક રત્નો પ્રાપ્ત થયાં હતાં.

સ્કન્દપુરાણમાં જણાવ્યા મુજબ સમુદ્રમંથનથી લક્ષ્મી, કૌસ્તુભમણિ, પારિજાત, ધન્વંતરિ, ચન્દ્રમા, કામધેનુ, ઐરાવત, સપ્તમુખ અશ્વ, અમૃત, રંભા, શાર્ઙ્ગ ધનુષ્ય, પાંચજન્ય શંખ, મહાપદ્મ નિધિ અને છેલ્લે હળાહળ વિષ નીકળ્યું હતું.

અન્ય પુરાણોમાં સૌ પ્રથમ વિષ બહાર આવ્યું એમ પણ દર્શાવ્યું છે.

ક્રમ ચાહે જે હોય તે પણ અહીં કવિ એમ સમજાવવા માગે છે કે વારંવાર માગણી કરીએ તો લાભને બદલે હાનિ થાય છે એ વાત સમજી

લઈ તેમ કરવાથી દૂર રહેવું એમાં જ સમજદારી છે, કેમ કે, લોભ અને ક્રોધથી વ્યક્તિ અનર્થ કરી બેસે છે તથા પુણ્યને પરહરી પાપાચારી બને છે.

૩૮. वक्रैः क्रूरतरैर्लुब्धैर्न कुर्यात्प्रीतिसंगतिम् ।
वसिष्ठस्याहरद्धेनुं विश्वामित्रो निमन्त्रितः ॥

ન રાખો સ્નેહનો સંગ કુટિલ-ક્રૂર-લોભીથી.
નિમંત્રિત વિશ્વામિત્રે હરી ધેનુ વસિષ્ઠની.

કુટિલ, અતિક્રૂર અને લોભિયાઓ સાથે સ્નેહસંબંધ રાખવો
નહીં. નિમંત્રિત વિશ્વામિત્રે વશિષ્ઠની ગાય હરી લીધી.

લોભ અને ક્રોધને વશ થવાથી બુદ્ધિ અને વિવેકથી ભ્રષ્ટ થવાય છે. તેનાથી પાપાચરણમાં પ્રવૃત્ત થવાય છે. તેથી અહીં કવિ લોભવૃત્તિવાળા કુટિલ ને ક્રૂર લોકો સાથે સંબંધ ન રાખવા જણાવે છે.

એકવાર વિશ્વામિત્ર રાજા વશિષ્ઠ ઋષિના અતિથિ બન્યા ત્યારે વશિષ્ઠે તેમનું ભવ્ય સ્વાગત ને ઉત્તમ આતિથ્ય કર્યું. આથી વિશ્વામિત્રને ખૂબ જ અચરજ થયું પણ જ્યારે તેમણે જાણ્યું કે આ તો વશિષ્ઠની કામદુઘા ગાય નંદિનીના પ્રતાપે શક્ય બન્યું છે ત્યારે તેમણે તે ગાય પોતાની સાથે લઈ જવા માગણી કરી ને જણાવ્યું કે આ ગાય તો રાજાને ત્યાં શોભે પરંતુ વશિષ્ઠે તેનો ઈનકાર કરતાં તેમણે ગુસ્સે થઈ બળજબરીથી તેને લઈ જવા માંડી. તેમણે તે ગાયનું હરણ કરવાની પણ ઈચ્છા કરી હતી પરંતુ તેમનો કોઈ જ પ્રયત્ન સફળ ન થયો. 'વિશ્વામિત્ર ગાય લઈ ગયા.' એમ જે કવિએ નોંધ્યું છે તે અંગે એમ કહી શકાય કે , મનથી કરેલું કર્મ પણ કર્મ જ કહેવાય અને વિશ્વામિત્રે તો માત્ર ભાવનાથી જ નહીં પણ યથાશક્ય પ્રયત્ન સુધ્ધાં કર્યો હતો. એટલે કવિની રજૂઆત યથોચિત લેખવી જોઈએ.

૩૯. तीव्रे तपसि लीनानामिन्द्रियाणां न विश्वसेत् ।
विश्वामित्रोऽपि सोत्कण्ठः कण्ठे जग्राह मेनकाम् ॥

ભરોસો ન રાખો કદી, છો તપોલીન ઈન્દ્રિયો.
વિશ્વામિત્રે મેનકાનો કંઠે ગ્રહી ઉત્કંઠ થૈ.

કઠોર તપમાં લીન ઈન્દ્રિયોનો પણ વિશ્વાસ
ન કરવો. (તપસ્વી) વિશ્વામિત્રે પણ ઉત્કંઠિત બની
મેનકાને આલિંગન આપ્યું હતું.

ઈન્દ્રિયોને સંયમિત કરી સાવધાન રહેવું જોઈએ. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ એ પાંચ વિષયોનું જ્ઞાન કરાવતી જ્ઞાનેન્દ્રિયો અને હાથ, પગ વગેરે પાંચ કર્મેન્દ્રિયો તથા અગિયારમું મન-આ દરેક ઉપર સંયમ જરૂરી છે અને તેથી પણ વિશેષ, સંયમને વિશે સતર્કતા અને સાવધાની આવશ્યક છે, કેમ કે, ગમે તેટલી તપસ્યા કરવામાં આવે, ગમે તેવો સંયમ સાધવામાં આવે તો પણ ઈન્દ્રિયો ક્યારે કેમ વર્તશે તે કંઈ કહી ન શકાય. માટે તેનો કદી વિશ્વાસ ન કરવો જોઈએ.

વિશ્વામિત્રે મેનકાને આલિંગન આપ્યું હતું તેમ કહેતા કવિ અહીં અસાવધાનીથી સંયમ સરી ગયો તેમ નિર્દેશે છે.

પુરુવંશીય દુષ્યન્ત આદિ રાજાઓના સમકાલીન એવા ઋષિ વિશ્વામિત્ર તપશ્ચર્યા કરતા હતા ત્યારે તેમના તપનો ભંગ કરવા ઈન્દ્રે મોકલેલ અપ્સરા મેનકાના સૌંદર્યથી ને તેના વિવિધ ભાવવિલાસોપૂર્વકના નર્તનથી તેના પ્રત્યે આકૃષ્ટ થયા હતા ને એ રીતે તેમની તપશ્ચર્યા ખંડિત થઈ હતી. રાજા ભરતની માતા શકુન્તલા એ વિશ્વામિત્ર અને મેનકાનું સંતાન હતી.

બુદ્ધિમાન મનુષ્યે ઈન્દ્રિયોને વશમાં રાખવી જોઈએ, કેમ કે, કામનાઓ પ્રતિ વૈરાગ ને ઈચ્છાત્યાગ, સંયમ-તપની સિદ્ધિ માટે જરૂરી. તેનાથી ધર્મ-સદાચાર જળવાય ને કર્તવ્યભ્રષ્ટ ન થવાય.

૪૦. कुर्याद्वियोगदुःखेषु धैर्यमुत्सृज्य दीनताम् ।
अश्वत्थामवधं श्रुत्वा द्रोणो गतधृतिर्हतः ॥

વિયોગદુઃખે રાખવી ધીરતા, ત્યજી દીનતા.
અશ્વત્થામા-વધ સુણી નષ્ટ થ્યા અધીર દ્રોણ.

વિયોગના દુઃખમાં દીનતા ત્યજીને ધૈર્ય ધરવું જોઈએ.
અશ્વત્થામાનો વધ સાંભળીને ધીરજ ગુમાવતાં,
દ્રોણ હણાયા.

જેને માટે પ્રેમ હોય તે સ્વજનનો વિયોગ દુઃખદાયી બને છે પરંતુ દુઃખમાં વિવેક ન ગુમાવાય. ધીરજ ધરવામાં આવે તો દુઃખ સહન કરવાની શક્તિ મળે, વિવેક રહે અને મહા અનિષ્ટથી બચી શકાય.

જે વિગત વાસ્તવમાં સત્ય ન હતી તે, અશ્વત્થામાના વધની ખબર જાણી દ્રોણ અધીર બનીને નિઃશસ્ત્ર થયા તો પોતાના પ્રાણ ખોયા.

મહાભારતના યુદ્ધ દરમ્યાન દ્રોણ જ્યારે સેનાપતિ હતા ત્યારે ભીમે ઈન્દ્રવર્મ રાજાના અશ્વત્થામા નામે હાથીને મારી નાખ્યો અને 'અશ્વત્થામા હણાયો' એવી બૂમો પાડી. ચિરંજીવ અશ્વત્થામા હણાયો શી રીતે ? એવો વિચાર આવવા છતાં, દ્રોણાચાર્ય તે સાંભળી સત્ય હકીકત જાણવા ધર્મરાજ પાસે જઈ પૂછવા લાગ્યા તો યુધિષ્ઠિરે કૃષ્ણની સલાહ મુજબ 'અશ્વત્થામા હણાયો' એમ કહ્યું ને પછી ધીમેથી હાથી શબ્દ ઉચ્ચાર્યો જે દ્રોણે સાંભળ્યો નહીં, તેઓ તો પુત્રશોકથી વ્યાકુળ બની ક્ષેત્રસંન્યાસ લઈ બેઠા ને પછી દ્રુપદપુત્ર ધૃષ્ટદ્યુમ્ને નિઃશસ્ત્ર દ્રોણનો વધ કર્યો.

તેઓ ધીરજથી વર્ત્યા હોત તો અનિષ્ટથી ઊગરી શક્યા હોત.

ધીરજગુણ દુઃખ સહેવાની શક્તિ આપે, આપત્તિનો પ્રતિકાર કરવાની શક્તિ ને સાહસ આપે ને સાથે જ, કર્તવ્યાકર્તવ્યનો વિવેક પણ આપે તેથી તે કેળવવો જોઈએ. વિયોગથી દુઃખી થયેલ મનુષ્ય ધીરજ ગુમાવી માઠાં પરિણામ ભોગવે છે.

૪૧. न क्रोधयातुधानस्य धीमान्गच्छेदधीनताम् ।
पपौ राक्षसवद्भीमः क्षतजं रिपुवक्षसः ॥

શાણાએ વશ ના થવું ક્રોધ કેરા અસુરને.
રાક્ષસ-શા ભીમે પીધું રુધિર રિપુ-ઉરનું.

બુદ્ધિમાન પુરુષે ક્રોધરૂપી રાક્ષસને આધીન ન થવું
જોઈએ. (ક્રોધને કારણે) રાક્ષસની જેમ ભીમે શત્રુની
છાતીમાંથી લોહી પીધું.

ક્રોધ આગળ દયા, ધર્મ, સદાચાર કશું જ ટકે નહીં. ક્રોધથી જ્ઞાન, વિવેક, બુદ્ધિનો નાશ થાય ને પાપાચરણ કરાય. માટે જ ક્રોધને રાક્ષસ કહ્યો છે, જે સર્વપ્રકારે હાનિકર્તા છે તેથી તેને વશ ન થવું તેમાં જ શાણપણ છે.

ક્રોધવશ ભીમે દુઃશાસનના લોહીનું પાન કર્યું હતું. દ્યૂતપ્રસંગે પાંડવોનું સઘળું દ્રવ્ય કપટથી મેળવી લઈ દુર્યોધને દ્રૌપદીને પણ જીતી લીધી અને તેને ભરીસભામાં બોલાવી મંગાવી અપમાનિત કરી. દુઃશાસને દ્રૌપદીનાં ચીર હરણ કર્યાં ત્યારે દ્રૌપદીએ દુઃશાસનના રુધિરથી પોતાના કેશ સિંચવાની પ્રતિજ્ઞા કરી તથા ક્રોધિત ભીમે દુઃશાસનની છાતી ચીરી રુધિરપાન કરવાની પ્રતિજ્ઞા લીધી. તે મુજબ, યુદ્ધમાં દુઃશાસનના સારથિ, અશ્વ વગેરેનો નાશ કરી તેને જમીન પર પટકી ભીમે દુઃશાસનનો હાથ ભાંગી નાખ્યો ને પછી તેની છાતી ફાડી રક્તપાન કર્યું.

૪૨. प्रभुप्रसादे नो दद्यात्स्वविनाशास्पदे मतिम् ।
स्वक्षयायोद्धृतं युद्धं बाणस्त्र्यक्षमयाचत ॥

પ્રભુકૃપાને પામતાં, સ્વનાશબુદ્ધિ ના કરો.
યાચ્યું બાણે ઉગ્ર યુદ્ધ નિજનાશાર્થે શિવથી.

પ્રભુની કૃપા થતાં પોતાના વિનાશને વિશે બુદ્ધિ ન રાખવી. બાણાસુરે પોતાના નાશ માટે શંકર પાસે ભયંકર યુદ્ધ માગ્યું.

બાણાસુર શિવભક્ત હતો. શિવે પ્રસન્ન થઈ તેને અનેક વરદાન દીધાં હતાં, જેના પ્રતાપે તે ઈન્દ્રાદિ દેવોને પણ પરાસ્ત કરી મનમાની કરવા લાગ્યો. એકવાર તો તેણે શંકર પાસે જઈને કહ્યું કે, મારી શક્તિ મને યુદ્ધ કરવા વિવશ કરે છે ને આપ સિવાય અન્ય કોઈ મારી સાથે યુદ્ધ કરે તેવો યોદ્ધો જણાતો નથી.

આ રીતે, શંકર સમક્ષ યુદ્ધની કામના કરતા બાણાસુરે પોતાના જ વિનાશને ઈચ્છ્યો.

૪૩. विद्योद्योगी गतोद्वेगः सेवया तोषयेद्गुरुम् ।
गुरुसेवापरः सेहे कायक्लेशदशां कचः ॥

સેવાથી ગુરુ તોષવા, ચિન્તા ત્યજી જ્ઞાનાર્થીએ.
કાયાક્લેશ સહ્યો કચે ગુરુસેવાપરાયણે.

વિદ્યા માટે પ્રયત્નશીલ વ્યક્તિએ ઉદ્વેગરહિત બની સેવાથી ગુરુને સંતોષવા જોઈએ. ગુરુસેવામાં પરાયણ કચે કાયાક્લેશની દશા વેઠી.

જ્ઞાનાંજનથી દૃષ્ટિ દેતા ગુરુની સેવા કરવી, વિદ્યાનું દાન કરતા ગુરુને વિશે શ્રદ્ધા રાખવી, તેમને માન આપવું એ ઉત્તમ સદાચાર છે, ગુરુ વિના જ્ઞાન ક્યાંથી સંભવે ? તેથી જ કહ્યું છે કે, ક્લેશ તથા કષ્ટ સહીને પણ ગુરુસેવામાં તત્પરતા દાખવવી જોઈએ.

દેવગુરુ બૃહસ્પતિનો પુત્ર કચ દાનવગુરુ શુક્રાચાર્ય પાસે અધ્યયન કરવાને ગયો હતો, તેનો આશય સંજીવની વિદ્યા શીખવાનો હતો. તે વાત જ્યારે દાનવોએ જાણી તો તેમણે તેને મારી નાખવાનો નિર્ધાર કર્યો. એક દિવસ કચ ગુરુની ગાયો ચરાવવા ગયો તો દાનવોએ તેને મારીને ટુકડા કરી નાખ્યા. સાંજે કચ પાછો ન ફરતાં, પુત્રી દેવયાનીની વિનંતીથી શુક્રાચાર્યે તેનું આવાહન કરી સંજીવનીથી તેને જીવિત કર્યો. આવું અનેકવાર બન્યું. પછી દાનવોએ કચને મારી નાખી, તેના ટુકડા કરી જલાવી દીધા અને તેની ભસ્મ મદ્યમાં મેળવી શુક્રાચાર્યને તે પીવડાવી દીધું. આ વખતે શુક્રાચાર્યે કચને બોલાવ્યો તો તેમના પેટમાંથી અવાજ આવ્યો. શુક્રાચાર્યે તેને મૃતસંજીવની વિદ્યા શીખવાડી તે પછી તે પેટમાંથી બહાર આવ્યો અને મૃત્યુ પામેલ શુક્રાચાર્યને કચે સંજીવની-વિદ્યાથી પુનર્જીવિત કર્યા હતા.

ગુરુસેવાથી જ્ઞાનપ્રાપ્તિ થાય છે. તેથી બ્રહ્મોપાસના કે દેવોપાસનાની જેમ ગુરુની ઉપાસના કરવી જોઈએ.

૪૪. भक्तं भक्तं हितं रक्तं निर्दोषं न परित्यजेत् ।
रामस्त्यक्त्वा सतीं सीतां शोकशल्यातुरोऽभवत् ॥

ન ત્યજો ભક્ત-નિર્દોષ હિતસ્વી ને અનુરાગી.
શોક-શૂળ-પીડા પામ્યા રામ ત્યજી સીતા સતી.

સેવક, ભક્ત, હિતકારી તથા અનુરાગી (જન) નિર્દોષ હોતાં (તેમને) ત્યજવા નહીં. સતી સીતાને ત્યજીને રામ શોકરૂપી શલ્યથી પીડા પામ્યા.

સેવક, ભક્ત, હિતચિંતક ને અનુરક્ત જો નિર્દોષ હોય તો તેમનો ત્યાગ કયારેય ન કરવો.

સેવક તે છે જે સદા પોતાના સ્વામીના હિતનું જ ચિંતન કરે, અન્યથા કશું જ ન વિચારે.

ભક્ત તે છે જે પ્રભુના ગુણદોષનો વિચાર ન કરતાં શ્રદ્ધાપૂર્વક તેમને ભજે, તેમને સમર્પિત રહે.

આ માટે તેમના અંતરમાં અનુરાગ તો હોય જ. આવા અનુરાગી ને હિતકારી ભક્ત - સેવક જો નિર્દોષ હોય તો તેને દંડ ન દેવાય, ત્યજી ન દેવાય.

રામે લોકનિન્દા અને અપયશથી બચવા માટે પ્રિય પત્ની સીતાને, તેના કોઈપણ વાંક વિના ત્યજી દીધી હતી ને તેથી ખૂબ વ્યથિત થયા. સીતા માટે અપાર પ્રેમ હોવાથી તેનો વિયોગ રામને માટે અત્યન્ત પીડાકારી બની રહ્યો.

શ્રદ્ધાપૂર્વક ભગવદ્ભજન કે સેવા કરનાર (= ભક્ત) કે સ્વામીનું હિત વિચારી કર્તવ્યપરાયણ રહેનાર (=સેવક)ને કદી ત્યજી ન દેવાય. ખરેખર તો, નિશ્છલ ને નિઃસ્વાર્થ સેવા કરતો ભક્ત તો ભગવાનમય જ બની રહે. તેનો ત્યાગ કરવો કે તેને છેહ દેવો એ પ્રભુને જ તજવાયોગ્ય ગણાય.

૪૫. रक्षेत्ख्यातिं पुनः स्मृत्या यशःकायस्य जीवनीम् ।
च्युतः स्मृतो जनैः स्वर्गमिन्द्रद्युम्नः पुनर्गतः ॥

યશોદેહ જીવાડતી ખ્યાતિ રક્ષો સ્મરી સ્મરી.
ગયો સ્વર્ગે ઈન્દ્રદ્યુમ્ન, લોકોએ સ્મરતાં ફરી.

યશરૂપી શરીરને જીવાડનારી પ્રસિદ્ધિને પુનઃસ્મરણથી જાળવવી (= તેનો નાશ થવા દેવો નહીં), (સ્વર્ગમાંથી) નીચે પડેલ ઈન્દ્રદ્યુમ્ન લોકો વડે યાદ કરાતાં ફરી સ્વર્ગમાં ગયો.

મનુષ્ય મર્ત્યશીલ છે. અમર રહે છે કેવળ કીર્તિ ને પ્રસિદ્ધિ. તેથી જ તો રામ, કૃષ્ણ, બુદ્ધ, ગાંધી વગેરે મૃત્યુ પછી પણ કીર્તિ થકી જીવંત છે.

રાજા ઈન્દ્રદ્યુમ્ન એક સદાચારી રાજા હતા. મૃત્યુ બાદ તેમને સ્વર્ગપ્રાપ્તિ થઈ હતી. પરંતુ પુણ્ય ક્ષીણ થતાં તેઓ પુનઃ પૃથ્વી ઉપર આવ્યા. પોતાની કીર્તિ વિદ્યમાન છે કે કેમ તે જાણવા માટે તેઓ માર્કંડેય મુનિ, પ્રાવારકર્ણ ઘુવડ, નાડીજંઘ બક તથા અકૂપાર કાચબો - વગેરે પાસે ગયા ત્યારે કાચબાએ કહ્યું કે ઈન્દ્રદ્યુમ્ન યજ્ઞકર્તારૂપે પ્રસિદ્ધ છે. આ પ્રકારે કીર્તિ ગવાતાં તે પુનઃ સ્વર્ગે ગયા.

પરોપકારી મનુષ્ય સદાચારી હોઈ સૌ કોઈનું હિત વિચારતો હોય છે. તે કોઈને દુઃખ દેતો નથી. આવો પરોપકારરત નર કીર્તિવંત હોઈ સ્વર્ગને પામે તેમાં શું આશ્ચર્ય ?!

૪૬. न कदर्यतया रक्षेल्लक्ष्मीं क्षिप्रपलायिनीम् ।
युक्त्या व्याडीन्द्रदत्ताभ्यां हृता श्रीर्नन्दभूभृतः ॥

વેગે ચાલી જતી લક્ષ્મી રાખવી ના કંજૂસ થૈ.
હરી શ્રી નંદરાયની વ્યાડીન્દ્રદત્તે યુક્તિથી.

જલદી ચાલી જતી (= ઘડીકમાં નષ્ટ થતી) લક્ષ્મીને કંજૂસાઈથી રાખી મૂકવી ન જોઈએ. વ્યાડિ અને ઈન્દ્રદત્તે નંદરાજા પાસેથી (કપટ) યુક્તિથી લક્ષ્મી લઈ લીધી.

ખૂબ જ ઝડપથી પલાયન કરી જનારી એટલે કે સ્થિર નહીં તેવી, અતિચંચળ લક્ષ્મીનો યથોચિત ઉપયોગ કરવો જોઈએ. તેને કંજૂસાઈપૂર્વક રાખી મૂકવી ન જોઈએ.

મગધરાજા નંદ પાસેથી તેની લક્ષ્મી વ્યાડિ તથા ઈન્દ્રદત્તે કપટપૂર્વક પડાવી લીધી હતી.

કથાસરિત્સાગરમાં જણાવ્યા પ્રમાણે નંદરાજા લોભી અને કંજૂસ હોઈ દાનધર્મ આચરતો નહીં. આથી વ્યાડિ અને ઈન્દ્રદત્તે સાથે મળી યુક્તિપૂર્વક અઢળક સુવર્ણમુદ્રા મેળવી હતી.

રાજલક્ષ્મીની રક્ષા કરવા માટે ચારિત્રબલ અને બુદ્ધિબલ જરૂરી છે. લક્ષ્મીનો યથોચિત ઉપયોગ એ જ તેની સાચી ને યોગ્ય જાળવણી છે.

૪૭. शक्तिक्षये क्षमां कुर्यान्नाशक्तः शक्तमाक्षिपेत् ।
कार्तवीर्यः ससंरम्भं बबन्ध दशकन्धरम् ॥

શક્તિનાશે કરે ક્ષમા, ન નિન્દે નિર્બળ બલી.
કાર્તવીર્યે જે બાંધ્યો'તો, થૈ ઉદ્ધત દશાનન.

શક્તિનો નાશ થતાં ક્ષમા કરવી (=સહનશીલ થવું), નિર્બળે બલીની નિન્દા ન કરવી. (આક્ષેપ કરવાને લીધે) રાવણને કાર્તવીર્યે ઉદ્ધતાઈપૂર્વક બાંધ્યો હતો.

પોતાનાથી વધુ શક્તિશાળી સાથે શત્રુતા ન આચરવી. તેની નિન્દા કરી તેની શક્તિને પડકારવી નહીં. પોતાની શક્તિ ઓછી હોય તો અન્યની શક્તિ-બળ-જ્ઞાનની નિન્દા કે અવહેલના ન કરવી. તેમ કરવાથી હાનિ થાય, અપમાનિત થવાય ને લોકોમાં નિન્દા થાય.

હૈહયવંશી રાજા કાર્તવીર્યને રાવણે અપમાનિત કર્યો, જેથી રાવણ બંધન પામ્યો.

એકવાર કાર્તવીર્યે લીલાવશ નર્મદાના પ્રવાહને પોતાના હજાર હાથે રોકી દીધો. તેથી રોકાયેલ પાણી વિભિન્ન દિશાઓમાં વહેવા લાગ્યું. ત્યારે એક પ્રવાહ વેગથી, પૂજા કરતા રાવણ સુધી પહોંચ્યો. પૂજાભંગ થતાં તેણે આક્રમણ કર્યું, પણ કાર્તવીર્ય આગળ તેનું કંઈ ચાલ્યું નહીં, ને કેદ પકડાયો.

મત્સ્યપુરાણમાં જણાવ્યા મુજબ એકવાર કાર્તવીર્યે નર્મદાકિનારે ઊભા રહી પાંચ બાણ ફેંક્યાં, જેનાથી રાવણ મૂર્છિત થયો ત્યારે તેને ધનુષ્યથી બાંધી માહિષ્મતી પાસે લાવવામાં આવ્યો હતો. પછી તેને પુલસ્ત્યની વિનંતિથી છોડવામાં આવ્યો હતો.

શક્તિશાળી સાથે વેર ન બાંધવું ને પોતે શક્તિહીન થતાં ક્ષમાશીલ બનવું એ ઉત્તમ વ્યવહારબોધ અહીં દર્શાવ્યો છે.

૪૮. वेश्यावचसि विश्वासी न भवेन्नित्यकैतवे ।
ऋष्यशृङ्गोऽपि निःसङ्गः शृङ्गारी वेश्यया कृतः ॥

વેશ્યાવેણે ન વિશ્વાસ રાખવો જે નિત છલી.
નિઃસંગ ઋષ્યશૃંગે ય વેશ્યાથી થયા શૃંગારી.

હમેશાં કપટપૂર્ણ એવાં, વેશ્યાનાં વચનમાં વિશ્વાસી ન થવું. અનાસક્ત ઋષ્યશૃંગને પણ વેશ્યાએ શૃંગારી કરી દીધા.

વેશ્યાઓનો કદી વિશ્વાસ ન કરવો, કેમ કે તેઓ બનાવટી પ્રેમ દર્શાવી પ્રલોભનમાં ફસાવી સઘળું હરી લે છે, તેની જાળમાં તો સંસારી અને સંન્યાસી સૌ કોઈ ફસાય છે.

કાશ્યપ વિભાંડકના પુત્ર ઋષ્યશૃંગ તપસ્વી ને વિદ્વાન હતા. પિતાની છત્રછાયામાં ઉછરેલ ઋષ્યશૃંગ વેદવેદાંગોમાં પારંગત હતા, પરંતુ હરહંમેશ માનવસમુદાયથી અલિપ્ત, આશ્રમના એકાંત વાતાવરણમાં જ નિવાસ કરતા હોઈ તેઓ સંસારથી સંપૂર્ણપણે વિમુખ ને અનભિજ્ઞ હતા.

જ્યારે અંગદેશના રાજા ચિત્રરથના દુર્વ્યવહારને પરિણામે ત્યાં દુષ્કાળ પડ્યો ત્યારે તેને જણાવાયું કે ઋષ્યશૃંગ મુનિનું આગમન શુભ કલ્યાણકારી નીવડશે. આ માટે તેણે વેશ્યાઓની મદદ લીધી, જેમણે વિભાંડકની ગેરહાજરીમાં ઋષ્યશૃંગને ભોળવ્યા. તેમણે તો આ વેશ્યાઓને પણ મુનિકુમારો જ માની લીધી અને તેથી તેમની વાતોમાં આવી ગયા અને વેશ્યાઓ પોતાનું ધાર્યું કરાવી શકી. તેઓ સંયમી એવા ઋષિને પણ શૃંગારના પાઠ પઢાવી પોતાની સાથે લઈ ગઈ.

વેશ્યાઓ પોતાની કલાના બળે કૃતક ભાવ પ્રગટ કરી મનુષ્યને વશ કરે છે જેથી ચરિત્ર ભ્રષ્ટ થાય, સાધના નષ્ટ થાય કે સર્વસ્વનો નાશ થાય. તેથી તેમનો કદી વિશ્વાસ ન કરવો.

૪૯. अल्पमप्यवमन्येत न शत्रुं बलदर्पितः ।
रामेण रामः शिशुना ब्राह्मण्यदययोज्झितः ॥

બલદર્પે અલ્પશત્રુ ન કદી અવમાનવો.
શિશુ રામે છોડ્યા રામ વિપ્ર પ્રતિ દયા થકી.

બળથી ગર્વિષ્ઠ થઈ નાના શત્રુને પણ અવગણવો ન જોઈએ. બાળક રામે પરશુરામને બ્રાહ્મણ હોવાને લીધે દયાથી જ છોડી દીધા હતા.

શક્તિનો ઉપયોગ ત્રસ્ત અને પીડિતના રક્ષણને માટે થાય તે ઈષ્ટ ગણાય. પરંતુ શક્તિ પામી, અભિમાની થઈ અન્યને કષ્ટ આપવાનું કે અન્યનું અપમાન કરવાનું યોગ્ય ન લેખાય.

સીતાસ્વયંવરપ્રસંગે રામે સહજમાં જ શિવધનુષ્ય ઉઠાવી પ્રત્યંચા ચડાવી બાણ સાંધ્યું, ત્યાં તો તે ધનુષ્યના ટુકડા થઈ ગયા. તેથી ક્રોધિત થઈ પરશુરામે શક્તિના અભિમાનથી પ્રેરાઈ રામનો તિરસ્કાર કર્યો. પોતાની શક્તિનો પરચો થાય તે હેતુથી તેમણે રામને વિષ્ણુના ધનુષ્યનો ભંગ કરવા જણાવ્યું, ત્યારે રામે કહ્યું કે, પિતાના વધથી ક્રોધિત થઈ આપ પૃથ્વી નક્ષત્રી કરવાને ઉદ્યત થયા છો પણ હું તમને વશ નહીં થાઉં, એમ કહી રામે વિષ્ણુ-ધનુષ્યનો ભંગ કર્યો. અપમાનિત પરશુરામને રામે તેઓ બ્રાહ્મણ હોવાથી છોડી દીધા હતા.

બાળક રામ ક્ષમાવાન ને સંયમી છે. સ્વયં ભગવાન હોવા છતાં નમ્રતાથી વર્તે છે. આ નિદર્શનથી સ્પષ્ટ જણાય છે કે, શક્તિશાળી મનુષ્યે સદાચારી હોવું ઘટે. સદાચાર એ શક્તિની શોભા છે, જ્યારે દુરાચારથી શક્તિનો હ્રાસ થાય, નિન્દા થાય. માટે શક્તિશાળીએ હમેશાં સહનશીલ ને ક્ષમાવાન બનવું જોઈએ.

૫૦. नृशंसं क्रूरकर्माणं विश्वसेन्न कदाचन ।
जगद्वैरी जरासन्धः पाण्डवेन द्विधा कृतः ॥

ઘાતકી ક્રૂરકર્મીનો ભરોસો રાખો ના કદી.
જગદ્વૈરી જરાસન્ધ બે-ફાડ કર્યો પાંડવે.

ઘાતકી ને ક્રૂરકર્મ કરનારાનો ક્યારેય ભરોસો કરવો ન જોઈએ. સંસારના શત્રુ જરાસંધને પાંડવે (= ભીમે) બે-ફાડ કર્યો હતો.

હત્યારા ને ક્રૂરકર્મ કરનારનો કદી વિશ્વાસ ન કરવો જોઈએ.

હત્યારાઓમાં દયાભાવ હોતો નથી. તેમની બુદ્ધિ મલિન ને ભ્રષ્ટ હોય છે તેઓ અન્યને મદદરૂપ તો ન જ થાય. ઊલટાનું અન્યને દુઃખ દેવામાં જ સુખ સમજે.

દ્વાપરયુગમાં થયેલ રાજા જરાસંધ ક્રૂર સ્વભાવવાળો હતો. તેની સાથે અન્ય કેટલાક પણ દુરાચારી થયા તો કેટલાક તેના અન્યાયને સાંખી લેનારા બન્યા. ક્રૂરકર્મા જરાસંધથી દેશભરમાં અશાન્તિ પ્રવર્તતી હતી.

એકવાર ભીમ તથા અર્જુન સાથે કૃષ્ણ બ્રાહ્મણવેશે જરાસંધ પાસે ગયા ને યુદ્ધની માગણી કરી. કૃષ્ણ તથા અર્જુન તો પોતાના બરોબરિયા નહિ એમ માની તેણે ભીમ સાથે યુદ્ધ કરવાનું સ્વીકાર્યું. જરાસંધ સાથે ભીમનું યુદ્ધ દસ દિવસ સુધી ચાલ્યું હતું. જરાસંધના ગાત્રોનું છેદન થતાં તે પુનઃ સંધાઈ જતાં તેને જીવતદાન પ્રાપ્ત થતું. તેથી યુદ્ધમાં જ્યારે તે થોડો શ્રમિત જણાયો ત્યારે કૃષ્ણના સંકેતથી ભીમે તેના શરીરના બે ટુકડા કરી એ રીતે ફેંકી દીધા કે તે જોડી શકાય નહીં. આમ ભીમે મલ્લયુદ્ધમાં તેને હરાવીને તેનો નાશ કર્યો હતો.

હત્યા કરનાર કે ક્રૂર કર્મ કરનારા વિશ્વના શત્રુ છે, જેમાં દયા કે કરુણાનો લેશ પણ હોતો નથી. બુદ્ધિમાલિન્ય ને વિચારોની ક્ષુદ્રતા તેમને ન્યાયથી વિમુખ બનાવે છે. તેથી તેમનો વિશ્વાસ કદી કરાય નહિ.

૫૧. औचित्यप्रच्युताचारो युक्त्या स्वार्थं न साधयेत् ।
व्याजवालिवधेनैव रामकीर्तिः कलङ्किता ॥

સ્વાર્થ સાધો ન યુક્તિથી, ઔચિત્ય આચારે ત્યજી.
કલંકિતા રામકીર્તિ કપટથી વાલિ હણી.

ઔચિત્યરહિત (= અનુચિત) આચરણ કરી, યુક્તિ-પૂર્વક પોતાનું કાર્ય સાધવું ન જોઈએ. કપટથી (કરાયેલ) વાલિના વધથી રામની કીર્તિ કલંકિત બની.

ઉચિત-અનુચિતનો વિચાર કર્યા વિના સ્વાર્થ સાધવો ન જોઈએ. સ્વાર્થ સારુ લોકવિરુદ્ધ કે શાસ્ત્રવિરુદ્ધ કામ ન કરાય. તેના ઔચિત્યનો પણ વિચાર કરવો ઘટે, અન્યથા અપયશ મળે.

સીતાપ્રાપ્તિ માટે વ્યાકુળ રામે સુગ્રીવ સાથે પરસ્પર સહાય કરવાનું વચન આપી મૈત્રી કરી તથા તે માટે રામે વૃક્ષની આડશમાં છુપાઈને વાલિનો વધ કર્યો.

સ્વાર્થને લીધે વિવેકશૂન્ય થવાથી ઔચિત્ય જળવાતું નથી પરંતુ તેવું થવું ન જોઈએ.

રામ દ્વારા વાલિનો વધ તેમની કીર્તિને કલંકિત કરનાર છે તેમ જણાવી અહીં સૂચવ્યું છે કે, લોકવિરુદ્ધ ને શાસ્ત્રવિરુદ્ધ હોય તેવાં કામ કરવાં ન જોઈએ.

૫૨. वर्जयेदिन्द्रियजयी विजने जननीमपि ।
पुत्रीकृतोऽपि प्रद्युम्नः कामितः शम्बरस्त्रिया ॥

જિતેન્દ્રિયે એકાંતમાં માતાને પણ છાંડવી.
ઈચ્છ્યો'તો શંબરસ્ત્રીએ પુત્રરૂપ પ્રદ્યુમ્નને.

ઈન્દ્રિયો પર જય મેળવનારે એકાંતમાં માતાને પણ ત્યજવી જોઈએ. પુત્રરૂપે સ્વીકારેલ હોવા છતાં પ્રદ્યુમ્નને શંબરની સ્ત્રીએ ચાહ્યો હતો.

ઈન્દ્રિયોનો ભરોસો રખાય નહીં, કેમ કે ઈન્દ્રિયો મનુષ્યને ચંચળ બનાવે છે. તેમાંય પુરુષ-સ્ત્રીનો સાથ તો અગ્નિ અને ઘૃતસમાન છે. તેથી જ એકાંતમાં માતાનો ય સાથ ત્યજવા કહ્યું છે.

ભાગવતમાં પણ જણાવાયું છે કે, એકાંતમાં માતા, બહેન કે પુત્રી સાથે પણ રહેવું ન જોઈએ.

કૃષ્ણ તથા રુક્મિણીનો પુત્ર પ્રદ્યુમ્ન કામદેવનો અવતાર હતો, જેનો જન્મ શંબરાસુરના વધ માટે થયો હતો. પરંતુ આ વાતની જાણ થતાં શંબરાસુરે બાળવયમાં જ પ્રદ્યુમ્નનું અપહરણ કરી તેને સમુદ્રમાં ફેંકી દીધો. જો કે દૈવયોગે એક માછલી તેને ગળી ગઈ ને માછીમાર દ્વારા તે માછલી શંબરાસુરને જ ભેટરૂપે પ્રાપ્ત થઈ. શંબરાસુરની પત્ની માયાવતીએ માછલીમાંથી પુત્ર પ્રાપ્ત થતાં તેને પુત્રરૂપ જ માન્યો હતો. આ માયાવતી એ કામદેવની પત્ની રતિ જ હતી તેથી તે પ્રદ્યુમ્નના સૌંદર્યથી

મોહિત થઈ હતી.

આથી જ, એકાંતમાં માતાનો પણ સંગ ત્યજવો જોઈએ.

૫૩. न तीव्रतपसां कुर्याद्धैर्यविप्लवचापलम् ।
नेत्राग्निर्शलभीभावं भवोऽनैषीन्मनोभवम् ॥

ધૈર્ય તીવ્ર તપસ્વીનું ચળાવવું ન ચાપલે.
નેત્રાગ્નિનું પતંગિયું કર્યો શિવે મનોભવ.

તીવ્ર તપ આચરનારાઓના ધૈર્યનો નાશ કરવાનું ચાપલ્ય (=ચેષ્ટા) કરવું ન જોઈએ (તેમ કરવાથી) કામદેવને શંકરે (પોતાના) નેત્રાગ્નિનું પતંગિયું બનાવી દીધો (= ભસ્મીભૂત કર્યો).

યોગી સદા ધૈર્યવાન ને સહનશીલ, સંયમી હોય છે પરંતુ તેની ધીરજ ડગાવવાની કોશિશ કરવી નહીં, કેમ કે તેમ કરવાથી તે ક્રોધાગ્નિ દ્વારા વિનાશ સર્જે.

કામદેવે શિવની સમાધિનો ભંગ કરવાનો પ્રયત્ન કર્યો, તો શંકરે ત્રીજું નેત્ર ખોલી કામદેવને ભસ્મીભૂત કરી દીધો.

શંકર તો યોગીશ્વર હતા તેમના સંયમ અને ધીરજને ડગાવવાને કામ ઉદ્યત થયો તેથી તે પોતે જ ભસ્મીભૂત થઈ ગયો.

૫૪. न नित्यकलहाक्रान्ते सक्तिं कुर्वीत कैतवे ।
रुक्मी फलकदुर्घातैर्द्यूते हलभृता हतः ॥

સદા કલહપૂર્ણ જે, દ્યૂતે થવું આસક્ત ના.
હણ્યો દ્યૂતે હલાયુધે રુક્મી, કરી પાસાના ઘા.

હંમેશ કલહથી વ્યાપ્ત એવી દ્યૂતવિદ્યામાં પ્રીતિ રાખવી નહિ. દ્યૂતમાં બલરામે પાસાના ઘાથી રુક્મીને હણ્યો.

દ્યૂતવિદ્યામાં પ્રીતિ દાખવવી ન જોઈએ, કેમ કે, ધૂર્તો ને જુગારી કલહપ્રિય હોય છે. તેમનો કદી વિશ્વાસ ન કરાય.

રુક્મીએ પૌત્રી રોચનાનો વિવાહ અનિરુદ્ધ સાથે કર્યો. તે પ્રસંગે

બલરામ સાથે તે કપટપૂર્વક દ્યૂત રમ્યો. તેથી ગુસ્સે થઈ બલરામે સોનાના પાસાથી તેનો વધ કર્યો.

५५. प्रभुप्रसादे सत्याशां न कुर्यात्स्वप्नसंनिभे ।
नन्देन मन्त्री निहितः शकटालो हि बन्धने ॥

સ્વપ્નસમી સ્વામીકૃપા સાચી કદી ના ધારવી.
નાખ્યો'તો બંધને નન્દે જે શકટાલ મન્ત્રીને.

સ્વામીની કૃપા તો સ્વપ્ન સમાન હોઈ તે સાચી હોવાની આશા ન રાખવી. (રાજા) નન્દે મન્ત્રી શકટાલને બંધનમાં નાખ્યો હતો.

રાજા કે સ્વામીની કૃપા કે પ્રસન્નતાનો વિશ્વાસ ન કરાય, કેમ કે, રાજાને મન રાજનીતિનું પ્રાધાન્ય હોય તેથી તેમાં સ્વાર્થ તો અનિવાર્યપણે આવે જ. રાજા પ્રસન્ન થતાં ધન, પદ, સન્માન સઘળું આપે છે અને રૂઠે તો સર્વસ્વ લઈ લેતાં ન તેને ક્ષોભ નડે કે ન શરમ-સંકોચ થાય.

કહેવાય છે કે, રાજા, યોગી, અગ્નિ અને જળ - તેમની ગતિ જ ન્યારી. તેમનો કદી વિશ્વાસ ન કરાય.

મગધરાજ નન્દે પ્રસન્ન થઈ શકટાલને પ્રધાનમન્ત્રી બનાવ્યો પણ પછી ક્યારેક અપ્રસન્ન થતાં જ તેને સપરિવાર કારાવાસમાં નાખ્યો, જ્યાં માત્ર એક મૂઠી ચણા ખાઈ જીવવા વારો આવ્યો.

રાજનીતિક પુરુષ પ્રસન્ન થતાં ધન-માન ને પદપ્રતિષ્ઠા આપે છે, પણ અપ્રસન્ન થતાં, સઘળું હરી લેતાં પણ તે અચકાય નહીં. તેથી જ તેનો ભરોસો ન કરાય.

५६. न लोकायतवादेन नास्तिकत्वेऽर्पयेद्धियम् ।
हरिर्हिरण्यकशिपुं जघान स्तम्भनिर्गतः ॥

ચાર્વાકમતે રાખો ના બુદ્ધિ નાસ્તિકતા વિશે.
સ્તંભેથી હરિ નીકળી હિરણ્યકશિપુ હણે.

ચાર્વાકમત અનુસાર નાસ્તિક્તા વિશે બુદ્ધિ ન રાખવી. થાંભલામાંથી નીકળેલા હરિએ હિરણ્યકશિપુને હણ્યો હતો.

પાપ-પુણ્ય, સ્વર્ગ-નરક તો તૂત છે ને ઈશ્વર તો છે જ નહીં. તેથી ખાઓ-પીઓ ને મોજ કરો, દેવું કરીને ઘી પીઓ એવું માનનારા ચાર્વાકોના પ્રભાવમાં આવી જઈ નાસ્તિક બનવું ઠીક ન ગણાય.

ઈશ્વર તો છે જ. સર્વશક્તિમાન, સચ્ચિદાનંદસ્વરૂપ ઈશ્વર જ સમગ્ર જગતની ઉત્પત્તિ, સ્થિતિ ને સંહારનું કારણ છે. તેમની ભક્તિ કરવી જોઈએ ને તેમનામાં શ્રદ્ધા રાખવી જોઈએ.

પ્રહ્લાદ પરમ પ્રભુભક્ત હતો. તેના પિતા હિરણ્યકશિપુ મહા અસુર હતો. તેણે તપશ્ચર્યા કરીને બ્રહ્માજીને પ્રસન્ન કર્યા ને મનવાંછિત વર મેળવી અજેય થઈ ગર્વિષ્ઠ બન્યો ને અત્યાચાર કરવા લાગ્યો. તે ઈશ્વરમાં બિલકુલ માનતો નહીં તેથી પુત્ર પ્રહ્લાદની પ્રભુભક્તિનો ખૂબ વિરોધ કરી ક્રોધિત થઈ તેને મારી નાખવાના પ્રયાસ કરવા લાગ્યો. તે માટે તેણે કંઈક રીતો અજમાવી. પર્વત ઉપરથી નીચે ફેંક્યો, અગ્નિમાં નાખ્યો, હાથી નીચે સુવાડ્યો પણ પ્રભુકૃપાથી પ્રહ્લાદ દરેક વખતે બચી જતો.

એકવાર હિરણ્યકશિપુએ પ્રહ્લાદને કહ્યું કે, જો તારા વિષ્ણુ સર્વત્ર વ્યાપ્ત હોય તો આ લોખંડના થાંભલામાં પણ હશે જ. તેને બહાર બોલાવ ત્યાં તો થાંભલામાંથી નૃસિંહરૂપે હરિ પ્રગટ થયા ને તેમણે દુષ્ટનો અંત આણી ભક્તને ઉગાર્યો.

અહીં નાસ્તિક ન બનવાનો બોધ આપતાં સૂચવ્યું છે કે, સર્વશક્તિમાન એવી જે સત્તા છે તેના પ્રતિ આસ્થા કે શ્રદ્ધા હોવી ઘટે. તે તો અનંત ઐશ્વર્ય ને સામર્થ્ય ધરાવે છે. તેથી જે જે ભાવે તેને ભજે તેને તેવું ફલ આપે છે.

५७. अत्युन्नतपदारूढः पूज्यान्नैवावमानयेत् ।
नहुषः शक्रतामेत्य च्युतोऽगस्त्यावमाननात् ॥

પૂજ્યો ના અવમાનવા અતિ ઊંચા સ્થાને ચડી.
નહુષ-ઈન્દ્ર થ્યો ભ્રષ્ટ અગસ્ત્ય- અપમાનથી.

ખૂબ ઊંચા સ્થાને ચઢી (= ઊંચું પદ-હોદ્દો મેળવીને) (મનુષ્યે) પૂજ્યજનોને અવગણવા ન જોઈએ. નહુષ (રાજા) ઈન્દ્રત્વ પામીને અગસ્ત્ય (ઋષિ)ની અવગણના કરવાથી (ઈન્દ્રપદથી) ભ્રષ્ટ થયો.

માન-પ્રતિષ્ઠાથી અભિમાની બનવું નહીં તથા વિનમ્ર ને કર્તવ્યનિષ્ઠ રહેવું. તો પૂજ્ય બનાય ને કીર્તિ ફેલાય. અભિમાની થઈ અન્યની કે પૂજનીય જનની આમન્યા જાળવવામાં ન આવે તો અત્યંત અશુભ-અમંગલ થાય-પતન થાય.

નહુષ રાજાએ પોતાના ગુણો અને પરાક્રમ થકી અથવા કહો કે પુણ્યકર્મના ફલસ્વરૂપે ઈન્દ્રપદ મેળવ્યું હતું. શરૂમાં તો તે નિષ્ઠાથી ધર્મપરાયણ રહ્યો હતો પણ પછી તેને દેવેન્દ્ર હોવાનું અભિમાન જાગ્યું ને તેની મતિ ભ્રષ્ટ થતાં તેની ધાર્મિકતા ચાલી ગઈ. વિષયાસક્ત થઈ તેણે શચીને પણ પોતાની કરવાની ઈચ્છા કરી. જો કે શચીએ યુક્તિપૂર્વક તેની માગણીને અવગણી અને કહ્યું કે જો તમે સપ્તર્ષિઓ વડે વહન કરાતી પાલખીમાં બેસી મારી પાસે આવો તો હું તમને વરું. આથી નહુષે તેમ કર્યું. જ્યારે માર્ગમાં તેણે પાલખીને જલદી જલદી આગળ લઈ જવા સર્પ સર્પ - જલદી ચાલો, જલદી ચાલો એમ કહી અગસ્ત્ય ઋષિને પગથી લાત મારી તો તે ઋષિએ ગુસ્સે થઈ તેને જ દસ હજાર વર્ષ સુધી સર્પ બનવાનો શાપ આપ્યો. આમ, અગસ્ત્ય ઋષિનું અપમાન કરી તે તેમના શાપનો ભાગી બન્યો ને સ્વર્ગમાંથી ચ્યુત થઈ પૃથ્વી પર પટકાયો.

આ નિદર્શનથી સમજાય છે કે, પદપ્રતિષ્ઠા પામી નમ્ર બની રહેવું પણ ઘમંડ ન કરવું. વસ્તુતઃ સદાચાર જ ઉત્તમ પદ ને માન છે એમ કહી શકાય.

૫૮. सन्धिं विधाय रिपुणा न निःशङ्कः सुखी भवेत् ।
सन्धिं कृत्वावधीदिन्द्रो वृत्रं निःशङ्कमानसः(सम्) ॥

સુખી ન થાતો નિઃશંક શત્રુ સાથે સન્ધિ કરી.
ઈન્દ્રે હણ્યો તે વૃત્રને નિઃશંક જે સન્ધિ કરી.

શત્રુ સાથે સન્ધિ કરી નિઃશંક બનેલ સુખી થતો નથી.

(ઈન્દ્ર સાથે) સન્ધિ કરી નિઃશંક (= શંકારહિત ને ભયમુક્ત) થયેલા વૃત્રનો ઈન્દ્રે વધ કર્યો.

શત્રુનો વિશ્વાસ કદી કરાય નહિ. શત્રુ સાથે સુલેહ-સંપ સર્જાય તો પણ નિઃશંક ન થવાય, કેમ કે શત્રુની મૈત્રી પાછળ સ્વાર્થ હોય છે તેથી દગો થવાની પૂરી શક્યતા રહે છે.

વૃત્રાસુર ખૂબ બળવાન હતો ને દેવોને પીડાકારી બની ગયો હતો. ઈન્દ્રે તેની સાથે સુલેહ કરી છળથી તેનો વધ કર્યો. આ માટે તેણે અપ્સરા રંભા દ્વારા તેને મદ્યપાન કરાવ્યું અને મત્ત અવસ્થામાં તે જ્યારે સાગરકિનારે સૂતો હતો ત્યારે તેની સાથે સન્ધિ કરી અને તેની અસાવધ દશામાં તેને હણ્યો.

અહીં શ્લોકમાં निःशङ्कमानसः પાઠ લેતાં તે ઈન્દ્રનું વિશેષણ બને છે, જે ઉચિત નથી જણાતું. તેથી પાઠ સુધાર્યો છે અને તેને निःशङ्कमानसम् એમ વાંચી વૃત્રના વિશેષણ તરીકે નિર્દેશ્યું છે. તે સંદર્ભ પ્રમાણે યોગ્ય જણાય છે.

૫૯. हितोपदेशं श्रुत्वा तु कुर्वीत च यथोचितम् ।
विदुरोक्तमकृत्वा तु शोच्योऽभूत्कौरवेश्वरः ॥

કરવું યોગ્ય હોય જે હિતોપદેશ સુણીને.
વિદુરવેણ ઉથાપી થ્યો કુરુપતિ સંતાપી.

હિતકારક ઉપદેશ સાંભળીને જે યોગ્ય હોય તે કરવું જોઈએ. વિદુરના કહ્યા પ્રમાણે ન કરીને કૌરવરાજા (ધૃતરાષ્ટ્ર) સંતાપ પામ્યા.

હિતકારક વચન કડવાં લાગે તો પણ વિવેકપૂર્વક સ્વીકારવાં જોઈએ. મહાપુરુષની કે સજ્જનની સલાહ કલ્યાણકારી હોય છે.

વિદુરની સલાહ ન માનવાથી ધૃતરાષ્ટ્ર સંતાપ પામ્યા હતા. વિદુર કૌરવોના મહામન્ત્રી હતા. તેઓ નીતિવિદ્ ને ધર્મપરાયણ હોવાની સાથે તદ્દન નિઃસ્પૃહ પણ હતા. તેમણે ધૃતરાષ્ટ્રને અનેક પ્રસંગે હિતવચન

કહ્યાં હતાં. દ્યૂતક્રીડાનો વિરોધ, સભામાં દ્રૌપદીના અપમાનટાણે સુધન્વાનું આખ્યાન કહી દ્રૌપદીના પ્રશ્નોનો યોગ્ય ઉત્તર આપવા અનુરોધ તથા પાંડવોને તેમનો રાજ્યભાગ મળે તે હેતુથી અનેકવાર ધૃતરાષ્ટ્રને બોધવચન કહ્યાં હતાં. છતાં ધૃતરાષ્ટ્રે પુત્રમોહને કારણે તથા આત્મદૌર્બલ્યને લીધે તેને ગણકાર્યાં નહીં ને તેથી તેઓ અત્યંત દુઃખી ને સંતપ્ત થયા હતા.

ખરેખર તો મહાપુરુષોની કલ્યાણકારી વાણી કે તેમનાં બોધવચનોને અવગણવાં કે પછી સ્વાર્થવશ મનમાની કરવી તે અકલ્યાણને આમંત્રણ આપવા બરાબર છે.

૬૦. बहूवन्नाशनलोभेन रोगी मन्दरुचिर्भवेत् ।
प्रभूताज्यभुजो जाड्यं दहनस्याप्यजायत ॥

મંદરુચિ બને રોગી ખૂબ ખાવાના લોભથી.
અગ્નિમાં જડતા આવી ખૂબ ઘી ભક્ષણ કરી.

ખૂબ ખાવાના લોભથી રોગી માણસ મંદાગ્નિવાળો થાય. ખૂબ ઘી ખાનાર અગ્નિને પણ જડતા આવી હતી.

અધિક ભોજન કરવું ન જોઈએ. રોગીએ તો વળી ખાસ. વધુ ભોજન કરનાર વ્યક્તિની પાચનશક્તિ મંદ થઈ જાય છે ને ભોજન પ્રત્યે અરુચિ જન્મે છે. તેમાંથી જ અનેક રોગો થાય છે. વાસ્તવમાં થોડી ભૂખ રહે તે રીતે ભોજન કરવું જોઈએ.

ઘીથી અગ્નિ પ્રજ્વલિત બને છે, પરંતુ પુરાણોમાં કથા છે કે અતિશય ઘીના ઉપયોગથી અગ્નિ પણ મંદ - જડ - થયો હતો.

કથા અનુસાર, પ્રાચીનકાળમાં શ્વેતકિ નામે એક રાજા થઈ ગયો. તેણે અનેક યજ્ઞો કર્યા હતા. તપશ્ચર્યા કરી શિવનો અનુગ્રહ પામેલ તે રાજાના યજ્ઞકાર્યમાં પુરોહિતપદે સ્વયં શિવે દુર્વાસા મુનિને નિયુક્ત કર્યા હતા. તેણે બાર વર્ષ સુધી સતત યજ્ઞો કર્યા હતા. તેના યજ્ઞસત્રમાં બાર વર્ષ સુધી સતત અગ્નિ હવિર્દ્રવ્યનું ભક્ષણ કરતો રહ્યો, જેથી તેનામાં જડતા પ્રવેશી હતી.

બહુ ઘી ખાવાથી મંદ બનેલ અગ્નિના દૃષ્ટાન્તે કરી અહીં સૂચવ્યું છે કે, શરીર સુંદર ને સ્વસ્થ રહે તે માટે થોડા ભૂખ્યા રહેવું. સ્વસ્થ શરીરથી જ ઈહલોક અને પરલોકનાં કામ ઉત્તમ રીતે થઈ શકે.

૬૧. यत्नेन शोषयेद्दोषान्न तु तीव्रव्रतैस्तनुम् ।
तपसा कुम्भकर्णोऽभून्नित्यनिद्राविचेतनः ॥

શોષવા યત્નથી દોષો, ઉગ્ર વ્રતે તનુ નહીં.
તપથી થ્યો કુંભકર્ણ નિશ્ચેત નિત-નિદ્રાથી.

પ્રયત્નપૂર્વક (પોતાના) દોષોને દૂર કરવા જોઈએ પણ કઠોર વ્રતોથી શરીરને સૂકવવું નહિ. (ઉગ્ર) તપથી (જ) કુંભકર્ણ હંમેશની નિદ્રાથી ચેતનાવિહીન બન્યો.

પોતાના દોષો-આંતરિક દોષો - પ્રયત્નપૂર્વક દૂર કરવા જોઈએ. કઠિન વ્રત કરી શરીર સૂકવવું જોઈએ નહીં.

ખરેખર તો વ્રત દ્વારા શરીર સૂકવવામાં આવે તે તપ નથી. મોટું તપ તો છે - આંતરિક દોષો દૂર કરવા તે. કામક્રોધાદિ દોષ દૂર ન થાય તો વ્રત, ઉપવાસ કે કઠિન તપસ્યાનો શો અર્થ ? તપસ્યા એટલે શરીર, પ્રાણ અને હૃદયને ચેતનવંતા બનાવી જ્ઞાન મેળવવું તે.

પરંતુ કુંભકર્ણે તો તપ કરીને ચેતનાને ગુમાવી. કુંભકર્ણે ખૂબ તપસ્યા કરી અને પછી અચેતનની જેમ પડી રહેવા લાગ્યો. કુંભકર્ણે પોતાના ભાઈ રાવણની સાથે કુબેરની બરાબરી કરવા માટે ગોકર્ણ ક્ષેત્રમાં દસ હજાર વર્ષ સુધી તપ કર્યું. બ્રહ્મદેવ જ્યારે વરદાન દેવા તૈયાર થયા તો દેવોએ બ્રહ્માજીને કુંભકર્ણે કરેલ રંજાડ વિશે જણાવી તેમનો વિરોધ કર્યો. આથી બ્રહ્માએ સરસ્વતીની સહાય લીધી ને કુંભકર્ણે વરદાનમાં દીર્ઘકાલીન નિદ્રાનો વર માગ્યો. કહેવું હતું ઈન્દ્રાસન ને બોલી બેઠો - નિદ્રાસન. તેથી તેને માટે તપનું પરિણામ - ફળ અચેતના - જડતારૂપે પ્રાપ્ત થયું.

તપ વડે તો શરીર, મન, પ્રાણ ચેતનવંતા બને, જ્યારે કુંભકર્ણ તો અચેતનતાને પામ્યો, તેમ જણાવી અહીં તન - મનની શુદ્ધિ ને સદાચાર

૫૨ ભાર મૂકવામાં આવ્યો છે.

૬૨. स्थिरताशां न बध्नीयाद्भुवि भावेषु भाविषु ।
रामो रघुः शिबिः पाण्डुः क्व गतास्ते नराधिपाः ॥

પૃથ્વીના ભાવિ ભાવોમાં, સ્થૈર્યાશા ન રાખવી.
રામ, રઘુ, શિબિ, પાંડુ, ક્યાં ગયા સહુ રાજવી ?

પૃથ્વી પર અસ્તિત્વ ધરાવતા ને ભવિષ્યમાં થનાર (પદાર્થો) વિશે તે સ્થિર હોવાની આશા રાખવી ન જોઈએ. (એટલે કે વર્તમાન ને ભવિષ્ય કશું જ સ્થિર નથી. જો તેમ=સ્થિર હોત તો) રામ, રઘુ, શિબિ, પાંડુ (જેવા) તે રાજાઓ ક્યાં ગયા?

સંસાર તો નાશવંત છે. सरति इति संसारः એ વ્યુત્પત્તિ દ્વારા પણ તે જ અર્થ સ્પષ્ટ થાય છે. અહીં કશું જ સ્થાયી નથી. સદા બદલાતું રહે છે. સદા સરકતું રહે છે. ચાલ્યું જાય છે, નષ્ટ થાય છે. તેમાં કશું જ નિત્ય કે શાશ્વત નથી. વર્તમાનમાં અસ્તિત્વ ધરાવતું જે કંઈ હોય ને ભાવિમાં જે કંઈ બનવાનું હોય તે સઘળું અસ્થાયી છે.

જો તેમ ન હોત તો એટલે કે સર્વ કંઈ સ્થિર - શાશ્વત હોત તો રામ વગેરે રાજાઓ આજે ક્યાં છે ? રામ, રઘુ, શિબિ, પાંડુ વગેરે રાજાઓ ખૂબ પરાક્રમી, વીર અને ગુણવાન હતા, દિગ્વિજયી ને કીર્તિવંત હતા, છતાં શરીરથી તેઓ રહ્યા નથી.

૬૩. विडम्बयेन्न वृद्धानां वाक्यकर्मवपुः क्रियाः ।
श्रीसुतः प्राप वैरूप्यं विडम्बिततनुर्मुनेः ॥

કરવી ના વિડંબના વૃદ્ધ-વાક્-કર્મ-દેહની.
મુનિદેહ-વિડંબના કરે શ્રીસુત વિરૂપ.

વૃદ્ધોનાં વાક્ય (= વાણી), કર્મ, શરીર અને ક્રિયાની વિડંબના કરવી જોઈએ નહીં. મુનિના શરીરની વિડંબનાથી શ્રીસુત વિરૂપતાને પામ્યો હતો.

કોઈની પણ નકલ કરવી, નિન્દા કરવી, કોઈના કામને વગોવવું તે ઠીક નથી. તો પોતાના વડીલ કે વૃદ્ધજનોની નકલ કરી મશ્કરી કરવી કે નિન્દા કરવી કેટલે અંશે યોગ્ય ગણાય ? તેમાં શિષ્ટાચાર ક્યાં ? શરીર, વાણી વગેરે તો ઈશ્વરદત્ત છે. તેની મશ્કરી ન થાય. અહંકારથી પ્રેરાઈ અન્યનું અપમાન ન કરાય.

મહાજ્ઞાની અષ્ટાવક્ર મુનિના શરીરની શ્રીસુતે નિન્દા કરી જેથી તે પોતે કુરૂપ બની ગયો હતો.

૬૪. नोपदेशेऽप्यभव्यानां मिथ्या कुर्यात्प्रवादिताम् ।
शुक्रषाड्गुण्यगुप्तापि प्रक्षीणा दैत्यसंततिः ॥

અભાગીને ઉપદેશી કરો મા મિથ્યા પ્રવાદ.
શુક્ર-નીતિસુરક્ષિત દૈત્યવંશ થયો નષ્ટ.

ભાગ્ય વગરનાઓને ઉપદેશ કરી નાહક - નકામો બકવાસ ન કરવો. શુક્રાચાર્યની છ ગુણયુક્ત રાજ્યનીતિથી રક્ષાયેલ હોવા છતાં દૈત્યોની પરંપરા નાશ પામી.

કોઈને પણ ઉપદેશ ન દેવો, ખાસ કરીને દુરાચારી, અભિમાની તથા અન્યાયીને તો નહીં જ, કેમ કે, સ્વભાવથી દુષ્ટ તેઓ ઉપદેશ ગ્રહણ તો ન કરે પણ ઉપરથી ઉપદેશ આપનારની જ હાંસી કરે.

દાનવગુરુ શુક્રાચાર્યની ષાડ્ગુણ્યનીતિથી દાનવો સુરક્ષિત હતા છતાં દાનવોએ તેમનો ઉપદેશ સ્વીકાર્યો નહીં. ને ઉપરથી દેવો સાથે સુલેહ કર્યાનો આરોપ મૂકી તેમણે તેમને બદનામ કર્યા.

૬૫. न तीव्रदीर्घवैराणां मन्युं मनसि रोपयेत् ।
कोपेनापातयन्नन्दं चाणक्यः सप्तभिर्दिनैः ॥

લાવો ન રોષ મનમાં, ઉગ્ર ને દૃઢ વેરીના.
ચાણક્યે પાડ્યો નંદને કોપથી સાત દિનમાં.

ઉગ્ર ને દીર્ઘ વેરવાળા (= પ્રબળ વેરી)ના મનમાં

ક્રોધ જન્માવવો ન જોઈએ, કોપને લીધે ચાણક્યે સાત દિવસમાં નંદને પાડ્યો.

જલદી ગુસ્સે થનાર તીક્ષ્ણ સ્વભાવવાળાથી બચવું, તેને કદી ગુસ્સે થવાની તક ન આપવી. તેનાથી શત્રુતા કદી ન વહોરવી, ક્રોધ પોતે જ ખરાબ અને તેમાં ક્રોધવશ શત્રુતા આચરવામાં આવે, તે તો વિશેષ ખરાબ કહેવાય, માટે તેવા લોકોથી બચવું.

ચાણક્ય બહુ મોટો વિદ્વાન ને નીતિનિપુણ હતો છતાં તે ક્રોધી હતો. મગધરાજ નંદને ત્યાં શ્રાદ્ધનિમિત્તે જ્યારે તે નિમન્ત્રિત થયો હતો ત્યારે રાજાએ તેને જરા છંછેડ્યો તો ચાણક્યે સાત દિનમાં નંદવંશનો નાશ કરવાની પ્રતિજ્ઞા કરી અને તે પૂરી પણ કરી. નંદરાજાઓ જેવા દુષ્ટ રાજવંશના હાથમાં રહેલ પૃથ્વીને તેણે મુક્ત કરી હતી.

६६. न सतीनां तपोदीप्तं कोपयेत्क्रोधपावकम् ।
वधाय दशकण्ठस्य वेदवत्यत्यजत्तनुम् ॥

તપથી દીપ્ત કોપાગ્નિ સતીનો ન કોપાવવો.
વેદવતી ત્યજે દેહ રાવણ-વધનો મસો.

સતીઓના તપથી પ્રદીપ્ત ક્રોધરૂપી અગ્નિને કોપાવવો નહિ (= પ્રજ્વલિત ન કરવો). (ગુસ્સે થયેલ) વેદવતીએ રાવણના વધ માટે (પોતાના) શરીરનો ત્યાગ કર્યો.

શીલવાન સદાચારી પતિવ્રતા નારી સતી કહેવાય. અને પતિની પરમેશ્વરરૂપે પૂજા કરવી તે છે સતીનું તપ. તેવી સતીના ક્રોધાગ્નિને પ્રજ્વલિત કરો તો વિનાશ જ સર્જાય.

સીતાના પૂર્વાવતારરૂપ વેદવતી એકવાર તપશ્ચર્યા કરતી હતી ત્યારે રાવણે તેની સાથે બળજબરી કરવા પ્રયત્ન કર્યો, પણ વેદવતીએ પરપુરુષના સ્પર્શથી પોતાને દૂષિત માની અગ્નિમાં પ્રવેશ કર્યો. તે રીતે તેણે પોતાની જાતને તો બચાવી, પણ તે પૂર્વે રાવણને શાપ આપ્યો. રાવણે કુદૃષ્ટિ કરી તેથી છંછેડાઈને વેદવતીએ પ્રાણ ત્યજ્યા અને સીતારૂપે પુનર્જન્મ લઈ તેના નાશનું નિમિત્ત બની.

६७. गुरुमाराधयेद्भक्त्या विद्याविनयसाधनम् ।
रामाय प्रददौ तुष्टो विश्वामित्रोऽस्त्रमण्डलम् ॥

વિદ્યા-વિનય સાધતા ગુરુ આરાધો ભક્તિથી.
અસ્ત્રો આપ્યાં રામને વિશ્વામિત્રે પ્રસન્ન થૈ.

વિદ્યા અને વિનય આપનાર ગુરુને ભક્તિપૂર્વક આરાધવા જોઈએ. (તેમ કરવાથી) પ્રસન્ન થયેલ વિશ્વામિત્રે રામને અનેક અસ્ત્રો આપ્યાં હતાં.

વિદ્યા અને વિનય શીખવતા ગુરુની શ્રદ્ધાપૂર્વક આરાધના કરવી જોઈએ. વિદ્યા અને વિનય થકી જીવન સફળ બને છે.

વિશ્વામિત્રની સાથે રહેતા રામે તેમની શ્રદ્ધાપૂર્વક સેવા કરી હતી. તેનાથી પ્રસન્ન થઈ વિશ્વામિત્રે રામને અસ્ત્રશસ્ત્રવિદ્યાનું દાન દીધું હતું.

६८. वसु देयं स्वयं दद्याद्बलाद्यद्वापयेत्परः ।
द्रुपदोऽपह्नवी राज्यं द्रोणेनाक्रम्य दापितः ॥

ધન આપો, ખુદ આપો, અપાવે બલથી બીજો.
રાજ્ય અપાવ્યું દ્રોણે જે દ્રુપદ પાસે જૈ ધસી.

આપવાયોગ્ય ધન (= દાન) જાતે જ આપવું જોઈએ. (નહીં તો) બીજો (માણસ) બળપૂર્વક જે અપાવે છે, (પોતાનું) વચન ટાળનાર દ્રુપદ પાસે દ્રોણે આક્રમણ કરી રાજ્ય અપાવ્યું હતું.

કોઈને કંઈ આપવાનું વચન આપ્યું હોય અથવા નિશ્ચિતસમયે કંઈપણ આપવાનું હોય તો માગ્યા વગર આપવું જોઈએ. ન કોઈએ માગવું પડે કે ન કોઈ દબાણપૂર્વક અપાવડાવે. એમ ન કરવાથી બદનામી થાય છે. આપવાયોગ્ય જે હોય તે સ્વયં ખુશીથી આપવું જોઈએ.

દ્રુપદ અને દ્રોણમાં મૈત્રી હતી. દ્રોણ વિદ્વાન પણ ગરીબ હતા. દ્રુપદે દ્રોણના પિતા ભારદ્વાજ પાસે અસ્ત્રવિદ્યા - ધનુર્વિદ્યા શીખી હતી. અંતે ગુરુદક્ષિણા આપતાં તેણે ગુરુને વચન દીધું હતું કે પોતે રાજ્યાધિકાર પામશે ત્યારે તે દ્રોણને પોતાના રાજ્યનો અમુક હિસ્સો આપશે. પરંતુ જ્યારે દ્રોણ

રાજા બનેલ દ્રુપદ પાસે મદદ માટે ગયા તો મદાંધ દ્રુપદે સહાય કરવાને બદલે તેમને ઉપહાસ ને તિરસ્કાર કરી જાકારો આપ્યો. દ્રોણે કૌરવ-પાંડવ વગેરે અનેક શિષ્યોને ધનુર્વિદ્યા શીખવી, તેમાં અર્જુન પાસે તેમણે ગુરુદક્ષિણામાં રાજા દ્રુપદને બંદી બનાવવા કહ્યું. તે મુજબ દ્રુપદને જીતીને તેનું રાજ્ય પડાવી લઈ અડધો ભાગ પોતે રાખી બાકીનું રાજ્ય દ્રુપદને પાછું આપ્યું. અંતે દ્રોણે દ્રુપદને માફ કર્યો પણ તેની કીર્તિ તો નાશ પામી.

૬૯. साधयेद्धर्मकामार्थान्परस्परमबाधकान् ।
त्रिवर्गसाधना भूपा बभूवुः सगरादयः ॥

ધર્મ, અર્થ, કામ સાધો પરસ્પર બાધા વિના.
સગરાદિ નૃપોએ જે કરી ત્રિવર્ગસાધના.

પરસ્પર બાધક ન બને તે રીતે, ધર્મ, અર્થ અને કામ સાધવાં જોઈએ. સગર વગેરે રાજાઓ (આ રીતે) ત્રિવર્ગને સાધનારા હતા.

ધર્મનું મૂળ અર્થ, અર્થનું મૂળ રાજ્ય, વૈભવ વગેરે અને તે વૈભવનું મૂળ ઈન્દ્રિયસંયમ. કામનું મૂળ પણ અર્થ. આમ, ધર્મ, અર્થ, કામ ત્રણે એકમેક પર નિર્ભર છે. ત્રણેયનું મહત્ત્વ છે. તેથી ઉચિત રીતે ત્રિવર્ગનું પાલન કરવામાં આવે તો યશ મળે છે ને અન્તે મોક્ષપ્રાપ્તિ થાય છે.

સગર વગેરે અનેક રાજાઓ થઈ ગયા, જેઓ ત્રિવર્ગને સાધનારા હતા.

૭૦. स्वकुलान्न्यूनतां नेच्छेत्तुल्यः स्यादथवाधिकः ।
सोत्कर्षेऽपि रघोर्वंशे रामोऽभूत्स्वकुलाधिकः ॥

સ્વકુલે નીચા ના થવું, થવું સમ કે અધિક.
ઉત્કૃષ્ટ રઘુના વંશે થયા રામ કુલાધિક.

પોતાના કુળથી ન્યૂનતા ઈચ્છવી નહીં પણ કાં તો તેને સમાન (= બરોબરિયા) અથવા તો ચડિયાતા થવું. ઉત્કર્ષ પામેલા રઘુના વંશમાં પણ રામ પોતાના કુળથી ચડિયાતા બન્યા.

મનુષ્યે હમેશાં ઉત્કૃષ્ટ બનવાની ઈચ્છા રાખવી જોઈએ. પોતાના કુળને ગૌરવ મળે, પોતાના પૂર્વજોની કીર્તિમાં વૃદ્ધિ થાય તેવા પ્રયાસ કરવા જોઈએ. પણ કદીય ઊતરતા થવાની એટલે કે કુળના ગૌરવને હાનિ પહોંચે તે રીતે વર્તવાની વૃત્તિ હોવી ન જોઈએ. જેમ કે, ઈક્ષ્વાકુવંશમાં અનેક ઉત્તમોત્તમ કીર્તિવન્ત રાજાઓ થઈ ગયા, તેમાં રામ સવિશેષ ઉત્કૃષ્ટ બની રહ્યા.

૭૧. कुर्यात्तीर्थाम्बुभिः पूतमात्मानं सततोज्ज्वलम् ।
लोमशादिष्टतीर्थेभ्यः प्रापुः पार्थाः कृतार्थताम् ॥

તીર્થજલે કરો સદા પંડ્ય પાવનોજ્જવલ.
લોમશે ચીંધ્યા તીર્થોમાં થયા કૃતાર્થ પાંડવો.

તીર્થજલ વડે આત્માને (= પોતાની જાતને) સતત (= હંમેશ) પવિત્ર ને ઉજ્જવલ કરવો. લોમશે બતાવેલ તીર્થોમાંથી (તેમાં સ્નાન કરીને) પાંડવો કૃતાર્થતા પામ્યા (= કૃતાર્થ બન્યા).

જ્યાં સ્નાન કરવાથી, જેના દર્શનથી કે જ્યાં સત્કર્મ કરવાથી શાન્તિ મળે, કલ્યાણ થાય-તે તીર્થ કહેવાય. જેમ કે, હરિદ્વાર, પ્રયાગ, કાશી, બદરી-કેદાર, રામેશ્વર, દ્વારિકા, જગન્નાથપુરી વગેરે અનેક તીર્થો પ્રસિદ્ધ છે.

મનની શાન્તિ તથા હૃદયની નિર્મળતા ને પ્રસન્નતા માટે તીર્થયાત્રા કરાતી હોય છે. સત્સંગ દ્વારા ગુણોની વૃદ્ધિ તથા કષાયોનો નાશ થાય છે. જાણ્યે-અજાણ્યે કરેલ પાપનો નાશ થાય ને ઈશ્વરભક્તિમાં મન સહેજે પરોવાય.

પાંડવોએ રાજ્યપ્રાપ્તિ માટે મહાભારતયુદ્ધ ખેલ્યું. સ્વાર્થવશ પોતાના જ કુળનો નાશ વહોર્યો. પોતે કરેલ આ પાપથી અશાંત થયેલ તેઓ તીર્થયાત્રા કરી શાન્તિ પામ્યા ને પવિત્ર થયા. મહાભારતમાં જણાવ્યા પ્રમાણે, ઈન્દ્રની આજ્ઞાથી લોમશ ઋષિએ પાંડવો પાસે જઈ તેમને તીર્થયાત્રા કરવા જણાવ્યું ને તેઓ યુધિષ્ઠિર વગેરે સાથે મહેન્દ્ર પર્વત, પ્રભાસક્ષેત્ર, યમુનાતટ, કૈલાસગિરિ, ગંધમાદનપર્વત વગેરે અનેક સ્થળે ફર્યા હતા.

७२. आपत्कालोपयुक्तासु कलासु स्यात्कृतश्रमः ।
नृत्तवृत्तिर्विराटस्य किरीटी भवनेऽभवत् ॥

કરો યત્ન કલા વિશે આફતે કામ આવે જે.
ભવનમાં વિરાટના બન્યો નર્તક અર્જુન.

આપત્તિના સમયે ઉપયોગી બને તેવી કલાઓ વિશે પરિશ્રમ કરવો જોઈએ (= મહેનત કરીને શીખવી જોઈએ) (તે દ્વારા) વિરાટ(રાજા)ના મહેલમાં અર્જુન નૃત્યથી આજીવિકા પામનાર (= નર્તક) થયો.

વિવિધ વિદ્યાઓ ને કલાઓ વિષયક જાણકારી મેળવવી જોઈએ, જે મુશ્કેલીમાં કામ આવે. શીખેલું કદી નિષ્ફળ નથી જતું.

અર્જુન મહાન યોદ્ધો હતો. શસ્ત્રાસ્ત્રવિદ્યામાં પારંગત એવો ઉત્તમ ધનુર્વિદ્ હતો. તેણે સ્વર્ગમાં ઈન્દ્ર પાસે જઈ અનેક અસ્ત્રોનું જ્ઞાન મેળવ્યું હતું. સાથેસાથે ગીત-વાદ્ય-નૃત્યકલા પણ શીખ્યો હતો. આમાં તેને ચિત્રસેન નામે ગંધર્વે મદદ કરી હતી. આ કલાનું જ્ઞાન તેને પોતાના અજ્ઞાતવાસ દરમ્યાન ઉપયોગી નીવડ્યું હતું.

પાંડવોને રાજ્યભાગ આપવો ન પડે તે માટે દુર્યોધને કપટપૂર્વક તેમને બાર વર્ષનો વનવાસ અને એક વર્ષનો અજ્ઞાતવાસ આપ્યો હતો. તેમાં અજ્ઞાતવાસ દરમ્યાન પાંડવો છદ્મવેશે વિરાટરાજાને ત્યાં રહ્યા હતા. અર્જુન તે સમયે બૃહન્નલા નામે નર્તક બની અંતઃપુરની રાજકુમારી તથા રાણીઓને નાચવાગાવાનું શીખવતો હતો. સ્વર્ગમાં ઉર્વશીની કામયાચનાનો અસ્વીકાર કરવાને લીધે તેણે જે નપુંસક થવાનો શાપ અર્જુનને આપ્યો હતો તે પણ આ અજ્ઞાતવાસમાં તેને ઉપકારક બન્યો હતો.

७३. अरागभोगसुभगः स्यात्प्रसक्तविरक्तधीः ।
राज्ये जनकराजोऽभून्निर्लेपोऽम्भसि पद्मवत् ॥

કરી બુદ્ધિ વિરાગી જે ભોગે વિરાગી થાય.
રાજયે જનક નિર્લેપ જલમધ્યે પદ્મસમ.

બુદ્ધિને સતત વિરક્ત બનાવીને ભોગોની સુલભતામાં પણ રાગ વિનાના રહેવું. જનકરાજા રાજ્યને વિશે, પાણીમાં કમળની જેમ નિર્લેપ હતા.

ભોગવિલાસમાં આસક્ત થવું નહીં. સંસારના યથોચિત વ્યવહાર નિભાવવા પણ આસક્તિ ન રાખવી, ધનદોલત, કુટુંબપરિવાર, સગાંસંબંધી બધાં જ, જીવન છે તો છે. મૃત્યુ પછી તેમાંનું કંઈ જ સાથે આવતું નથી. સાથે આવે છે કેવળ કરેલાં કર્મ-સારાં કે ખોટાં કર્મ. સત્કર્મ થકી યશ મળે ને તે દ્વારા આ લોકની સાથે પરલોક પણ સુધરે. તેથી જ્ઞાનવિવેક છોડી કદીય મોહમાયામાં ફસાવું જોઈએ નહીં. પાણીમાં ખીલેલું કમળ પાણીમાં રહે છે છતાં પાણીથી અલિપ્ત રહે છે તે રીતે મનુષ્યે વર્તવું જોઈએ.

રાજા જનક મિથિલાનરેશ હોવા છતાં તેમને કશાયમાં આસક્તિ ન હતી. તે અંગે એક કથા બહુ જાણીતી છે. એકવાર રાજા જનક અન્ય સૌ ભાવિકજનો સાથે ધર્મકથાશ્રવણ કરતા હતા. ગુરુની વાણીના પ્રવાહમાં સૌ કોઈ લીન થયા હતા. તેવામાં ખબર આવી કે નગરમાં આગ લાગી છે. ચિંતાતુર થઈ સૌ કોઈ ધર્મકથા છોડીને પોતપોતાની સંપત્તિને યથાશક્ય બચાવવા દોડ્યા, અરે ! ગુરુજીના શિષ્યો સુધ્ધાં પોતાનાં લંગોટી ને લાકડીની લ્હાયમાં ચિંતિત થઈ દોડી ગયા. ન ગયા માત્ર જનક. ગુરુજીએ તેમને પૂછ્યું - તમારે તો સૌપ્રથમ દોડવું જોઈતું હતું. તમે કેમ ન ગયા ? રાજા જનકે જવાબ આપ્યો - મિથિલા ભડકે બળતી હોય તેમાં જનકને શું લાગેવળગે ? અર્થાત્ તેઓ તો સદા આત્મદશામાં જ રહેતા. સંસારના સુખોપભોગ તથા એશોઆરામની વચ્ચે પણ તેઓ સંપૂર્ણતયા નિઃસ્પૃહ ને નિરાસક્ત થઈ જીવતા હતા.

७४. अशिष्यसेवया लाभलोभेन स्याद्गुरुर्लघुः ।
संवर्तयज्ञयाञ्चाभिर्लज्जां लेभे बृहस्पतिः ॥

લાભલોભે લઘુ બને, ગુરુ અશિષ્યસેવાથી.
દેવગુરુ થ્યા લજ્જિત સંવર્તયજ્ઞે યાચીને.

લાભના લોભને લીધે અશિષ્ય (= જેને શીખવી - સમજાવી ન શકાય તેવા)ની સેવા કરવાથી ગુરુ (= મહાન) પણ લઘુ (= હલકો) બને છે. સંવર્તના યજ્ઞમાં યાચના કરવાથી બૃહસ્પતિને (પણ) લજ્જિત થવું પડ્યું.

આજ્ઞાકારી, શ્રદ્ધાવાન ને ભક્ત હોય તેને શિષ્ય કહેવાય. જ્યારે સ્વાર્થ સાધતા, આજ્ઞા ન પાળતા ને તર્કવિતર્ક કરનાર તો અશિષ્ય ગણાય. આવા અશિષ્યની સેવા કરવાથી ગુરુ પણ લઘુ બને, તેની મોટાઈ નાશ પામે.

દેવગુરુ-બૃહસ્પતિએ સંવર્તના યજ્ઞમાં આચાર્ય થવાની ઈચ્છા કરી હતી પરંતુ સંવર્તે તેમ ન કરતાં તેમને અપમાનિત થવું પડ્યું હતું.

આંગિરસકુળમાં જન્મેલ બૃહસ્પતિને સંવર્ત અને ઉતથ્ય નામે બે ભાઈઓ હતા. બૃહસ્પતિ દેવોના પુરોહિત હતા તેમ રાજા મારુતના પણ પુરોહિત હતા. એકવાર જ્યારે તેઓ ઈન્દ્રના નિમન્ત્રાણથી સ્વર્ગમાં યજ્ઞ કરાવવા ગયા ને ત્યાં સુખસાધનો ને વિલાસ જોઈ ત્યાં જ રહી ગયા, પછી જ્યારે મારુત રાજાને યજ્ઞ કરાવવો હતો ત્યારે તેણે બૃહસ્પતિની અનુપસ્થિતિમાં તેમના ભાઈ સંવર્તને પુરોહિતપદે સ્થાપી યજ્ઞનો આરંભ કર્યો. બૃહસ્પતિને તેની જાણ થતાં, તે યજ્ઞ કરાવવા માટે પોતે યાચના કરી, પણ શરૂ થયેલ યજ્ઞ અટકાવવાની સંવર્તે ના પાડી. આથી બૃહસ્પતિને અપમાનિત થવું પડ્યું. તેમણે ઈન્દ્ર દ્વારા યજ્ઞધ્વંસ કરાવવાની કોશિશ પણ કરી હતી.

૭૫. नष्टशीलां त्यजेन्नारीं रागवृद्धिविधायिनीम् ।
चन्द्रोच्छिष्टाधिकप्रीत्यै पत्नी निन्द्याप्यभूद्गुरोः ॥

શીલભ્રષ્ટા સ્ત્રી છાંડવી રાગાસક્તિ વધારતી.
ચન્દ્રે છાંડી નિન્દ્યા તો યે ગુરુપત્ની થૈ પ્રેમથી.

શીલભ્રષ્ટ સ્ત્રી રાગ-આસક્તિ વધારનારી હોય તો પણ (તેને) ત્યજવી જોઈએ, ચન્દ્રથી ભોગવાયેલ હોઈ નિન્દ્ય હોવા છતાં, ગુરુની પત્ની (તેને) ખૂબ પ્રીતિ

ઉપજાવનારી થઈ હતી.

દુરાચારી સ્ત્રી પતિતા ને અધમ ગણાય તેથી તેનો ત્યાગ જ કરવો જોઈએ.

બૃહસ્પતિની પત્ની તારાને અપહૃત કરી ચન્દ્રે તેને ભોગવી હતી. પરંતુ બ્રહ્માએ મધ્યસ્થ બની તારાને પાછી સોંપી હતી અને ચન્દ્રથી ભ્રષ્ટ થયેલ હોવા છતાં, તેના પ્રત્યેના પ્રેમને લીધે બૃહસ્પતિએ તેને પુનઃ સ્વીકારી હતી, જેથી તેમની ખૂબ નિન્દા થઈ.

૭૬. न गीतवाद्याभिरतिर्विलासव्यसनी भवेत् ।
वीणाविनोदव्यसनी वत्सेशः शत्रुणा हृतः ॥

ગીત-વાદ્યે રુચિ ન હો કે ના વિલાસ-વ્યસની.
વીણાવ્યસને વત્સેશ હરાયા જે શત્રુ થકી.

ગીત-વાદ્યમાં અત્યન્ત પ્રીતિવાળા તથા વિલાસના વ્યસની ન બનવું જોઈએ. વીણાથી વિનોદ પામવાના વ્યસની વત્સરાજ શત્રુ દ્વારા હરી જવાયા.

ગીત-વાદ્ય જેવી કલાઓને વિશે પ્રીતિ રાખવી, તેને શીખવા માટે ઉદ્યમ કરવો એ સારી વાત છે પરંતુ તેમાં આસક્તિ હોવી બરાબર ન લેખાય. તેમ કરવાથી નુકશાન થાય છે.

કૌશામ્બીના રાજા ઉદયનને વીણા વગાડવાનો શોખ હતો. તેઓ વીણા વગાડી જંગલી પ્રાણીઓને પણ મોહિત કરી શકતા. ઉજ્જૈનનો રાજા ચંડપ્રદ્યોત ઉદયનના આ શોખથી પરિચિત હતો. તેણે પોતાના મંત્રીઓની સલાહથી યંત્રથી ચાલતો એક વિશાળકાય લાકડાનો હાથી બનાવી તેમાં શસ્ત્રસજ્જ સૈનિકોને ગોઠવી ઉદયનના રાજ્યની સીમામાં મૂક્યો. ઉદયન તેને વશ કરવા તત્પર બન્યો. વીણા વગાડવામાં રત થયેલ ઉદયનને ખ્યાલ ન રહ્યો કે હાથી વશ થવાને બદલે પોતે હાથીને વશ થઈ દૂર દૂર ચાલ્યો ગયો છે ને અન્તે હાથીમાં છુપાયેલા સૈનિકોએ ઉદયનને કેદ કરી લીધો.

૭૭. उद्वेजयेन्न तैक्ष्ण्येन रामाः कुसुमकोमलाः ।
सूर्यो भार्याभयोच्छित्त्यै तेजो निजमशातयत् ॥

પુષ્પકોમલ નારીને ઉદ્વેગ ના દ્યો ઉગ્ર થૈ.
સૂર્યે કમી કર્યું તેજ ભાર્યાભય શમાવવા.

કુસુમસમી કોમળ સ્ત્રીઓને ઉગ્રતાથી ઉદ્વેગ ન પમાડાય. પત્નીના ભયને દૂર કરવા માટે સૂર્યે પોતાનું તેજ ઓછું કરાવ્યું.

તન,મન, હૃદય,વાણી ને સ્વભાવથી અતિ સુકોમળ એવી સ્ત્રીઓ સાથે મૃદુ વ્યવહાર જ કરવો જોઈએ.

પ્રેમ-સદ્‌ભાવને બદલે જો તેની આગળ શક્તિ અને તેજનું પ્રદર્શન કરવામાં આવે તો તે પ્રસન્ન ન થતાં ઉદ્વેગ પામે છે.

હરિવંશપુરાણમાં જણાવ્યા પ્રમાણે, સૂર્યે પોતાની કોમળ પત્નીનો ભય દૂર કરવા માટે પોતાનું તેજ ઓછું કરાવ્યું હતું. આ માટે સૂર્યપત્ની સંજ્ઞાના પિતા વિશ્વકર્માએ સૂર્યનું તેજ શોષી લીધું હતું, જેમાંથી વિષ્ણુનું સુદર્શનચક્ર, શિવનું ત્રિશૂલ અને કાર્તિકેયની શક્તિનું નિર્માણ થયું હતું.

૭૮. पद्मवन्न नयेत्कोषं धूर्तभ्रमरभोज्यताम् ।
सुरैः क्रमेण नीतार्थः श्रीहीनोऽभूत्पुराम्बुधिः ॥

પદ્મસમ કોષ ન હો ધૂર્ત ભ્રમરનો ભોગ.
દેવોએ ધન લૈ લેતાં શ્રીહીન થયો સાગર.

કમળની જેમ પોતાનો કોષ (=ખજાનો) ધૂર્ત ભ્રમરનું ભોજ્ય (= ભોગ માટેનો પદાર્થ) ન બનાવાય. (તેમ કરવાને લીધે જ) દેવોએ ક્રમે ક્રમે જેની સંપત્તિ લઈ લીધી છે તેવો સમુદ્ર શ્રીહીન - લક્ષ્મી વગરનો - (અથવા શોભાવિહીન) બન્યો.

એટલા ઉદાર ન થવું કે લોભિયા ને ઠગ લોકો ફાવી જાય. બધું જ મર્યાદામાં શોભે. વળી, દાન દેવું તે પણ પાત્રતા વિચારીને.

સમુદ્રે ઉદાર થઈ દેવદાનવોને ચૌદ રત્નો આપ્યાં. સમુદ્રને મથીને સઘળું લઈ લેવાતાં, સમુદ્ર પોતે શ્રીહીન - સંપત્તિહીન - શોભાહીન બની ગયો.

૭૯. नोपदेशामृतं प्राप्तं भग्नकुम्भनिभस्त्यजेत् ।
पार्थो विस्मृतगीतार्थः सासूयः कलहेऽभवत् ॥

પામી અમૃત બોધનું ના ત્યજો ભગ્નકુંભવત્.
ભૂલી ગીતાર્થને પાર્થે કર્યો ઈર્ષ્યાથી કલહ.

ઉપદેશ રૂપી અમૃત પ્રાપ્ત (કરીને) ફૂટેલા ઘડાની જેમ (તેને) ત્યજી ન દેવાય. ગીતાનો મર્મ ભૂલી જઈને અર્જુન અસૂયાપૂર્વક કલહમાં પ્રવૃત્ત થયો.

મહાત્માઓના ઉપદેશનું ગ્રહણ કરી તેને વળગી રહેવું જોઈએ.

અર્જુન કૃષ્ણનો ઉપદેશ - ગીતા - ને ભૂલી ગયો અને બીજાઓ સાથેના વિરોધ-લડાઈ તથા અન્યના દોષદર્શન કરવા લાગ્યો. તે અસૂયાને કારણે કલહમાં પ્રવૃત્ત થયો.

અન્તે મહાપ્રસ્થાનપ્રસંગે જ્યારે અર્જુનનું પતન થાય છે ત્યારે યુધિષ્ઠિર કહે છે કે, અર્જુન કહેતો કે, હું એકલો જ શત્રુઓનો નાશ કરીશ પણ તેણે તેમ કર્યું નહીં. વળી, અનેક ધનુર્ધારીઓનું તે અપમાન કરતો. તેથી તેનું પતન થયું.

૮૦. न पुत्रायत्तमैश्वर्यं कार्यमार्यैः कदाचन ।
पुत्रार्पितप्रभुत्वोऽभूद्धृतराष्ट्रस्तृणोपमः ॥

આર્યજનો ઐશ્વર્યને કરવું ના પુત્રાધીન.
પ્રભુતા સોંપી પુત્રને ધૃતરાષ્ટ્ર થ્યા તૃણવત્.

આર્યજનોએ (પોતાનું) ઐશ્વર્ય કયારેય પુત્રને આધીન કરવું નહીં. પુત્રને સત્તા સોંપી ધૃતરાષ્ટ્ર તણખલાસમા (તુચ્છ) થયા હતા.

પુત્ર પિતાનો ઉત્તરાધિકારી મનાય છે. પિતાના મૃત્યુ બાદ તો તે પિતાની સંપત્તિનો હકદાર બને પરંતુ પિતાએ પોતાના જીવતાં, વિવેક ભૂલી સઘળી સંપત્તિ પુત્રને ન સોંપવી. પુત્ર દ્વારા સંપત્તિનો યોગ્ય ઉપયોગ - સદુપયોગ થશે કે કેમ ? પુત્ર તે માટે અધિકારી છે કે કેમ ? તે વિચારવું જોઈએ. દુરાચારી ને ધૂર્ત પુત્રોને પ્રેમ કે મોહવશ સઘળી સંપત્તિ આપી દઈ તેના દુરાચારને પોષવો ન જોઈએ.

ધૃતરાષ્ટ્રે મિથ્યા મોહમાં પડી, પોતાના દુરાચારી પુત્રોને સઘળું સોંપી દીધું ને તેમણે અભિમાની બની અત્યાચાર આદર્યો. તેમાં પિતા ધૃતરાષ્ટ્રની અવગણના સુધ્ધાં કરતાં તેઓ અચકાયા નહીં. આમ, પુત્રને સત્તા સોંપીને ધૃતરાષ્ટ્ર તૃણસમાન તુચ્છ-તિરસ્કૃત થયા હતા.

૮૧. न शत्रुरोषदूष्याणां स्कन्धे कार्यं समर्पयेत् ।
निष्प्रतापोऽभवत्कर्णः शल्यतेजोवधार्दितः ॥

શત્રુરોષે દૂષિતના સ્કન્ધે બોજ ન રાખવો.
થયો કર્ણ તેજહીન, તેજોવધ શલ્યે કર્યો.

શત્રુઓના રોષથી દૂષિત થઈ શકે તેવાઓને જવાબદારી સોંપવી ન જોઈએ. શલ્યે કરેલા તેજોવધથી દુઃખી થયેલ કર્ણ પ્રતાપહીન બન્યો હતો.

દુશ્મનને પોતાની જવાબદારી સોંપાય નહીં, કેમ કે તેનાથી નુકશાન જ થાય ને અપમાનિત થવું પડે.

મહાભારતના યુદ્ધમાં કર્ણે શલ્યને સારથિ બનાવ્યો હતો. શલ્યના મતે કર્ણ કુળ તથા શક્તિની દૃષ્ટિએ હીન હતો. તેથી શલ્યની ઈચ્છા ન હોવા છતાં દુર્યોધનની વિનંતીથી તે સંમત થયો હતો. પરંતુ તેણે શરત રાખી હતી કે પોતે કર્ણને જે કંઈપણ સાચુંખોટું કહે તે તેણે સાંભળવું પડશે. કર્ણે તેને જવાબ ન દેવો. યુદ્ધના મેદાનમાં શલ્યે અર્જુન, કૃષ્ણ વિરુદ્ધ ગમે તેમ કહેવા માંડ્યું. એટલું જ નહીં, કર્ણની મર્યાદાઓ પણ

વીણીવીણીને કહેવા લાગ્યો. ચિત્રસેન ગંધર્વ સાથેના યુદ્ધમાં કર્ણનું પલાયન, વિરાટપુત્ર ઉત્તર દ્વારા તેનો પરાજય જેવા પ્રસંગોની યાદ અપાવી તેનો તેજોભંગ કરતો રહ્યો તેથી કર્ણનો પ્રતાપ નાશ પામ્યો.

૮૨. न लब्धे प्रभुसम्माने फलक्लेशं समाश्रयेत् ।
ईश्वरेण धृतो मूर्ध्नि क्षीण एव क्षपापतिः ॥

પ્રભુસંમાન પામતાં ફલપીડા ન પામવી.
ધર્યો શિર પરે શિવે તો ય ચન્દ્ર છે જ ક્ષીણ.

સ્વામી દ્વારા સંમાન પ્રાપ્ત થાય ત્યારે ફળ પામવામાં થયેલ કલેશ (=પીડા) ગણકારાય નહીં. શંકરે મસ્તક ઉપર ધારણ કરેલ ચન્દ્ર ક્ષીણ જ છે.

ઊંચું સ્થાન, ઊંચું માન પામવાને માટે એવું કંઈ ન કરવું, જે પીડાકારી બને. સન્માન મેળવવા સારુ વિવેકહીન વર્તન ન કરવું; પરંતુ પ્રતિષ્ઠા જળવાય ને પીડા ન થાય તેવા પ્રયત્નો જ કરવા જોઈએ. અને જો ફલ પામવામાં કષ્ટ ઉઠાવવાં પડે તો તેને ધ્યાનમાં લેવાં નહીં.

ચન્દ્રમાએ શંકરના માથે રહેવાનું સન્માન મેળવ્યું પરંતુ તે છે તો ક્ષીણ જ. સામાન્યતયા પૂર્ણચન્દ્ર જ વધુ આકર્ષક ને આહ્લાદક જણાય છે. છતાં, શિવ દ્વારા સંમાનિત ચન્દ્ર તો ક્ષીણ-એટલે કે બીજનો ચન્દ્ર છે, સંપૂર્ણ કલાસંપન્ન નહીં. આમ, દક્ષના શાપથી પ્રાપ્ત થયેલ ક્ષીણતા શિવસંમાનથી પીડાકારી ન રહી.

૮૩. श्रुतिस्मृत्युक्तमाचारं न त्यजेत्साधुसेवितम् ।
दैत्यानां श्रीवियोगोऽभूत्सत्यधर्मच्युतात्मनाम् ॥

શ્રુતિસ્મૃતિના આચારો સાધુસેવ્યા ત્યજો નહીં.
શ્રીરહિત થયા દૈત્યો સત્યધર્મથી ચ્યુત થૈ.

શ્રુતિ (=વેદ) અને સ્મૃતિ (ગ્રન્થો)માં કહેવામાં આવેલા તથા સજ્જનો વડે સેવન કરાયેલા આચારોનો ત્યાગ ન કરવો. સત્યધર્મથી ચ્યુત થયેલા દૈત્યોનો લક્ષ્મી

(અથવા રાજ્યલક્ષ્મી) થી વિયોગ થયો હતો.

શ્રુતિ એટલે વેદોમાં તથા સ્મૃતિગ્રન્થોમાં નિરૂપેલ આચારનું પાલન કરવું જોઈએ. સત્ય એ સૌથી મોટો ધર્મ છે. તેનું પાલન અતિ આવશ્યક મનાયું છે. સત્ય હોય ત્યાં શ્રી, કીર્તિ ને વિજય રહે છે.

દાનવોએ સત્યનું પાલન છોડ્યું ને દુરાચારી બન્યા, તો લક્ષ્મી તેમની પાસેથી ચાલી ગઈ.

૮૪. श्रियः कुर्यात्पलायिन्या बन्धाय गुणसंग्रहम् ।
दैत्यांस्त्यक्त्वा श्रिता देवा निर्गुणान्सगुणाः श्रिया ॥

ગુણો ગાંઠે બાંધવા, ચલા લક્ષ્મીને બાંધવા.
શ્રી થઈ ગુણી દેવોની નિર્ગુણી દૈત્યોને ત્યજી.

પલાયનશીલ - ચંચળ લક્ષ્મીના બંધન માટે ગુણનો સંગ્રહ કરવો જોઈએ. ગુણવિહીન દૈત્યોને છોડીને લક્ષ્મીએ ગુણવાન દેવોનો આશ્રય લીધો હતો.

લક્ષ્મીને બાંધવા એટલે કે પોતાને હસ્તક કરવા ગુણોનો સંગ્રહ કરવો જોઈએ.

અહીં 'ગુણ' શબ્દમાં શ્લેષ છે. ગુણનો એક અર્થ છે દોરી, ને બીજો અર્થ છે - જે તે વ્યક્તિગત વિશેષ ધર્મો. જેમ દોરી વડે કંઈ પણ બાંધી શકાય છે તેમ ચંચળ લક્ષ્મીને બાંધવા માટે ગુણ એટલે કે સદ્‌ગુણોની જરૂર છે.

શીલવાન, સદાચારી, પરોપકારી, દયાળુ વ્યક્તિ પાસે લક્ષ્મી રહે છે. કૌરવો પાસે વિશાળ રાજ્ય હતું, છતાં પાંડવોસમું ઐશ્વર્ય ન હતું. દાનવો ગુણહીન થયા, તેથી તેમનું ઐશ્વર્ય શીલસંપન્ન અને ગુણવાન દેવો પાસે ચાલ્યું ગયું.

૮૫. पदाग्निं गां गुरुं देवं न चोच्छिष्टः स्पृशेद् घृतम् ।
दानवानां विनष्टा श्रीरुच्छिष्टस्पृष्टसर्पिषाम् ॥

અગ્નિ ગો ગુરુ દેવને ન સ્પર્શો એંઠા હસ્તે ઘી.
થઈ નષ્ટ દાનવશ્રી સ્પર્શીને એંઠા હસ્તે ઘી.

અગ્નિ, ગાય, ગુરુ અને દેવને પગ વડે (સ્પર્શ ન કરાય) તથા એંઠા હાથે ઘીનો સ્પર્શ ન થાય. એંઠા હાથે ઘીનો સ્પર્શ કરવાથી દાનવોની લક્ષ્મી નાશ પામી હતી.

જેને માટે શ્રદ્ધા હોય એવી પવિત્ર વસ્તુ કે વ્યક્તિને પગથી સ્પર્શ ન કરાય. વાસ્તવમાં તો કોઈપણ ચીજને પગ ન લગાડાય. હરેક ચીજવસ્તુ કે વ્યક્તિનું આગવું મહત્ત્વ ને ઉપયોગ હોય છે.

ધર્મશાસ્ત્ર અનુસાર અગ્નિ, ગાય, ગુરુને પગથી સ્પર્શ ન કરાય, કેમ કે તે પૂજ્ય છે. પગ લગાડવો કે ઠોકર મારવી તે પાપતુલ્ય ગણાય. તે રીતે તેમનું અપમાન ન કરાય. તેમાં પૂજ્ય વ્યક્તિ કે વસ્તુની સાથે આપણા ધર્મને પણ લાંછન લાગે.

એંઠા હાથે કંઈપણ લઈએ તો તે અપવિત્ર બને અને અપવિત્રતા હોય ત્યાં શોભા - લક્ષ્મી - ન રહે. માટે કહ્યું છે કે, એંઠા હાથે ઘીનો સ્પર્શ કરવાથી દાનવોની લક્ષ્મી નાશ પામી હતી.

૮૬. प्रतिलोमविवाहेषु न कुर्यादुन्नतिस्पृहाम् ।
ययातिः शुक्रकन्यायां सस्पृहो म्लेच्छतां गतः ॥

ઉન્નતિની સ્પૃહા ના હો પ્રતિલોમ વિવાહમાં.
શુક્રકન્યાને ઈચ્છીને પામ્યો યયાતિ મ્લેચ્છતા.

પ્રતિલોમ વિવાહને વિશે ઉન્નતિની સ્પૃહા રાખવી જોઈએ નહીં. શુક્રાચાર્યની કન્યાને વિશે સ્પૃહા રાખતો યયાતિ મ્લેચ્છતા પામ્યો હતો.

ઉચ્ચ વર્ણની કન્યા ને નીચ વર્ણના વરનો વિવાહ પ્રતિલોમ વિવાહ કહેવાય. તેનાથી વંશ કે યશની ઉન્નતિની આશા ન રખાય. વિવાહ તો ધર્મનું બંધન છે. ગૃહસ્થાશ્રમના પાલન સારુ, સંતાનપ્રાપ્તિ તથા સદ્‌ગતિ પામવાને માટે વિવાહ કરાય છે. વાસનાથી થયેલ વિવાહમાં પવિત્રતા જળવાતી નથી.

શુક્રાચાર્યની કન્યા દેવયાનીએ રાજા યયાતિ સાથે વિવાહ કર્યો તે પ્રતિલોમ પ્રકારનો હતો. જો કે, શુક્રાચાર્યે રાજાને પોતાની કન્યા આપતાં

કહ્યું હતું કે, આ પ્રતિલોમ વિવાહથી તને કોઈ દોષ નહીં લાગે.

८७. रूपार्थकुलविद्यादिहीनं नोपहसेन्नरम् ।
हसन्तमशपन्नन्दी रावणं वानराननः ॥

રૂપાર્થકુલવિદ્યા ના, તે નરને હસવો ના.
શાપ પામ્યો રાવણ જે હસી નન્દી-કપિમુખ.

રૂપ, અર્થ, કુળ, વિદ્યા વગેરેથી રહિત માણસની મશ્કરી કરવી ન જોઈએ. વાનરના મુખવાળા નન્દીએ (તેની) મશ્કરી કરતા રાવણને શાપ આપ્યો હતો.

અભિમાનથી પ્રેરાઈ રૂપ, દ્રવ્ય, કુળ કે વિદ્યાથી વિહીન કોઈની પણ હાંસી થાય નહીં, કેમ કે, તે સર્વ બાબતો કંઈ મહાનતા આપનારી નથી. પરંતુ જે મનુષ્ય ગુણવાન હોય ને છતાં કુરૂપ હોય તો પણ તે યશ પામે છે. તે અગર ગરીબ હોય તો પણ માન પામે છે. વિદ્યાહીન હોય તો પણ પૂજાય છે. આગળ પણ જણાવાયું છે જ કે, ગુણો પૂજાને કે માનને પાત્ર છે, જાતિ વગેરે નહીં.

એકવાર રાવણ કુબેરને પરાસ્ત કરી પુષ્પક વિમાન પર આરૂઢ થઈ કૈલાસ ગયો. ત્યાં તેણે શિવપાર્ષદ નંદીનું વાનરમુખ જોઈ તેનો ઉપહાસ કર્યો, તો નંદીએ ગુસ્સે થઈ શાપ આપ્યો કે મારા જેવા વાનરો વડે જ તમે પરાજિત થશો. તમારો ને તમારા સમગ્ર કુળનો નાશ થશે.

આમ, તેમને પોતે કરેલ બૂરા કર્મનું અશુભ ફળ ભોગવવું પડ્યું.

८८. बन्धूनां वारयेद्वैरं नैकपक्षाश्रयो भवेत् ।
कुरुपाण्डवसङ्ग्रामे युयुधे न हलायुधः ॥

બાંધવ-વેર રોકવું, એક પક્ષના ના થવું.
કુરુ-પાંડવ-યુદ્ધમાં લડ્યા નહીં હલાયુધ.

બાંધવો વચ્ચેના વેરને અટકાવવું જોઈએ. (પરંતુ) એક પક્ષનો આશ્રય લેવો જોઈએ નહીં. કૌરવ-પાંડવ-સંગ્રામમાં બલરામ લડ્યા ન હતા.

ભાઈઓ વચ્ચે નિઃસ્વાર્થ પ્રેમની ભાવના હોય, તે સ્વાભાવિક છે. ભાઈઓ વચ્ચેનો મનમેળ ઘર, કુટુંબ, ગામ, દેશ સૌને સુખી કરે. કોઈ કારણવશાત્ ભાઈઓ વચ્ચે તાર તૂટે તો બને ત્યાં સુધી મનમેળ કરાવવા કોશિશ કરવી જોઈએ. મનમેળ ન થઈ શકે તો પણ તેમની દુશ્મની વધે તેવો પ્રયત્ન તો ન જ કરવો. કોઈ એકનો પક્ષ લઈ તેમને લડાવવામાં ધર્મ નથી.

રાજ્યના હેતુથી કૌરવ-પાંડવ ભાઈઓ પરસ્પર લડવા લાગ્યા. તે બન્ને બલરામ પાસે ગયા. બલરામે તેમને યુદ્ધ ન કરવા સમજાવ્યું પરંતુ જ્યારે તેઓ ન માન્યા તો તેમણે છેક સુધી કોઈને સાથ ન આપ્યો. પોતે યુદ્ધથી તદ્દન અલિપ્ત જ રહ્યા. દુર્યોધન અને ભીમ બન્ને બલરામના શિષ્યો હતા, તેથી તેમની વચ્ચે યુદ્ધ થાય તે તેમને પસંદ ન હતું. તેથી તેઓ યુદ્ધથી વિમુખ રહ્યા.

८९. परोपकारं संसारसारं कुर्वीत सत्त्ववान् ।
निदधे भगवान्बुद्धः सर्वसत्त्वोद्धृतौ धियम् ॥

પાડ સંસારનો સાર સત્ત્વશીલ તે આચરે.
બુદ્ધે રાખી જયમ બુદ્ધિ જીવમાત્રના ઉદ્ધારે.

સત્ત્વશીલ મનુષ્યે સંસારના સારરૂપ પરોપકાર કરવો જોઈએ. ભગવાન બુદ્ધે બધા જ પ્રાણીઓના ઉદ્ધાર માટે નિશ્ચય કર્યો હતો.

સંસાર અસાર છે, તેમ છતાં તે સંસારમાં ય સારભૂત છે પરોપકાર. અન્યને વિશે ઉપકાર કરવો જોઈએ. શાસ્ત્રવચન છે કે, સદાચારી ને સજ્જન પુરુષ સર્વથા પરોપકાર માટે જ હોય છે. નદી-વૃક્ષ પણ પરોપકારનું વ્રત આચરે છે. સજ્જન પુરુષ સહનશીલ અને પરોપકારી હોય છે.

ભગવાન બુદ્ધ કહેતા કે, પરોપકારથી, બીજા ઉપર દયા લાવવાથી મોક્ષપ્રાપ્તિ થાય છે. સૌ પ્રત્યે માનબુદ્ધિ તથા સૌને ઉપયોગી બનવાની ભાવના સેવવી જોઈએ.

९०. बिभृयाद्बन्धुमधनं मित्रं त्रायेत दुर्गतम् ।
बन्धुमित्रोपजीव्योऽभूदर्थिकल्पद्रुमो बलिः ॥

બન્ધુ-નિર્ધન પાળવો, મિત્ર-દુર્ગત તારવો.
બન્ધુમિત્રાધાર બલિ અર્થિ-કલ્પદ્રુમ બન્યો.

ધનહીન (ગરીબ) ભાઈનું ભરણપોષણ કરવું જોઈએ, દુર્ગતિમાં પડેલ મિત્રને ઉગારવો જોઈએ - બચાવવો જોઈએ. બંધુ અને મિત્રના આશ્રયરૂપ બલિ યાચક માટે કલ્પવૃક્ષસમા બન્યા હતા.

ભાઈ, મિત્ર વગેરેને મદદરૂપ બનવું જોઈએ. ગરીબ ભાઈનું ભરણપોષણ કરવું, ભોજન - વસ્ત્ર દેવાં, સૌ સાથે હળીમળી રહેવાની ભાવના રાખવી, તેમની પીડાને પોતાની પીડા સમજવી. એ જ રીતે, આપત્તિમાં ફસાયેલ મિત્રને પણ મદદ કરવી, તેનું દુઃખ દૂર કરવું એ આપણી ફરજ છે.

તેનાથી સત્કાર્ય કર્યાના સંતોષ ઉપરાંત, કીર્તિ વધે, ધર્મ તથા સત્યનો મહિમા વધે.

બલિરાજાનો પોતાના ભાઈ, મિત્રો વગેરે સાથેનો વ્યવહાર આ પ્રકારનો હતો. સૌના સુખમાં તે પોતાનું સુખ જોતા. સૌ કોઈની ઈચ્છા પૂર્ણ કરવા તે સદાય તત્પર રહેતા. આથી જ તેઓ કલ્પવૃક્ષ સમાન ગણાયા.

९१. न कुर्यादभिचारोग्रवध्यादिकुहकाः क्रियाः ।
लक्ष्मणेनेन्द्रजित्कृत्याद्यभिचारमयो हतः ॥

ન કરો કુહકક્રિયા અભિચાર-વધાદિની.
લક્ષ્મણે હણ્યો ઈન્દ્રજિત્ કૃત્યાભિચાર જે કરે.

અભિચારને લીધે ઉગ્ર બનેલ મારણપ્રયોગ જેવી નિન્દ્ય ક્રિયાઓ ન કરવી. કૃત્યા વગેરે અભિચારપ્રયોગ કરનાર ઈન્દ્રજિત્ લક્ષ્મણ વડે હણાયો.

દુશ્મનનો વધ કરવા છળકપટ આચરવું જોઈએ નહીં. તથા તન્ત્રમન્ત્રનો પ્રયોગ કરવો નહીં. દંડ્ય વ્યક્તિ - જે સમગ્ર સમાજનો

શત્રુ છે, તેનો વધ પણ શક્તિથી કરાય, કપટયુક્તિ કે તન્ત્રમન્ત્રથી નહીં.

રામરાવણયુદ્ધપ્રસંગે ઈન્દ્રજિત્ અને લક્ષ્મણ વચ્ચે બરાબર યુદ્ધ જામ્યું હતું. ઈન્દ્રજિત્ પરમ વીર હતો તો લક્ષ્મણ પણ પરાક્રમી ને શક્તિશાળી હતો. અસ્ત્રશસ્ત્રથી તો કોઈ કોઈને જીતી શકે તેમ જણાતું ન હતું. ઈન્દ્રને ય જીતનાર ઈન્દ્રજિત્ પોતાનાં શસ્ત્રાસ્ત્રને અભિમંત્રિત કરીને તેનો પ્રયોગ કરતો. તે કૃત્યા, કુહકક્રિયા, મારણ આદિ અનેક પ્રકારે તાંત્રિક પ્રયોગ કરતો ને રાક્ષસ હોઈ માયાનો પણ પ્રયોગ કરતો. છતાં, અન્તે તે લક્ષ્મણ દ્વારા ઐન્દ્રાસ્ત્ર વડે હણાયો.

९२. ब्रह्मचारी गृहस्थः स्याद्वानप्रस्थो यतिः क्रमात् ।
आश्रमादाश्रमं याता ययातिप्रमुखा नृपाः ॥

બ્રહ્મચારી ગૃહસ્થ થૈ વાનપ્રસ્થ યતિ ક્રમે.
ગયા આશ્રમે આશ્રમે યયાતિ આદિ રાજવી.

બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ ને યતિ - એમ ક્રમ પ્રમાણે બનવું જોઈએ (= ચારે આશ્રમનું પાલન નિયમાનુસાર કરવું જોઈએ) યયાતિ વગેરે રાજાઓ (ક્રમપૂર્વક) આશ્રમમાંથી આશ્રમમાં (= એક પછી એક આશ્રમમાં) ગયા હતા.

માનવજીવન બાળપણ, યુવાની, પ્રૌઢાવસ્થા ને વૃદ્ધત્વ એ ચાર વિભાગમાં વહેંચાયેલું છે. સુખી થવા સારુ તથા ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપી ચાર પુરુષાર્થોની પ્રાપ્તિ અર્થે બ્રહ્મચર્ય વગેરે ચાર આશ્રમોની રચના કરાઈ છે.

પાંચ વર્ષથી માંડીને પચીસ વર્ષ સુધી ગુરુ પાસે જઈ, ગુરુની આજ્ઞામાં રહી વિદ્યા મેળવવી તે બ્રહ્મચર્યાશ્રમ. વિદ્યાપ્રાપ્તિ બાદ વિવાહ કરી ગૃહસ્થધર્મ અદા કરવો તે ગૃહસ્થાશ્રમ. તે પછી સંતાનોને કાર્યધુરા સોંપી પત્નીસાથે વનગમન કરી ઈન્દ્રિયસંયમ સાથે ભગવદ્ભજન કરવું તે વાનપ્રસ્થાશ્રમ અને સઘળું ત્યજી અન્તે બ્રહ્મમાં લીન થવું તે સંન્યસ્તાશ્રમ. આ ચાર આશ્રમોના પાલનથી ચતુર્વિધ પુરુષાર્થ ફળે છે. એ જ જીવનનું લક્ષ્ય છે.

યયાતિ વગેરે રાજાઓએ આ ચારેય આશ્રમોનું ક્રમશઃ પાલન કર્યું હતું.

૯૩ कुर्याद् व्ययं स्वहस्तेन प्रभूतधनसंपदाम् ।
अगस्त्यभुक्ते वातापौ कोषस्यान्यैः कृतो व्ययः ॥

સ્વહસ્તે કરવો વ્યય, પુષ્કળ ધનસંપદા.
અગસ્ત્ય-ભક્ષ્ય વાતાપિ થતાં, કોષ ખર્ચે બીજા.

પુષ્કળ ધનસંપત્તિ પોતાના હાથે જ વાપરવી જોઈએ.
(તેમ ન કરવાથી) વાતાપિને જ્યારે અગસ્ત્ય ગળી ગયા
ત્યારે, બીજાઓએ (તેના) ખજાનાનો વ્યય કર્યો.

ધનસંપત્તિનો યથાયોગ્ય ઉપયોગ કરવો જોઈએ. મિથ્યા સંગ્રહની વૃત્તિ સારી નહીં. પોતે જો ધનનો ઉપયોગ ન કરે તો તેના ધનને કોઈ બીજો જ પડાવી લે છે. જેમ કે, વાતાપિ અસુરના ખજાનાનું થયું હતું તેમ.

વાતાપિ નામે અસુર ઈલ્વલનો નાનો ભાઈ હતો. આ બન્ને ભાઈઓના ગર્વનું ખંડન અગસ્ત્યે કર્યું હતું.

કથાપ્રસંગ મુજબ ઈલ્વલે ઈન્દ્રતુલ્ય પુત્રપ્રાપ્તિ માટે એક ઋષિ સમક્ષ યાચના કરી. તેનો અસ્વીકાર થતાં, તે બ્રાહ્મણો પ્રત્યે દ્વેષબુદ્ધિથી પ્રેરાઈ બદલો લેવા પ્રવૃત્ત થયો. આ માટે પહેલાં તો તે જે તે બ્રાહ્મણનો આદરપૂર્વક અતિથિસત્કાર કરી તેને મેષરૂપધારી વાતાપિને જ ભક્ષ્યરૂપે ખવડાવી દેતો ને પછી વાતાપિને બૂમ પાડી બોલાવતાં, તે શરીર ભેદીને બહાર આવતો ને તે બ્રાહ્મણ મૃત્યુને શરણ થતો.

હવે એક વાર અગસ્ત્ય ઋષિ દ્રવ્યપ્રાપ્તિના આશયથી જ્યારે ઈલ્વલ પાસે આવ્યા ત્યારે ઈલ્વલે તેમને પણ તે જ પ્રકારે કપટથી સત્કાર્યા પરંતુ તેના કપટને જાણી ગયેલ ઋષિએ ભક્ષ્યનું ભોજન કર્યા બાદ તેને ઉદરમાં જ પચાવી દીધું ત્યારે ઈલ્વલે અગસ્ત્ય પાસે પ્રાણદાનની યાચના કરી. આથી અગસ્ત્યે અભય આપ્યું પણ દ્રવ્યાર્થી એવા પોતાને અન્ય રાજાઓ સહિત દ્રવ્ય આપવા જણાવ્યું હતું.

મહાભારતમાં ઉપર મુજબની કથા છે પરંતુ રામાયણમાં જણાવ્યા

પ્રમાણે અગસ્ત્યે વાતાપિને પેટમાં જ પચાવી દીધો અને ઈલ્વલ ક્રોધિત થતાં તેને ય દૃષ્ટિથી ભસ્મ કર્યો.

૯૪. जन्मावधि न तत्कुर्यादन्ते संतापकारि यत् ।
सस्मारैकशिरः शेषः सीताक्लेशं दशाननः ॥

જીવનભર ના કરો, અન્તે સન્તાપકારી જે.
એકશીશ થૈ રાવણ સીતાક્લેશ સ્મરી રહ્યો.

જે અન્તે સંતાપ કરાવનારું હોય તે (કાર્ય) જીવનભર (કદાપિ) ન કરવું. એક જ મસ્તક બાકી રહ્યું છે તેવો રાવણ સીતાના (અપહરણથી થયેલ) દુઃખને (હંમેશાં) યાદ કરતો રહ્યો. (અર્થાત્, તેને તે ભૂલી શક્યો નહીં).

સજ્જનોને કષ્ટ થાય તેવું કામ ન કરવું. મન, વચન ને કર્મથી સૌનું હિત જ આચરવું. સજ્જન તો સ્વભાવથી જ મૈત્રીપૂર્ણ હોય છે, કોમળ હૃદયના હોય છે. તે કદી કોઈને શત્રુ માનતા નથી. છતાં દુરાચારી લોકો તેમની સાથે ગેરવર્તાવ કરે છે ને નાશ પામે છે.જેમ કે, સતી સીતાનું અપહરણ કરી રાવણે તેને ક્લેશ પહોંચાડ્યો અને પોતે સર્વનાશ વહોર્યો.

૯૫. जराशुभ्रेषु केशेषु तपोवनरुचिर्भवेत् ।
अन्ते वनं ययुर्धीराः कुरुपूर्वा महीभुजः ॥

ઘડપણે શ્વેતકેશે રાખો તપોવને રુચિ.
કુરુ આદિ ધીર નૃપો ગયા અન્તે વન પ્રતિ.

વૃદ્ધત્વને લીધે વાળ ધોળા થતાં, તપોવનમાં જવાની ઈચ્છા કરવી જોઈએ. કુરુ વગેરે ધૈર્યવાન રાજાઓ અન્તે વનમાં ગયા હતા.

વૃદ્ધત્વમાં ઈન્દ્રિયો શિથિલ થાય છે ને કેશ ધોળા થાય છે. આ સમયે ઈચ્છાઓ પૂર્ણ થતાં, ઘર-ગૃહસ્થના ધર્મો પુત્રોને સોંપી, મોક્ષની ઈચ્છાથી સંન્યાસ લઈ તપોવનમાં જવું જોઈએ. ઘરમાં રહી મોહ છૂટી ન શકે, જે ઈશ્વરપ્રાપ્તિમાં બાધારૂપ બને. તેથી જ વનમાં રહેવા જવું જોઈએ.

કુરુ વગેરે પ્રાચીન રાજાઓ પણ વિશાળ ને સમૃદ્ધ સામ્રાજ્યનો ત્યાગ કરી વનમાં ગયા હતા.

૯૬. पुनर्जन्मजराच्छेदकोविदः स्याद्वयक्षये ।
विदुरेण पुनर्जन्मबीजं ज्ञानानले हुतम् ॥

વય વધ્યે શાણા થવું, જન્મ-જરાને ટાળવા.
પુનર્જન્મ-બીજ હોમ્યું વિદુરે તો જ્ઞાનાગ્નિમાં.

ઉંમર વધતાં, પુનર્જન્મ ને વૃદ્ધત્વનો છેદ ઉડાડવામાં કુશળ બનવું જોઈએ. વિદુરે પુનર્જન્મરૂપી બીજ જ્ઞાનરૂપી અગ્નિમાં હોમી દીધું હતું.

ભગવદ્-ઉપાસનાથી જ્ઞાનપ્રાપ્તિ થાય છે; ને માયામોહનો નાશ થાય છે. જ્ઞાન થકી જ સઘળું ઈશ્વરમય બની રહે છે ને તે દ્વારા મોક્ષ પમાય છે.

વિદુર ધર્માત્મા હતા ને પરમજ્ઞાની પણ. તેમણે જ્ઞાનપ્રાપ્તિ દ્વારા પુનર્જન્મમાંથી મુક્તિ મેળવી હતી.

૯૭. परमात्मानमन्तेऽन्तर्ज्योतिः पश्येत्सनातनम् ।
तत्प्राप्त्या योगिनो जाताः शुकशान्तनवादयः ॥

અન્તે જોવા પરમાત્મા, અંતર્જ્યોતિ-સનાતન.
તેને પામી થયા યોગી શુકશાંતનુ આદિ જે.

અન્તકાળે, સનાતન જ્યોતિરૂપ પરમાત્માનાં અંતરમાં દર્શન કરવાં જોઈએ, તેમની પ્રાપ્તિથી શુક, શાંતનુ - ભીષ્મ વગેરે યોગીઓ બન્યા હતા.

મૃત્યુસમયે જ્ઞાનસ્વરૂપ પરમાત્માની જ્યોતિનું ધ્યાન કરવું જોઈએ. પરમાત્મા જ્ઞાનમય-પ્રકાશમય છે, નિર્ગુણ - નિરાકાર છે.

સદાસર્વદા જીવનભર સદાચારી બની સદ્ધર્મનું પાલન કરવાથી અન્તકાળે પરમાત્માની જ્યોતિનાં દર્શન થાય છે.

વ્યાસપુત્ર શુકદેવ જન્મથી જ વીતરાગ હતા. વનમાં જઈ તપસ્વી બન્યા હતા. તેઓ સદા ભગવદ્ભજનમાં જ રમમાણ રહેતા.

શાંતનુ એટલે શંતનુના પુત્ર ભીષ્મ દૃઢપ્રતિજ્ઞ હતા. સદાચારી ને બ્રહ્મચારી હતા. તેઓ અન્તે મોક્ષ પામ્યા હતા.

૯૮. प्राप्तावधिरजीवेऽपि जीवेत्सुकृतसंततिः ।
जीवन्त्यद्यापि मांधातृमुखाः कार्ययशोमयैः ॥

પ્રાપ્તકાળે મર્યા છતાં, પુણ્યકાર્યો તો જીવતાં.
માંધાતાદિ હજી જીવે, કીર્તિ કેરા શરીરથી.

અવધિ પ્રાપ્ત થતાં (મૃત્યુ પછી), જીવ ન રહે તો પણ અનેક પુણ્યકાર્યો તો જીવે જ છે. માંધાતા વગેરે (રાજાઓ) (પોતાના) યશરૂપી શરીર વડે આજે પણ જીવે છે.

મનુષ્યે એવાં કર્મો કરવાં જોઈએ કે મૃત્યુ બાદ પણ તેની સુવાસ ફેલાતી રહે.

પાણીના પરપોટા સમાન ક્ષણભંગુર જીવન સાથે મૃત્યુ અનિવાર્યપણે જોડાયેલું છે. જે જન્મે છે તે અવશ્ય મરે જ છે. તેથી શીલ, સદાચાર, ધર્મનું આચરણ કરતા રહેવું, જે યશ અપાવે. પળે પળે સદાચારને વિશે જ પ્રવૃત્ત રહેવું જોઈએ.

માંધાતા વગેરે રાજાઓ યશસ્વી હોઈને મૃત્યુ પછી પણ અમર થઈ ગયા.

માંધાતા અયોધ્યાનો ઈક્ષ્વાકુવંશીય રાજા હતો, તે શૂરવીર, દાનવીર ને ધર્માત્મા સમ્રાટ હતો.

૯૯. अन्ते सन्तोषदं विष्णुं स्मरेद्धन्तारमापदाम् ।
शरतल्पगतो भीष्मः सस्मार गरुडध्वजम् ॥

અન્તે સ્મરવા વિષ્ણુને સંતોષ દે, આપદ્ હરે.
ભીષ્મે સ્મર્યા'તા વિષ્ણુને બાણશય્યા પર રહ્યે.

અન્તે (= અન્તકાળે), સંતોષ આપનાર તથા આપત્તિઓનો નાશ કરનાર વિષ્ણુનું સ્મરણ કરવું જોઈએ. બાણશય્યા પર રહેલા ભીષ્મે ગરુડધ્વજ (= વિષ્ણુ)નું સ્મરણ કર્યું હતું.

અન્તસમયે વિપત્તિનો નાશ કરનાર અને શાન્તિ આપનાર વિષ્ણુનું ધ્યાન કરવું જોઈએ.

તુલસીદાસે કહ્યું છે —

જનમત મરત દુઃસહ દુઃખ હોઈ.

તે મુજબ જન્મતાં ને મૃત્યુ પામતાં અત્યંત કષ્ટ થાય છે. તેથી, કષ્ટ દૂર કરવા સારુ, શાન્તિથી ને સુખેથી પ્રાણત્યાગ કરવા માટે અને મૃત્યુ પછી પણ શાન્તિ મળે તે માટે વિષ્ણુનું ધ્યાન ધરવું જોઈએ.

ભીષ્મનું શરીર બાણોથી છેદાઈ ગયું ત્યારે શરશય્યા પર રહેલા તેમણે ભગવાનના સ્મરણ અને ધ્યાન થકી જ શાન્તિ મેળવી હતી.

१००. श्रव्या श्रीव्यासदासेन समासेन सतां मता ।
क्षेमेन्द्रेण विचार्येयं चारुचर्या प्रकाशिता ।।

શ્રી વ્યાસદાસ ક્ષેમેન્દ્રે કરી પ્રગટ ટૂંકમાં.
સજ્જનમાન્ય શ્રાવ્યા આ **ચારુચર્યા** મનનીયા.

શ્રી વ્યાસદાસ ક્ષેમેન્દ્રે, સંક્ષેપમાં, સજ્જનોને માન્ય, શ્રવણ કરવાયોગ્ય ને વિચારવાલાયક (મનન કરવા યોગ્ય) આ **ચારુચર્યા** પ્રકાશિત કરી છે.

ક્ષેમેન્દ્રે રચેલ આ ચારુચર્યા સંક્ષેપમાં જ રજૂ કરાઈ છે, જે સાંભળવા યોગ્ય ને વિચારવાલાયક છે.

અહીં સાંભળવું ને વિચારવું દ્વારા શ્રવણ અને મનન એ બે સોપાનો પ્રતિ નિર્દેશ છે. જો આ બે સોપાન ઉચિતતયા સિદ્ધ થાય તો ત્રીજું સોપાન નિદિધ્યાસન જરૂરથી સિદ્ધ થાય. એક વાત એ પણ છે કે, કોઈપણ બાબતનું જ્ઞાન વસ્તુતઃ જ્ઞાનરૂપ ત્યારે જ બને, જ્યારે તે આચરણનો વિષય બને.

આથી જ આ **ચારુચર્યા** સજ્જનોને માન્ય બની રહી છે.

❁